









# શ્રી ભક્તામર સ્તોત્ર સાર્થ સમેત

( ભક્તામરપૂજન )

સંપાદક : પૂ. મુનિરાજ શ્રી રત્નપ્રભવિજયજી મ. સા.
ખાનપુર, અમદાવાદ.

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ
" નમો નમઃ શ્રી ગુરુનેમિસૂરયે."

# શ્રી ભક્તામર સ્તોત્ર સાર્થ

## [ પૂજન સહિત ]

卐

: સંપાદક :

પ. પૂજ્ય આચાર્યદેવ શ્રી વિજય યશોભદ્ર-
સૂરીશ્વરજી મ. સા. ના શિષ્યરત્ન
પૂ. મુનિશ્રી રત્નપ્રભ વિજયજી મ. સા.

卐

: પ્રકાશક :

## શ્રી ખાનપુર જૈન, શ્વે. મૂ. સંઘ

અમદાવાદ.

સંવત ૨૦૩૬,
માગસર વદ-૧૦. વીર સંવત ૨૫૦૬
શ્રી પાર્શ્વનાથ જન્મ કલ્યાણકદિન

## દ્રવ્ય સહાયતા

૨૨૪૬) શ્રી ખાનપુર જૈન શ્વે. મૂ. સંઘ.

૨૩૧૦) શ્રી ખાનપુર સંઘના શ્રાવક-શ્રાવિકાઓ તરફથી

૩૫૧) પૂ. સાધ્વીજી શ્રી મણીશ્રીજી, શ્રી કેમ્પ જૈન સંઘ

---

કિંમત : ૨-૫૦

પ્રાપ્તિસ્થાન : **જસભાઈ લાલભાઇ શાહ**
રતનપોળ, શેઠની પોળ, **અમદાવાદ.**
**જયંતીલાલ કેશવલાલ શેઠ**
૨૬૭૫, વસ્તાગેલજીની પોળ, શાહપુર, **અમદાવાદ-૧.**
**સોમચંદ ડી. શાહ, પાલીતાણા.**
સુઘોષા કાર્યાલય (સૌરાષ્ટ્ર)

મુદ્રક :- નવપ્રભાત પ્રીન્ટીંગ પ્રેસ, ઘીકાંટા રોડ, અમદાવાદ-૧.
ટે. નં. ૨૦૦૧૯

# બે બોલ

અમારા **શ્રી ખાનપુરના વિશાલ સંઘમાં.** પ્રથમ જ વાર ચાતુર્માસ કરાવવાની પ્રબળ ઈચ્છા થઈ, અત્યંત આગ્રહભરી વિનંતિનો સ્વીકાર કરી, **પ. પૂ. આચાર્ય દેવ શ્રી વિજય યશોભદ્રસૂરીશ્વરજી મ. સા.** આદિ ઠાણા ચાતુર્માસાર્થે સં. ૨૦૩૫ના અષાઢ સુદ ૩ના સસ્વાગત પધાર્યા હતા. પૂ. આચાર્ય ભગવંતશ્રીના પ્રવચનોમાં સારી એવી જનમેદની ઉભરાતી હતી. પૂ. ગુરૂ ભગવંતશ્રીની પ્રેરણાથી સમુહ આયંબીલ તપ, ૯૫ અટ્ઠમ તથા પારણા, નૂતન ઉપાશ્રયનું શેઠ રાજેન્દ્રકુમારના વરદહસ્તે વિપુલ માનવ મેદની સહ ઉદ્ઘાટન થયેલ હતું. સામુદાયિક ભવ્ય સ્નાત્ર વિશાલ હાજરીમાં સુંદર રીતે, ભણાવાયું હતું. પૂ. મુનિ શ્રી રત્નપ્રભવિજયજી ની પ્રેરણાથી નવ્વાણું અભિષેકની ભવ્યપૂજા–આયંબીલ થયેલ હતા. **પૂ. આચાર્ય ભગવંતશ્રીની** પાવનકારી નિશ્રામાં પર્યુષણપર્વની રૂડી આરાધના થયેલ હતી. ૫૦ પૌષધ, ૮૦ અઠાઇ, ૧ માસ ક્ષમણ, ૪ સોલભથ્થા, ૧૦–૧૦ વિ. ઉપવાસની તપશ્ચર્યા સારા પ્રમાણમાં થઈ હતી. સંઘમાં સાધારણ ખાતાની ઉપજ સારી થઈ હતી. પૂ. આચાર્ય ભગવંતશ્રીની નિશ્રામાં પૂ. મુનિશ્રી મહાબલવિજયજી મ. તથા પૂ. મુનિશ્રી પાર્શ્વચન્દ્ર વિજયજી મ. ને ભગવતી સૂત્રના જોગ તથા **પૂ. મુનિશ્રી**

**રત્નપ્રભવિજયજી મ. ને મહાનિશિથ ના જોગની ક્રિયા** પૂ. પંન્યાસ પ્રવર શ્રી મુનિચન્દ્ર વિજયજી ગણીવર સુંદર કરાવતા હતા. ભાદરવા સુદ–૧૨ ના રવીવારે ભવ્ય ચૈત્ય પરિવાટી તથા બપોરના વીસસ્થાનક મહાપૂજન ભણાવાયું હતું. એક સદ્ગૃહસ્થ તરફથી શ્રી સિદ્ધચક્ર મહાપૂજન ભણાવાયું હતું. આસોમાસની ઓળીમાં સારી એવી આયંબીલની તપશ્ચર્યા થઇ હતી. **આસોવદ ૧ થી શ્રી ભક્તામર સ્તોત્રની સમુહભક્તિ પૂ. મુનિરાજશ્રી રત્ન પ્રભવિજયજી મ. સા સવારના ૬ાા વાગે કરાવતા હતા.** વિશાલ હોલ પણ સાંકડો પડતો હતો, ખૂબ જ સુંદર તદ્ વિષય ઉપર પ્રવચન કરતા હતા. તે ભકતામર સ્તોત્રની ભકિત તથા તેના પ્રભાવો સાંભળીને કંઇકને અનુભવેલા જાણી આવા પ્રભાવો અનેકને જાણવા અને અનુભવવા મળે એ દૃષ્ટિએ પૂ. મુનિરાજશ્રીની પ્રેરણાથી અમો આ પુસ્તકનું પ્રકાશન કરવા ઉદ્યમવંત બન્યા છીએ. વિધિકારક શ્રી જસભાઈ લાલભાઈએ તે માટે સારો સહકાર આપ્યો. પૂજન અંગેની માહિતિ આપીને અમને પ્રયત્નશીલ બનાવ્યા, શ્રી જસભાઈ લાલભાઈ આપણા જૈન ધર્મના દરેક અનુષ્ઠાનો વિધિવિધાન પૂર્વક કરાવે છે તેમણે સિદ્ધચક્ર, ઋષિમંડલ, ભક્તામર, સંતિકરં, પાર્શ્વનાથ ૧૦૮ અભિષેક, પાર્શ્વ–પદ્માવતી, અર્હદ્પૂજન, નંદ્યાવર્ત્તપૂજન, વીસસ્થાનક, શાંતિસ્નાત્ર અષ્ટોત્તરી આ વિગેરે પૂજનો ભણાવેલા છે. અને પ્રતાકારે છપાવેલ છે.

**પ. પૂ. આચાર્યદેવ વિજયયશોભદ્ર સૂરીશ્વરજી મહારાજ** આદિનું કારતક સુદ ૧૫ના કેશવલાલ મણીલાલની વિનંતિથી ૧૫૦૦ જન સમુદાય સહિત ચાતુર્માસ પરાવર્ત્તન ધ્વની ફ્લેટમાં થયેલ, પ્રવચન બાદ શ્રી સંઘપૂજન વિ. થયેલ હતું. શ્રી સંઘસહિત વાજતે ગાજતે શ્રી સિદ્ધગિરિ પટ્ટના દર્શન કર્યા હતા. પૂ. મુનિ શ્રીની પ્રેરણાથી રાજપુર-ગોમતીપુર શ્રી ચિંતામણી પાર્શ્વનાથ ભગવાનના દહેરાસરની ચૈત્યપરિપાટીમાં ૧૨૦૦ ભાઈ-બહેનોએ લાભ લીધો હતો. અને ત્યાં દરેકને નવકારશી કરાવાઈ હતી. માગસર વદ ૯-૧૦-૧૧ ના સમગ્ર શાહપુરના અઠ્ઠમ તપની આરાધના ૧૦૮ અભિષેક, વરઘોડો, સ્નાત્ર સહિત થયા હતા. તેમ એક સદ્દગૃહસ્થ તરફથી પારણાં થયાં હતા.

આ ભક્તામર-સ્તોત્રનો પ્રભાવ જગતના જીવો જાણે સમજે, અનુભવે અને બાહ્ય-આત્મિક શાંતિનો અનુભવ કરે અને અન્ય જીવોને તારક પરમાત્માની ભકિતનો માર્ગ બતલાવે એજ શુભેચ્છા. પુસ્તક પ્રકાશનમાં **પૂ. મુનિ શ્રી ચન્દ્રગુપ્ત વિજયજીએ.** પ્રુફ સંશોધન કરી આપેલ છે, શ્રી નવપ્રભાત પ્રીન્ટીંગ પ્રેસવાળા જગદીશભાઈ એ સુંદર રીતે છાપકામ કરી આપેલ છે તે બદલ તેમનો આભાર માનીએ છીએ.

**શ્રી ખાનપુર જૈન શ્વે. મૂ. સંઘ**

## શ્રી. ભક્તામર સ્તોત્રની ઉત્પત્તિ તથા પ્રેરક–પ્રભાવ

શ્રી ભક્તામર સ્તોત્ર એ નવસ્મરણમાં સાતમું સ્મરણ આવે છે આ સ્તોત્રના રચયિતા શ્રી માનતુંગ સૂરિ મહારાજા છે, પણ તે નામથી અંકિત ઘણા આચાર્ય ભગવંતો થયેલા છે. પ્રસ્તુત આચાર્ય મહારાજશ્રી નો સંબંધ આ પ્રમાણે જાણવા મલે છે.

વારાણસી નગરીમાં હર્ષદેવ નામનો રાજા હતો. એ નગરીમાં બ્રહ્મક્ષત્રિય જાતિનો ધનદેવ નામે શ્રેષ્ઠિ હતા. તેમને માનતુંગ નામે પુત્ર હતો. આ પુત્ર સંસારથી વૈરાગ્ય પામીને ચારુકીર્ત્તિ નામે દિગમ્બરાચાર્ય પાસે દિક્ષીત બન્યા. અને મહાકીર્ત્તિ તરીકે ઓળખાયા એજ નગરીમાં લક્ષ્મીધર નામે તેમના બનેવી હતા. તે ધર્માત્મા તથા દાર્શનિક ગ્રંથોને સમજનારા આસ્તિક શિરોમણી હતા. કોઈ પ્રસંગે આ માનતુંગઋષિની [ચારૂકીર્ત્તિ] આહાર લેવા માટે લક્ષ્મીધરને ઘેર પધરામણી થઈ, કોગળો કરવા માટે કમંડળમાંથી જળ લીધું, તો તેમાં નિરંતર જળ (પાણી) ભરી રાખવાથી સંમૂર્ચ્છિમ પોરા (જીવો) ઉત્પન્ન થયેલા દેખાયા, તેમની બ્હેને આ વિષય ઉપર લક્ષ્ય આપી જણાવ્યું કે વ્રતમાં, (ધર્મમાં) દયાજ સાર છે દયા વિનાનો ધર્મ ફોગટ વ્યર્થ છે. તો દયા પૂર્વકનો ધર્મ સ્વીકારો–ઇત્યાદિ વચનોથી તે માનતુંગઋષીએ ઉપકારી બહેનના વચનને સ્વીકારી શ્વેતાબર માર્ગની દીક્ષા **શ્રી જિનસિંહસૂરીશ્વરજી મહારાજ** પાસે લીધી. શાસ્ત્રોનો ગહન અભ્યાસ કરી ગીતાર્થ થયા. અને પૃથ્વી તલ ઉપર વિચરતા હતા.

ઘણાં વર્ષો પહેલાં માળવા પ્રાંતની રાજધાની **ધારા-નગરીમાં રાજા ભોજ** રાજ્ય કરતો હતો. તે બહુ જ વિદ્વાન અને ઉદાર હતો. તેના રાજ્યમાં અનેક વિદ્વાન પંડિતો વસતા હતા. રાજા તેઓને બહુ માન આપતો; એટલું જ નહિ પણ કેટલીક વખત ધર્મ ચર્ચાઓ કરી, અથવા કોઈ કોઇ ચમત્કારો બતાવવાનું કહી તેઓની શક્તિની પરીક્ષા કરતો હતો. તે અરસામાં **મયુર** અને **બાણ** નામે બે સમર્થ વિદ્વાનો ત્યાં રહેતા હતા, તેઓ સસરો જમાઈ થતા હતા. છતાં પરસ્પર વિદ્વત્તા બતાવવા બહુ જ હરિફાઈ કરતા હતા. તેથી રાજા પણ કોણ વધારે વિદ્વાન છે તે નક્કી કરી શકતો ન હતો.

એક વખત **બાણ** પંડિતને અને તેની સ્ત્રીને કોઈ કારણસર ઝગડો થયો. તેમાં સ્ત્રીને એટલો ક્રોધ ચઢયો કે બાણ પંડિત ઘણું મનાવે છતાં માને નહિ, એમ કરતાં લગભગ આખી રાત પસાર થવા આવી છતાં સ્ત્રી શાંત થતી નથી. ત્યારે અકળાઈને **બાણ** પંડિત તે સ્ત્રીના પગમાં પડી ક્ષમા માગવા લાગ્યો. ત્યારે કોપાયમાન થયેલી સ્ત્રી પોતાના પગથી **બાણ પંડિતના** મસ્તક ઉપર પ્રહાર કરવા લાગી. તેવામાં તે સ્ત્રીનો પિતા **મયુર પંડિત** જે શૌચ ક્રિયા અર્થે વહેલો ત્યાંથી પસાર થતો હતો, તેણે આ ઝગડાના થોડા ઘણા શબ્દો સાંભળ્યા. પરંતુ તે વ્યાજબી નહિ લાગવાથી બોલ્યો 'एवं मा कुरुते' (એ પ્રમાણે ન

કર ) તે વચન પુત્રીએ સાંભળ્યું અને પિતાનો સાદ ઓળખ્યો, ત્યારે તેણે વિચાર કર્યો કે જમાઈ અને પુત્રીનો કલહ પિતાએ જોવો એ તે વ્યાજબી નથી, એમ વિચારી પાનની પિચકારી નીચે ઊભેલા પિતા ઉપર છાંટી અને શ્રાપ આપ્યો. આથી **મયુર** પંડિતને જ્યાં પાનની પિચકારીના છાંટા ઉડયા ત્યાં ત્યાં કોઢ નીકળ્યો. પણ થોડા દિવસમાં તેણે સૂર્યદેવની ઉપાસના કરી કોઢ મટાડયો, આથી રાજ-સભામાં **મયુર** પંડિતની કીર્તિ પ્રસરી ત્યારે દ્વેષીલા **બાણ** પંડિતથી આ સહન ન થઈ શકયું. એટલે તેણે પણ કાંઈક ચમત્કાર બતાવવા વિચાર કર્યો. અને રાજાને કહ્યું, "હે રાજન્ ! મારા હાથ પગ કાપી નાખો, હું દેવીની ઉપાસના કરી તે પાછા સાજા કરી દઈશ" રાજાએ તેમ કર્યું. **બાણ** પંડિતે **ચંડિકાદેવીની** ઉપાસના કરી હાથ પગ સાજા કર્યાં. આવા ચમત્કારોથી **રાજા ભોજ** તથા બીજા અનેક માણસો શૈવ ધર્મની ઉપાસના કરવા લાગ્યા, અને બન્ને પંડિતોને પૂજવા લાગ્યા. એક વખત રાજસભામાં ધર્મ ચર્ચા કરતાં વાત નીકળી કે દુનિયામાં શિવ ધર્મ સિવાય બીજા બધા ધર્મોમાં ધતીંગ છે, તેમાંય જૈન ધર્મના સાધુઓ તો નકામા જ શારીરિક કષ્ટ વેઠીને પેટનું ભરણ પોષણ કરે છે. પરંતુ તેમનામાં ધર્મનો પ્રભાવ બતાવવાની કોઇ જાતની શક્તિ હોતી નથી. આથી સભામાં બેઠેલા જૈનોને આવું અપમાન સહન ન થવાથી બહુ લાગી આવ્યું, તેથી તેઓએ આ વાત પરમ

પ્રભાવિક પૂ. ગુરૂશ્રી **માનતુંગાચાર્ય**ને કરી. ત્યારે પૂ. આચાર્યજીએ જણાવ્યું કે જૈન "સાધુઓ આત્મ કલ્યાણ તરફ જ દૃષ્ટિ રાખે છે." તેથી મંત્ર તંત્રાદિ વડે કોઈને કષ્ટ આપવાનું ઉચિત સમજતા નથી. છતાં જો રાજાને તે વિષે જાણવું જ હોય તો ખુશીથી તેમ બની શકશે." જૈનોએ રાજાને આ વાત કરી, રાજાને પણ જૈન ધર્મનો મહિમા જોવાની ઈચ્છા થવાથી સન્માન સહિત પૂ. **શ્રી માનતુંગાચાર્ય**ને રાજસભામાં બોલાવ્યા, ત્યારે પૂ. આચાર્યજીની ઈચ્છાથી રાજાએ હાથ પગમાં મજબુત લોખંડની ૪૪ બેડીઓ પહેરાવી અને એક અંધારા ઉંડા ભોંયરામાં પૂર્યા, ઉપરાંત ભોંયરાને મજબુત તાળાં લગાવી બહાર ચોકી પહેરાનો બરાબર બંદોબસ્ત કર્યો.

પૂ. આચાર્યશ્રીએ ભોંયરામાં **શ્રીઆદીનાથ તીર્થંકરની** સ્તુતિનો આરંભ કર્યો, અને જેમ જેમ સ્તુતિના છંદો રચતા ગયા તેમ તેમ તેમની અપાર ભક્તિના પ્રભાવથી બેડીના બંધનો તુટવા લાગ્યા. બહાર ભોંયરામાં પણ લોખંડી તાળાં તુટી ગયાં. અને હાથમાં બેડીઓ સહિત આચાર્યશ્રી રાજસભામાં આવ્યા. અને કહ્યું, "હે રાજન! આ આખા નગરમાં જે કોઈ સમર્થ પંડિત હોય તેમને બોલાવો અને તેમની વિદ્યાના બળથી આ મારા હાથનું બંધન તોડાવી આપો."

આ સાંભળી રાજાએ **મયુર, બાણ,** વિગેરે અનેક પંડિતોને તે બંધનો તોડવા માટે કહ્યું. ત્યારે રાજાની

આજ્ઞાથી તેઓએ પોતાની વિદ્યાનું બળ અજમાવવા માંડયું, પરંતુ કોઇ બેડીનાં બંધન નહિ તોડી શકવાથી બહુ જ શરમીંદા પડી ગયા. ત્યારે રાજાની વિનંતિથી પૂ. આચાર્યજીએ પોતાના સ્તોત્રનો છેલ્લો શ્લોક રચ્યો કે તરત જ એ બધાં બંધનો તુટી ગયાં આથી રાજા બહુ જ આશ્ચર્ય પામ્યો. એટલું જ નહિ પરંતુ જૈન ધર્મના રહસ્યને જાણવા માટે ઉત્સુક થયો. ત્યાં પૂ. **આચાર્યજીએ** કહ્યું-કે **"હે રાજન્ ! જેઓ બીજાને ઠગવા અને મુગ્ધ કરવા પોતાની માયાજાળ દ્વારા આશ્ચર્યકારી વાતો બતાવી ભારે અભિમાન દાખવે છે, તેઓ જ ખરેખરી કસોટીનો પ્રસંગ આવતાં પાછા પડે છે. માટે આવા ચમત્કારોથી ધર્મની કસોટી થતી નથી, પરંતુ તેના સિદ્ધાંતોને સમજવાથી તથા ધર્મની પ્રરૂપણા કરનાર વીતરાગ દેવની નિઃસ્વાર્થ ભાવના જાણવાથી જ ધર્મને સમજી શકાય છે."** આ ઉપદેશની રાજા ઉપર ઘણી સારી અસર થઈ અને ત્યારથી આ સ્તોત્ર વિશેષ પ્રચારમાં આવ્યું.

પહેલાના વખતમાં પણ શ્રી ભક્તામર સ્તોત્રનો પાઠ વહેલી પ્રભાતે સમુહમાં થતો હતો ન્યાયવિશારદ **પ. પૂ. ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મહારાજ** જ્યારે પાંચ વરસની નાની ઉંમરના હતા. ત્યારે તેઓ તેમની માતાજી સાથે ઉપાશ્રયમાં ( રાજનગરના ) સમુહ ભક્તિરુપ ભક્તામર સ્તોત્ર સાંભળતા હતા. માતાજીને પ્રતિજ્ઞા હતી કે શ્રી

ભક્તામર સ્તોત્રનો પાઠ ન સાંભળું ત્યાં સુધી અન્ન-પાણી લેવાં નહિં. ભક્તની કસોટી થાય અથવા ઉંચા પદાર્થની ઉંચત્તર વ્યક્તિઓની, મહાપુરુષોની કસોટી થાય, હલકા-તુચ્છ પદાર્થોની કસોટી થતી નથી, સુવર્ણને જ કસોટીએ આવવું પડે છે, લોઢાને તો નહિં ? અચાનક વરસાદની રેલી શરૂ થઈ, ધોધમાર વરસાદના કારણે ઉપાશ્રયે જઈ ના શકાયું, ત્રણ દિવસના ઉપવાસ થયા, માતા દાતણ-પાણી કરતા નથી. નાનું બાલક (જશવંત કનોડા ગામનાં) વ્હાલથી મા, મા તું કેમ દાતણ કરતી નથી. માતાએ વાત્સલ્ય પૂર્વક કહ્યું-કે બેટા, ભક્તામર સ્તોત્ર ન સાંભળું ત્યાં સુધી મુખમાં પાણી પણ નહિં મૂકું-દીકરો તેજસ્વી દીપક તુલ્ય હતો. તુરત કહે....મા તું સાંભળ હું બોલું છું. પાંચ વરસની નાની ઉંમરના બાળકે રાગબદ્ધ ભક્તામરની સંપૂર્ણ ૪૪ ગાથાઓ સંભળાવી, માતાને આશ્ચર્ય થયું કે-આ મારૂં રતન છૂપુ છે પણ ખૂબ તેજસ્વી, ઝળહળ તેજના લીસોટા કરતાં વધુ દેદીપ્યમાન છે જે બાળક તે જ આપણા શ્રી સંઘના મહાન ઉપકારી, **અજોડ ન્યાય વિશારદ, જ્ઞાનમૂર્તિ પ. પૂ. ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મહારાજા—**

શ્રી ભક્તામર સ્તોત્રને સવારમાં સાંભળવાથી બોલવાથી, રટણ કરવાથી આખો દિવસ શાંતિમય, ક્લેશરહિત, અને આનંદ પૂર્વક જાય છે, દુન્યવી ઉપાધીઓ દૂર થતાંની સાથે અંતરના ક્રોધાદિ પણ શમે છે, શાંત બને છે.

આ ભક્તામર સ્તોત્રની દરેક ગાથાઓ-મંત્રો-ઋદ્ધિ મંત્રો સંસારથી અલિપ્ત બનાવનાર છે તેમ આધિ-વ્યાધિ ઉપાધિનો નાશ કરનાર છે. [ ઋદ્ધિમંત્રો તો યોગી પુરુષો સાધી શકે છે. ] કંઈક દાખલાઓ છે કે આ અપૂર્વ પ્રભાવશાલી ગાથાઓના બલે નિઃસંતાનને સંતાન, નિર્ધનને ધન, રોગી નિરોગી બન્યા, અવિવાહિતનો પ્રશ્નો દૂર થયા. તથા મૂર્ખ વિદ્યાર્થીઓ સારો અભ્યાસ કરી સરસ્વતીની કૃપા મેળવતા થયાં, પથ્થરોના, લાકડીના મારનારા પણ થંભી ગયા એવા આજે આ ભૌતિક કાલમાં-વિષમ સમયમાં પણ પ્રસંગો જોવા મલે છે. વિઘ્ન-સંકટ આવનાર હોય તો અગાઉથી કંઇક લાલબત્તી મલે, તેવા અપૂર્વ પ્રભાવો આ ભક્તામર સ્તોત્રની ભક્તિમાં સમાયેલા છે. શ્રી જિનેશ્વર પરમાત્માની ભક્તિનો અદ્ભૂત પ્રભાવ છે જેમ તેજસ્વી ગોપાલને દેખતાં જ ચોરો ચોરેલી ગાયો આદિ પશુઓને છોડી ભાગી જાય તેમ. પરમાત્માના દર્શન, પૂજા-સ્મરણમાત્રથી અનેક ભયંકર ઉપદ્રવો નાશ પામે છે. શત્રુના આક્રમણો, જંગલી સિંહ, હાથી, અગ્નિ, સમુદ્રના ઝંઝાવતો વિ. આ સ્તોત્રના પ્રભાવથી રક્ષણ થાય છે ટૂંકમાં શ્રી જિનભક્તિનો સર્વત્ર જય જયકાર છે. આપણે તેનું અનન્ય આલંબન લઇને અભ્યુદયના શિખર પર આરોહણ કરી શિઘ્ર શિવપદના અધિકારી બનીએ એ જ અભ્યર્થના.

# શાહ વિમળાબેન કેશવલાલ



જન્મ સ્થળ :
બારેજા.

સ્વર્ગવાસ
સં-૨૦૩૧, વૈશાખ સુદ ૯
અમદાવાદ.

## સ્વ. વિમળાબેન કેશવલાલનું જીવન ઝરમર

જૈન શાસનને પામેલા અને પામનારા ભવ્યાત્માઓના જીવન અનેકને પ્રેરણાત્મક બને છે, જૈનશાસન ગુણીજનોના ગુણને યાદ કરી કરીને પ્રશંસા કરે છે....અનેક ભવ્યાત્માઓ પૈકી. **શ્રી વિમળાબેન** શ્રાવિકા ધર્મના આચાર-વિચારોનું શક્ય તેટલું પાલન કરી આત્મશુદ્ધિ સાચવતા હતા. તેમના જીવનમાં અનેકવિધ તપ-જપ વિગેરે અનુષ્ઠાનો સમેત આવશ્યકાદિ ક્રિયાઓ નજરે પડતી હતી, માનવતાના ગુણોથી શ્રાવિકા જીવન દીપી ઉઠયું હતું. તેમની પ્રેરણાથી **શ્રી કેશવલાલ પ્રેમચંદે** તથા, તેમના સુપુત્રો **પન્નાલાલ, કીર્તિભાઈ, ભરતભાઈએ** અનેક ધાર્મિક પ્રસંગો તેમના આત્મકલ્યાણાર્થે પંકજ સોસાયટી (અમદાવાદ) ના જિનાલયમાં મૂલનાયક શ્રી સંભવનાથ ભગવાનની પ્રતિષ્ઠા, જમાલપુરમાં અજીતનાથ, તથા પાર્શ્વનાથ ભ. ની પ્રતિષ્ઠા, પાલીતાણામાં બાબુના દહેરાસરમાં શંખેશ્વર પાર્શ્વનાથ ભ.ની પ્રતિષ્ઠા મહોત્સવપૂર્વક કરાવેલ છે.

બલીહારી છે........**શ્રી જિનેશ્વરના શાસનની,**
બલીહારી છે........**શ્રી જિનેશ્વરના ધર્મની,**
બલીહારી છે....... **શ્રીજિનેશ્વરનાધર્મપામેલાની**
બલીહારી છે........**શ્રી જિનેશ્વરનો ધર્મ પમાડનારાની**

શુભ ભાવનાઓ ભાવતા ભાવતા સં.-૨૦૩૧ ના વૈશાખ સુદ ૯ ના દિને સ્વર્ગવાસી બન્યા.

જન્મીને આત્મકલ્યાણકારી ક્રિયાને સાધનારા અમારા **પૂ. માતુશ્રી વિમળાબેનને** અમારી ભાવભરી વંદના.

લિ. શ્રી **પન્નાલાલ, કીર્તિભાઈ, ભરતભાઇ**

## પહેલી વંદના

જે મહાપુરુષે
સિદ્ધાચલ શિખરે વારંવાર વિચરીને
[ ૯૯ પૂર્વ વાર વખત ]
પરમ પવિત્ર કર્યું તથા
તેની ઘેરી વૃક્ષ ઘટાઓમાં
તપ–જપ–ધ્યાનની ધૂણી
ધખાવીને કર્મકાષ્ઠનું દહન
કર્યું તે વીતરાગી
શ્રી ઋષભદેવ ભગવાનને
મારી
કોટિ કોટિ કોટિ વંદના હો

卐


**વી. આર. ટેક્ષટાઈલ્સ**
**[ કે. પી. શાહની કું. ]**
આર્ટ સીલ્ક કાપડના વિક્રેતા.
દેડકાની પોળ સામે,
મદન ગોપાલની હવેલી રોડ
માણેકચોક, અમદાવાદ.
ટે. નં. ૩૬૮૪૩૪
ઘર ૪૧૩૪૮૪

## બીજી વંદના

જેમણે
સર્વથા નિસ્પૃહી-નિરીહ બનીને
સર્વ પ્રકારની
તૃષ્ણાઓને મૂળથી ત્યાગી
તેથી
પરમ સંતોષને ધારણ કરનારા
મુક્તિ મંજિલને પૂર્ણતાએ
પામનારા
તે પરમતારક પરમાત્મા
આદીશ્વર ભગવાનને
અમારી કોટિ કોટિ વંદના

卐

**ભારતી રીબીન હાઉસ**
પાનકોર નાકા, રમકડાં મારકીટ
**સુશીલાબેન હિંમતલાલ તલકશીભાઇ દેસાઇ**
**સરોજબેન પ્રવીણચન્દ્ર તલકશીભાઇ દેસાઇ**
અમદાવાદ-૧

## ત્રીજી વંદના

અગાધ સંસારને છોડી ઘાતિકર્મોને
નાશ કરવા કટિબદ્ધ બન્યા
અંતે
કેવલજ્ઞાની તીર્થંકર પરમાત્મા થયા;
જેમણે ત્રણલોકની ઠકુરાઈ પ્રાપ્ત કરી-
છતાં-રાગ-મમતા વિનાના
તારક-તારણહાર તેવા
આ અવસર્પિણીના પ્રથમ
તીર્થંકર

**શ્રી આદિનાથ ભગવાનને
મારી કોટિ કોટિ વંદના.**

卐

તારાચંદ શંકરલાલ મહેતા
C/o પોપટલાલ તારાચંદ મહેતા
ગગનવિહાર ફ્લેટ A/૯. બીજે માળે
સાબરહોટલની બાજુમાં, ખાનપુર
અમદાવાદ-૧.

## ચોથી વંદના

સમસ્ત શાસ્ત્રોના તત્ત્વ જ્ઞાનથી
ઉત્પન્ન થયેલી છે
બુદ્ધિ જેમની એવા દેવેન્દ્રોએ
અત્યંત ભક્તિ ભાવથી જે તીર્થંકર
પરમાત્માની મહાન સ્તોત્રો વડે
સ્તુતિ કરી છે એવા

**तं प्रथमं जिनेन्द्रं**

પ્રથમ તીર્થંકર ઋષભદેવસ્વામિના
ચરણોમાં
સેવકની કોટિ કોટિ વંદના

卐

કુમાર એન્ડ કું.
**[જે. બી. શાહની કું.]**
સુતરાઉ તથા રેશમી કાપડના વેપારી.
આસ્ટોડીઆ રંગાટી કાપડ બજાર
અમદાવાદ—૧. ટે. નં. ૩૬૮૪૯૭
ઘર નં. ૨૨૪૦૫

# પાંચમી વંદના

જેઓ સુમંગલા તથા સુનંદાના
સ્વામી હતા,
ભરતાદિ સો પુત્રોના પિતા હતા,
તથા
બ્રાહ્મી અને સુંદરી જેવી મહાસતીઓના
જનક હતા,
તેમજ તે સર્વેને
મોક્ષમાર્ગે વાળનારા હતા,
તે
અનન્ય ઉપકારી પરમતારક
શ્રી ઋષભદેવ ભગવાનને
અમારી
કોટિ કોટિ કોટિ વંદના હો.

卐

શાહ ભુરમલજી વાલાજી
પાનકોર નાકા, રમકડાં મારકીટ,
બંગડીના વેપારી
અમદાવાદ–૧.

## છઠ્ઠી વંદના

જેમની
સ્તવના-ભક્તિથી આધિ-
વ્યાધિ-ઉપાધિ દૂર થાય છે
અને
દૂર થયા છે—જેમની યશોગાથા
ત્રણે જગતના ખૂણે ખૂણે
વિસ્તારને પામેલી છે એવા
**મરૂદેવાનંદન**
યુગલિકોના રાજા-મહારાજા
**દેવાધિદેવ શ્રી ઋષભદેવ પ્રભુને**
મારી કોટિ કોટિ વંદના.

卐


બાબુભાઈ મંગળદાસ શાહ
૨૦, શુક્રવાર પેઠ, ગુપ્તે વાડો
પુના-૨. (મહારાષ્ટ્ર)

# સાતમી વંદના

શ્રી ભક્તામર સ્તોત્રના
રચયિતા
માનતુંગ સૂરિ મહારાજાએ
જેમની
ભાવ ભક્તિથી—સ્તોત્રના પ્રબલ
પ્રભાવે
શરીર પરની ચુમ્માલીસ બેડીઓ
તૂટી ગઇ તે

**પરમ તારક—પરમાત્મા આદિનાથ**

તથા
નિઃસ્પૃહી ત્યાગી—પંચમહાવ્રત ધારક
શ્રી

**માનતુંગ સૂરીશ્વરજીના ચરણોમાં**

કોટિ કોટિ વંદના

卐

**અનિલકુમાર ગગલભાઈ શાહ**

મલાડ ઈસ્ટ "વંદના"
ઇ/૩ સુભાષબેન, દફતરી રોડ
પહેલેમાળે, રૂમ નં.—૪. મુંબઈ ૬૪

## આઠમી વંદના

જે ઉન્નતિને પામનારા
ભોગી કરતાં યોગી થવામાં
આનંદ માન્યો—તથા
યમ—નિયમને આગળ કરી કરીને
ધારણા—ધ્યાનની શ્રેષ્ઠ સિદ્ધિ કરી
અને
કૈવલ્યાવસ્થા પ્રાપ્ત કરી **તે યોગીશ્વર**
**શ્રી ઋષભદેવ ભગવાનને**
મારી
કોટિ કોટિ વંદના હો

卐


**રમણુલાલ સરૂપચંદ દોશી વડાલીવાળા**
લિસા, પ્રિસિઅર્સ તથા બનિઅન્સ,
નિર્માતા—અરૂણ ટ્રેડર્સ
૧૦૮૮, રવીવાર પેઠ
પુના. ૪૧૧૦૦૨ ફોન નં. ૪૪૬૪૩૪

## નવમી વંદના

જેમણે
એક વર્ષ સુધી સહુને દાન આપીને
દાન ધર્મની પ્રતિષ્ઠા કરી
મહાભિનિષ્ક્રમણ પૂર્વક
સંયમ ધર્મનો સ્વીકાર કરવા પૂર્વક
સમતા યોગની સાધના કરી
તે
**આદિનાથ શ્રી ઋષભદેવ**
તારક પરમાત્માને
અમારી કોટિ કોટિ વંદના

卐

**નટવરલાલ મહીજીભાઇ શાહ**
અનાજના વેપારી
ગોમતીપુર ભાટની પોળ
સીલ્વર ફલેટસ, સીલ્વર મીલ સામે
અમદાવાદ–૨૧

## દસમી વંદના

જેઓ
મહા શ્રમણ તથા મહાતપસ્વી હતા,
નિર્દોષ ભિક્ષા ન મળે ત્યાં
સુધી
નિરાહારી રહી કાયાને કસતા હતા
તથા અપ્રમત્ત ભાવે
શમ–દમની સાધના કરતા હતા
તે
મુનીશ્વરોના પણ મુનીશ્વર
**શ્રી ઋષભદેવ પરમાત્માને**
મારી કોટિ કોટિ વંદના

卐

**મહેતા મફતલાલ અંબાલાલ**
૧૨૫૫, ચોગાનના કુવા પાસે
તળીયાની પોળ, સારંગપુર–અમદાવાદ–૧,
ખસ, ખરજવું તથા ડાયાબીટીસ
ની દવા પૂ. સાધુ–સાધ્વીજીની
વિના મૂલ્યે ભક્તિ થશે.

## અગીઆરમી વંદના

હે ગુણસમુદ્ર પ્રભુ !
આપના ગુણોનું કીર્તન ખુદ
બૃહસ્પતિ જેવા
કરવા માટે સમર્થ નથી તેવા
અનંત ગુણાત્મક
તારક દેવાધિદેવ શ્રી
**યુગાદિનાથ આદીશ્વર**
ભગવંતના
ચરણોમાં
કોટિ કોટિ કોટિ વંદના

卐

**શ્રી સુમનભાઇ પોપટલાલ શાહ**
**એરો સ્ટુડીઓ**
સરસપુર મીલ સામે
અમદાવાદ–૧૮, સરસપુર

બારમી વંદના

જે ભક્તામર સ્તોત્ર
ની ભકિતથી સિંહ–ચોર–અગ્નિ
મદોન્મત્ત ગજેન્દ્ર
આદિ પાશવી જનાવરોના ભયો
દૂર થાય છે–થયા છે
અને સંપૂર્ણ ભયોથી બચાવનાર
તે
**તીર્થંકર પરમાત્મા ઋષભદેવના**
ચરણોમાં
કોટિ કોટિ કોટિ વંદના

卐

**સ્વ. જવાંનમલ માસીંગજી શાહ**
[ અતરીબેન, ચંદુલાલ, નેનમલ;
લલીતકુમાર સપરિવાર ]
૬, પ્રેરણા સોસાયટી
પહેલે માળે, શાહપુર મીલ કંપાઉન્ડ.
અમદાવાદ–૩૮૦૦૦૧

## તેરમી વંદના

ત્રણે ભુવનના અદ્વિતીય અલંકાર
સ્વરૂપે રહેલા—શાંત રસની
કાંતિવાળા પરમાણુઓથી દેહ
નિર્માણ બનેલો
કે જેને
દેખવા માત્રથી ક્રોધને ભાગ્યા
સિવાય ઉપાય નથી
એવા
પરમ સમતા રસ-શાંત રસના ભંડાર
આદ્ય તીર્થંકર

**શ્રી ઋષભનાથ પરમાત્માને**

કોટિ કોટિ કોટિ વંદના

卐

શશીકાંતભાઈ એન. શાહ
૫, વર્ધમાન ફ્લેટ
જૈન મર્ચન્ટ સોસાયટી સામે
અમદાવાદ—૭

## ચૌદમી વંદના

જે પરમાત્માના
મસ્તક ઉપર ઉપરા ઉપરી ત્રણ છત્રો
ચન્દ્રમા જેવા ઉજ્જવલ
શોભી રહ્યા છે
તે સૂર્યના કિરણોના તેજને
અવરોધીને પરમાત્મામાં
ત્રણ જગતનું ઐશ્વર્ય જણાવે
છે—એવા અનંતગુણી
**યોગીશ્વર શ્રી આદિનાથને**
કોટિ કોટિ કોટિ વંદના

卐


મેસર્સ બાલચંદ વખતચંદ
સુતરના વેપારી
સહીતકુંજ સોસાયટી
શાહપુર બહાઈસેન્ટર અમદાવાદ—૧

## પંદરમી વંદના

હે પરમાત્મા–
તમે નિર્વાણ સાધક યોગની સાધના
કરનારા
સાધુપુરુષોના યાને યોગીઓના
સ્વામી છો
તેથી
યોગીઓનું વૃંદ તમારા ચરણોની
સેવા કરે છે
તેથી
હે **યોગીશ્વર આદિનાથ** આપ મારા
હૃદયમાં વસો અને આશીર્વાદ
આપો આપો આપો

卐

**શાહ એન્ડ કંપની**
**બાલજગત**
**રમકડાં–રમતો–સ્પોર્ટ્સ**
પારેખ્સ ડીપાર્ટમેન્ટ સ્ટોર્સ
લાલ દરવાજા, અમદાવાદ–૧

# સોલમી વંદના

હે અનંગ કેતુ પરમાત્મા
કામદેવનો નાશ કરવામાં કેતુ
સમાન
આપ ખરેખર અનંગ કેતુ છો
તેવા
હે કામ વિજેતા દેવાધિદેવ
આદિનાથ ભગવાનના ચરણોમાં
કોટિ કોટિ વંદના

卐

**લક્ષ્મી પેપર માર્ટ**
કાગળ તથા સ્ટોર બોર્ડના વેપારી
૧૯૪૦/૬ ખાડીયા ચાર રસ્તા, ગાંધીરોડ
અમદાવાદ-૧ ફોન—૩૮૭૭૨૦

**રવી મેટલ ઈન્ડસ્ટ્રીઝ**
એલ્યુમિનિયમ તથા એનોડાઈઝડ
ફેન્સી વાસણોના ઉત્પાદક-વિક્રેતા
૪, સનસાઈન. કો. ઓ. ઇ. સે. સ્ટેટ
મણીયાર ટેલર પાછળ
અતુલ મીલ પાસે રખીયાલ.
અમદાવાદ-૨૩ ફોન-૩૬૩૭૭૯

# સત્તરમી વંદના

જેમના
નામનું સ્મરણ–સ્તોત્રની ભકિત
કરતાં જ
શાંતિ–તુષ્ટિ–પુષ્ટિ વિસ્તરે છે.
પરમંત્રનો ઉચ્છેદ થાય છે
તથા
સ્વ–મંત્ર શીઘ્ર ફલદાયી થાય છે
તે
મંત્રાધિપતિ ત્રિલોકીપતિ
શ્રી યુગલેશ્વર પ્રથમ તીર્થપતિને
કોટી કોટી વંદના હો

卐

મોહનલાલ સોમચંદ ગાંધી
૩૦/ ગાંધીગંજ
વા. આણંદ
મુ. બોરસદ

## અઢારમી વંદના

જેમની
માતાએ તથા એકસો આઠ
સુપુત્રોએ
તથા
પ્રપુત્રોએ તેમ બ્રાહમી–સુંદરીએ
પરમપાવન પૂનિત
પિતાનો માર્ગ
સ્વીકારી–સ્વપિતાના નામને
ઉજ્જવલ–નિર્મલ
બનાવ્યું......તે ઋષભદેવ
**પરમાત્માના વંશ–વંશપરંપરાને**
અમારી ભાવભરી
કોટિ કોટિ વંદના હો

卐


**જનતા પ્રોવીઝન સ્ટોર્સ**
અનાજ કરીયાણાના વેપારી
**છોટાલાલ ચંદુલાલ શાહ**
**જસવંતલાલ ચંદુલાલ શાહ**
મુ. ગાંધીચોક, મુ૦ **પાદરા** જી. વડોદરા

## ઓગણીસમી વંદના

જેમના

સુપુત્ર પ્રથમ ચક્રવર્ત્તિ બન્યા

જેમના

પ્રપુત્ર પ્રથમ વાસુદેવ બન્યા

તેમ તેઓ

પ્રથમ પૃથ્વીપતિ બન્યા,

પ્રથમ નિર્ગ્રંથ મુનિ બન્યા,

તથા

પ્રથમ તીર્થંકર પદને પામીને

કરોડો મનુષ્યોના તારણહાર

બન્યા

તે

યુગાદિ દેવ–તારક પરમાત્મા

**શ્રી ઋષભદેવ ભગવાનને**

અમારી

કોટિ કોટિ કોટિ વંદના

**શા. કાન્તિલાલ સાકરચંદ એન્ડ કું.**

અનાજ કરીયાણાના વેપારી

આઝાદ ચોક વા–આણંદ

**મુ=ધરમજ**

દા. અરવિંદકુમાર સાકરચંદ

# ભક્તામર સ્તોત્રમ્

( વસંત તિલકા છંદ )

ભક્તામર પ્રણતમૌલિ મણિપ્રભાણા,મુદ્યોતકં દલિત પાપ તમો વિતાનમ્ ॥ સમ્યક પ્રણમ્ય જિનપાદયુગં યુગાદા-વાલંબનં ભવજલે પતતાં જનાનામ્ ॥૧॥

યઃ સંસ્તુતઃ સકલવાઙ્મયતત્ત્વબોધા,-દુદ્ભૂતબુદ્ધિ પટુભિઃ સુરલોકનાથૈઃ ॥ સ્તોત્રૈર્જગત્ત્રિતયચિત્તહરૈ રૂદારૈઃ, સ્તોષ્યે કિલાહમપિ તં પ્રથમં જિનેન્દ્રમ્ ॥૨॥

બુદ્ધ્યા વિનાઽપિ વિબુધાર્ચિતપાદપીઠ ! સ્તોતું સમુ દ્યતમતિર્વિગતત્રપોઽહમ્॥ બાલં વિહાય જલસંસ્થિત મિંદુબિંબ, મન્યઃકઇચ્છતિ જનઃસહસા ગ્રહીતુમ્॥૩॥

વક્તું ગુણાન્ ગુણસમુદ્ર! શશાંક કાંતાન્, કસ્તે ક્ષમઃ સુરગુરૂપ્રતિમોઽપિબુદ્ધ્યા ॥ કલ્પાંતકાલપવનોદ્ધતનક્ર ચક્રં, કો વા તરીતુમલ મંબુનિધિં ભુજાભ્યામ્ ॥૪॥

સોઽહં તથાપિ તવ ભક્તિ, વશાન્મુનીશ! કર્તું સ્તવં વિગતશક્તિરપિપ્રવૃત્તઃ॥પ્રીત્યાત્મવીર્યમવિચાર્ય,મૃગો મૃગેન્દ્રં, નાભ્યેતિકિંનિજશિશોઃપરિપાલનાર્થમ્ ॥૫॥

અલ્પશ્રુતં શ્રુતવતાં પરિહાસધામ, ત્વદ્ભક્તિરેવમુખ રીકુરૂતે બલાન્મામ્ ॥ યત્કોકિલઃ કિલ મધૌ મધુરં વિરૌતિ, તચ્ચારૂ ચામ્ર કલિકા નિકરૈકહેતુઃ ॥૬॥

ત્વત્સંસ્તવેન ભવસંતતિ સન્નિબદ્ધં, પાપં ક્ષણાત્ક્ષયમુ
પૈતિ શરીરભાજામ્ ॥ આક્રાંત લોકમલિનીલમશેષમાશુ,
સૂર્યાંશુ-ભિન્નમિવ શાર્વરમંધકારમ્. ॥૭॥
મત્વેતિ નાથ! તવ સંસ્તવનં મયેદ,મારભ્યતે તનુધિ
યાઽપિ તવ પ્રભાવાત્ ॥ ચેતો હરિષ્યતિ સતાં નલિની
દલેષુ, મુક્તાફલ દ્યુતિમુપૈતિ નનૂદ બિંદુઃ ॥૮॥
આસ્તાં તવ સ્તવનમસ્ત સમસ્ત દોષં,ત્વત્સંકથાપિ
જગતાં દુરિતાનિ હન્તિ ॥ દૂરે સહસ્રકિરણઃ કુરૂતે
પ્રભૈવ, પદ્માકરેષુ જલજાનિ વિકાસભાંજિ ॥૯॥
નાત્યદ્ભૂતં ભુવન ભૂષણ! ભૂતનાથ! ભૂતૈર્ગુણૈર્ભુવિ
ભવંતમભિષ્ટુવન્તઃ ॥ તુલ્યા ભવન્તિ ભવતો નનુ
તેનકિંવા ॥ ભૂત્યાશ્રિતં ય ઇહ નાત્મં સમં કરોતિ॥૧૦॥
દૃષ્ટ્વા ભવન્તમનિમેષ વિલોકનીયં, નાઽન્યત્ર તોષમુપ
યાતિ જનસ્ય ચક્ષુઃ ॥ પીત્વા પયઃ શશિકરદ્યુતિદુગ્ધ
સિંધોઃ ક્ષારં જલં જલનિધેરશિતું ક ઇચ્છેત્ ॥૧૧॥
યૈઃ શાંતરાગ રૂચિભિઃપરમાણુભિસ્ત્વં, નિર્માપિતસ્ત્રિ
ભુવનૈક લલામભૂત! ॥ તાવંત એવ ખલુ તેઽપ્યણવઃ
પૃથિવ્યાં, યત્તે સમાનમપરં નહિ રૂપમસ્તિ ॥૧૨॥
વક્ત્રં કવ તે સુર નરોરગ-નેત્રહારિ, નિઃશેષનિર્જિત
જગત્ત્રિતયોપમાનમ્ ॥ બિંબંકલંકમલિનં કવનિશા
કરસ્ય, યદ્વાસરે ભવતિ પાંડુ પલાશ કલ્પમ્ ॥૧૩॥

સંપૂર્ણમંડલ શશાંક કલાકલાપ, શુભ્રા ગુણાસ્ત્રિભુવનં
તવ લંઘયન્તિ ॥ યેસંશ્રિતાસ્ત્રિ જગદીશ્વર નાથમેકં,
કસ્તાન્નિ-વારયતિ સંચરતો યથેષ્ટમ્. ॥૧૪॥
ચિત્રં કિમત્રયદિ તે ત્રિદશાંગ નાભિ, નીતં મનાગપિ
મનો ન વિકારમાર્ગમ્ ॥ કલ્પાંત કાલ મરૂતા ચલિતા
ચલેન, કિં મંદરાદ્રિ શિખરં ચલિતં કદાચિત્ ॥૧૫॥
નિર્ધૂમવર્ત્તિરપવર્જિતતૈલપુરઃ, કૃત્સ્નં જગત્રયમિદં
પ્રકટીકરોષિ ॥ ગમ્યો ન જાતુ મરૂતાં ચલિતાચલાનાં,
દીપોઽપરસ્ત્વમસિ નાથ ! જગત્પ્રકાશઃ ॥૧૬॥
નાસ્તં કદાચિદુપયાસિ ન રાહુગમ્યઃ, સ્પષ્ટીકરોષિ
સહસાયુગપજ્જગંતિ ॥ નાંભોધરોદરનિરૂદ્ધમહાપ્રભા-
વઃ, સૂર્યાતિ-શાયિ મહિમાસિ મુનીંદ્ર! લોકે ॥૧૭॥
નિત્યોદયં દલિતમોહ મહાંધકારં, ગમ્યંન રાહુવદનસ્ય
ન વારિદાનામ્ ॥ વિભ્રાજતેતવમુખાબ્જમનલ્પકાંતિ,
વિદ્યોતયજ્જગદપૂર્વં શશાંક બિંબમ્ ॥૧૮॥
કિં શર્વરીષુશશિનાહ્નિ વિવસ્વતા વા, યુષ્મન્મુખેંદુ-
દલિતેષુ તમસ્સુ નાથ ॥ નિષ્પન્ન શાલિવન શાલિનિ
જીવલોકે, કાર્યં કિયજ્જલધરૈર્જલભારનમ્રૈઃ ॥૧૯॥
જ્ઞાનં યથાત્વયિ વિભાતિકૃતાવકાશં, નૈવં તથા હરિ
હરાદિષુ નાયકેષુ ॥ તેજઃ સ્ફુરન્મણિષુ યાતિ યથા
મહત્ત્વં, નૈવં તુ કાચ શકલે કિરણા કુલેઽપિ ॥૨૦॥

મન્યે વરં હરિહરાદય એવ દૃષ્ટા, દૃષ્ટેષુ યેષુ હૃદયં ત્વયિ તોષમેતિ ! કિં વીક્ષિતેન ભવતા ભુવિ યેન નાન્યઃ, કશ્ચિન્મનો હરતિ નાથ ! ભવાંતરેઽપિ ॥૨૧॥
સ્ત્રીણાં શતાનિ શતશો જનયન્તિ પુત્રાન્, નાન્યા સુતં ત્વદુપમં જનની પ્રસૂતા ॥ સર્વા દિશો દધતિ ભાનિ સહસ્રરશ્મિં, પ્રાચ્યેવ દિગ્જનયતિ સ્ફુરદંશુજાલમ્ ॥૨૨
ત્વામામનન્તિ મુનયઃ પરમં પુમાંસ-માદિત્યવર્ણમમલં તમસઃ પરસ્તાત્ ॥ ત્વામેવ સમ્યગુપલભ્ય જયંતિ મૃત્યું, નાન્યઃ શિવઃ શિવપદસ્ય મુનીન્દ્ર પંથાઃ ॥૨૩॥
ત્વામવ્યયં વિભુમચિંત્યમસંખ્યમાદ્યં, બ્રહ્માણમીશ્વરમનંતમનંગ કેતુમ્ ॥ યોગીશ્વરં વિદિતયોગમનેકમેકં, જ્ઞાન સ્વરૂપ મમલં પ્રવદંતિ સંતઃ ॥૨૪॥
બુદ્ધસ્ત્વમેવ વિબુધાર્ચિતબુદ્ધિબોધાત્, ત્વં શંકરોઽસિ ભુવનત્રયશંકરત્વાત્ ॥ ધાતાસિ ધીર ! શિવમાર્ગવિધેર્વિધાનાત, વ્યક્તં ત્વમેવ ભગવન્ પુરૂષોત્તમોઽસિ. ॥૨૫॥
તુભ્યં નમસ્ત્રિભુવનાર્ત્તિહરાય નાથ !, તુભ્યં નમઃ ક્ષિતિતલામલભૂષણાય ॥ તુભ્યં નમસ્ત્રિજગતઃ પરમેશ્વરાય, તુભ્યં નમો જિન ! ભવોદધિ શોષણાય. ॥૨૬॥
કો વિસ્મયોઽત્ર યદિ નામ ગુણૈરશેષૈ,-સ્ત્વં સંશ્રિતો નિરવકાશતયા મુનીશ ! ॥ દોષૈરૂપાત્તવિવિધાશ્રયજાતગર્વૈઃ, સ્વપ્નાંતરેઽપિ ન કદાચિદપીક્ષિતોઽસિ ॥૨૭॥

ઉચ્ચૈરશોકતરૂસંશ્રિતમુન્મયુખ,-માભાતિરૂપમમલં
ભવતો નિતાંતમ્॥સ્પષ્ટોલ્લસત્કિરણમસ્તતમોવિતાનં,
બિમ્બં રવેરિવ પયોધર પાર્શ્વ વર્ત્તિ. ॥ ૨૮ ॥
સિંહાસને મણિમયુખ શિખાવિચિત્રે, વિભ્રાજતે તવ
વપુઃ કનકાવદાતમ્ ॥ બિંબં વિયદ્વિલસદંશુ લતાવિ
તાનં, તુંગો દયાદ્રિ શિરસીવ સહસ્રરશ્મેઃ ॥૨૯॥
કુંદાવદાત ચલ ચામર ચારૂ શોભં, વિભ્રાજતે તવ
વપુઃકલધૌતકાંતમ્,ઉદ્યચ્છશાંકશુચિનિર્ઝરવારિધાર,
મુચ્ચૈસ્તટં સુરગિરેરિવ શાતકૌમ્ભમ્. ॥૩૦॥
છત્રત્રયં તવ વિભાતિ શશાંક કાંત,મુચ્ચૈઃ સ્થિતં સ્થ
ગિતભાનું કરપ્રતાપમ્ ॥ મુક્તાફલપ્રકર જાલ વિવૃદ્ધ
શોભં,પ્રખ્યાપયત્રિ જગતઃ પરમેશ્વરત્વમ્ ॥ ૩૧ ॥
ઉન્નિદ્રહેમનવપંકજપુંજકાંતિ, પર્યુલ્લસન્નખ મયુખ
શિખાભિરામૌ॥પાદૌ પદાનિ તવયત્ર જિનેંદ્ર ! ધત્તઃ
પદ્માનિ તત્ર વિબુધાઃ પરિ કલ્પયંતિ. ॥૩૨॥
ઇત્થંયથાતવવિભૂતિરભૂજ્જિનેંદ્ર!ધર્મોપદેશન વિધૌ
ન તથા પરસ્ય॥ યાદૃક્ પ્રભાદિનકૃત : પ્રહતાંધકારા,
તાદૃક કુતો ગ્રહ ગણસ્ય વિકાશિનોઽપિ ॥૩૩॥
શ્ચ્યોતન્મદાવિલવિલોલ કપોલ મૂલ,મત્તભ્રમદ્ભ્રમર
નાદ વિવૃદ્ધકોપમ્॥ઐરાવતાભમિભમુદ્ધતમાપતન્તં,
દૃષ્ટ્વા ભયં ભવતિ નો ભવદાશ્રિતાનામ્ ॥૩૪॥

ભિન્નેભકુંભગલદુજ્જવલશોણિતાક્ત,–મુક્તાફલપ્રક
રભૂષિતભૂમિભાગઃ ॥ બદ્ધ ક્રમઃ ક્રમગતં હરિણાધિ
પોઽપિ, નાક્રામતિ ક્રમયુગાચલસંશ્રિતં તે. ॥ ૩૫ ॥
કલ્પાંતકાલપવનોદ્ધતવહ્નિ કલ્પં, દાવાનલં જ્વલિત
મુજ્જવલમુત્સ્ફુલિંગમ્ ॥ વિશ્વં જિઘત્સુમિવ સંમુખ
માપતન્તં, ત્વન્નામકીર્ત્તનજલં શમયત્યશેષમ્. ॥૩૬॥
રક્તેક્ષણં સમદકોકિલકંઠનીલં, ક્રોધોદ્ધતં ફણિનમુત્ફ-
ણમાપતન્તમ્ ॥ આક્રામતિ ક્રમયુગેન નિરસ્તશંક–
સ્ત્વન્નામ નાગ દમની હૃદિ યસ્ય પુંસઃ ॥૩૭॥
વલ્ગત્તુરંગગજ ગર્જિતભીમનાદ-માજૌ બલં બલવ-
તામપિ ભૂપતીનામ્॥ઉદ્યદ્દિવાકર મયુખ શિખાપવિદ્ધં,
ત્વત્કીર્ત્તનાત્તમ ઈવાશુ ભિદામુપૈતિ ॥ ૩૮ ॥
કુંતાગ્રભિન્ન ગજશોણિત વારિવાહ, વેગાવતાર તરણા-
તુરયોધભીમે ॥ યુદ્ધે જયં વિજિત દુર્જયજેય પક્ષા-
સ્ત્વત્પાદ પંકજ વનાશ્રયિણો લભંતે ॥ ૩૯ ॥
અંભોનિધૌ ક્ષુભિતભીષણનક્રચક્ર,–પાઠીનપીઠભયદો-
લ્બણ વાડવાગ્નૌ ॥ રંગત્તરંગ શિખર સ્થિતયાનપાત્રા,
સ્ત્રાસં વિહાય ભવતઃ સ્મરણાદ્ વ્રજંતિ ॥૪૦॥
ઉદ્ભૂતભીષણજલોદરભારભુગ્નાઃ, શોચ્યાં દશામુપગ-
તાશ્ચ્યુત જીવિતાશાઃ॥ ત્વત્પાદ પંકજ રજોમૃત દિગ્ધ-
દેહા, મર્ત્યા ભવંતિ મકરધ્વજ તુલ્યરૂપાઃ ॥ ૪૧ ॥

આપાદકંઠમુરૂશૃંખલવેષ્ટિતાગૂડા, ગાઢં બૃહન્નિગડકોટિ-
નિઘૃષ્ટજંઘાઃ॥ત્વન્નામમંત્રમનિશં મનુજાઃસ્મરંતઃ,
સદ્યઃ સ્વયં વિગતબંધભયા ભવંતિ ॥ ૪૨ ॥

મત્તદ્વિપેંદ્ર–મૃગરાજ–દવાનલાહિ-સંગ્રામ વારિધિ
મહોદરબંધનોત્થમ્ ॥ તસ્યાશુ નાશમુપયાતિ ભયં
ભિયેવ, યસ્તાવકં સ્તવમિમં મતિમાનધીતે ॥૪૩॥

સ્તોત્રસ્રજં તવજિનેંદ્ર! ગુણૈર્નિબદ્ધાં, ભક્ત્યા મયા
રૂચિરવર્ણવિચિત્રપુષ્પામ્॥ધત્તેજનોયઇહકંઠગતામ-
જસ્રં, તં માનતુંગમવશા સમુપૈતિ લક્ષ્મીઃ ॥૪૪॥

---

# શ્રી ભક્તામર સ્તોત્ર સાર્થ

વસંતતિલકાવૃતમ્

ભક્તામર પ્રણત મૌલિ મણિ પ્રભાણા ।
મુદ્યોતકં દલિત પાપ તમોવિતાનમ્ ॥
સમ્યક્ પ્રણમ્ય જિન પાદ યુગં યુગાદા ।
વાલંબનં ભવજલે પતતાં જનાનામ્ ॥ ૧ ॥

**અર્થ** :—ભક્ત દેવતાને પ્રણામ કરતાં નમેલા મસ્તકોને વિષે રહેલા મુકુટમણિને પ્રકાશિત કરનાર, પાપરૂપી અંધકારના સમુહને નષ્ટ કરનાર તથા યુગાદિથી સંસારરૂપી સમુદ્રમાં પડેલાં મનુષ્યોને આશ્રયરૂપ એવા શ્રી જીનેન્દ્ર ભગવાનના બે ચરણમાં રૂડા પ્રકારે નમસ્કાર કરીને—

**ऋद्धि : ओं ह्रीं अर्हं नमो अरिहंताणं नमो जिणाणं, ह्राँ ह्रीँ ह्रुं ह्रौँ ह्रः असिया उसा अप्रतिचक्रे फुट् विचक्राय झौँ झौँ स्वाहा—**

**मंत्र : ओं ह्राँ ह्रीँ ह्रुं श्रीँ क्लीँ ब्लूं क्रौं क्रौं ह्रीं नमः**

પ્રથમ ગાથાને અટ્ઠમ તપથી સિદ્ધ કરી ઋદ્ધિમંત્રને આરાધીને લક્ષ્મી પ્રાપ્તિ અર્થે સંપૂર્ણ રવિ–પુષ્ય નક્ષત્રના દિવસે ડાબી નાડીમાં એક રતિ સોનું, બાર રતિ ચાંદી, સોલ

રતિ તાંબુ એ પ્રમાણે ત્રણ તારની વીંટી બનાવીને સ્નાત્ર પૂજા ભણાવ્યા બાદ ઋદ્ધિમંત્રથી ૧૦૮ વાર અભિષેક કરવા, તથા, તેના ઋદ્ધિ અને મૂલ મંત્ર તથા પ્રથમ ગાથા ત્રણે ૧૦૮ વાર ગણવાં. અને જમણા હાથની તર્જની આંગળીમાં વીંટી પહેરવી, જમતી વખતે તે વીંટી ડાબા હાથની તર્જની આંગળીમાં પરિધાન કરવાનું ન ભૂલાય તો દારિદ્રયનો નાશ થાય અને લક્ષ્મીદેવીની મહેરબાની થાય.

યઃ સંસ્તુતઃ સકલવાઙ્ગમય તત્ત્વબોધા ।
દુદ્ભૂત બુદ્ધિ પટુભિઃ સુરલોક નાથૈઃ ॥
સ્તોત્રૈ ર્જગત્ત્રિતય ચિત્ત હરે રુદારૈઃ ।
સ્તોષ્યે કિલાહમપિ તં પ્રથમં જીનેન્દ્રમ્ ॥ ૨ ॥

**અર્થ**:—સમસ્ત શાસ્ત્રોના તત્ત્વ જ્ઞાનથી ઉત્પન્ન થયેલી નિપુણ બુદ્ધિદ્વારા ત્રણે લોકના ચિત્તનું હરણ કરનાર, ઉદાર (મોટાં) સ્તોત્રોથી ઇન્દ્રદેવે પણ જેની સ્તુતિ કરી છે, એવા શ્રી પ્રથમ જીનેન્દ્ર ભગવંતની હું સ્તુતિ કરીશ. (૨)

**ऋद्धि : ओं ह्रीँ नमो ओहि जिणाण**

**मंत्र : ओं ह्रीँ श्रीँ क्लीँ ब्लूँ नमः**

આ બીજા કાવ્ય તથા મૂલમંત્રને સિદ્ધ કરી જપવાથી તથા ૨૧ દિન સુધી ઋદ્ધિમંત્રની શ્યામ માલા રોજ ૧ ગણવાથી શત્રુઓ વશ થાય.

## વાર્તા ૧ લી શ્લોક ૧-૨

## બંધનથી મુક્ત થવાય છે.

આખી ઉજ્જેણીના લોકો આજે ગામના પૂર્વ દરવાજે ટોળે મળ્યા છે. સર્વેના મોઢા ઉપર શોક અને કુતુહલની મિશ્ર લાગણી નજરે પડે છે. બ્રાહ્મણોના વચનો પરથી ભક્તામર સ્તોત્રનો મહિમા જાણવાની ઈચ્છાવાળા રાજા ભોજે ત્રણ ત્રણ દિવસના (અટ્ઠમ) ઉપવાસ પછી દોરડાનાં સખત બંધનોથી બાંધી પાણી વિનાના એક ઉંડા અને અંધારા કુવામાં દેવચંદ શેઠને ઉતાર્યા છે.

દેવચંદ શેઠ હતા તો વૃદ્ધ પણ તેમની ધર્મ પ્રત્યેની શ્રદ્ધા અચલ હતી. કોઈ દેવ પણ તેમની શ્રદ્ધાને ડગાવી શકે તેમ ન હતું, આજે તેવીજ આકરી કસોટી થઇ રહી હતી. અંધારા કુવામાં ઉતાર્યા છતાંયે દેવચંદ શેઠ તો શાંત હતા. તેમનું ધ્યાન ભક્તામરના શ્લોકોમાં પરોવાયેલું હતું. એક ચિત્તથી તેઓ તેનું સ્મરણ કરે જ જતા હતા. નહતી તેમને સર્પની બીક કે ન હતી. તેમને અંધારા કુવાના હિંસક પ્રાણીઓની બીક. એ અંધારામાંયે એમની ભવ્ય મુખમુદ્રાના તેજસ્વી કિરણો પ્રસરતા હતા.

અંધકારનો આછો છાંયો જગત પર પથરાયો કે તરતજ ઉભરાયેલા લોકોનાં ટોળે ટોળાં કંઈ કંઈ કલ્પનાના ભાવોને વહન કરતાએ ગૂઢ રાત્રિના ગાઢ અંધકારમાં એક પછી એક

અલોપ થઈ ગયા.રહ્યા ફક્ત અણનમ અને ટેકીલા વીર એ દેવચંદ શેઠ.તેને અંધકારનો ઓછાયો સ્પર્શી શક્યો ન હતો. જેમ જેમ બહાર અંધકાર વધતો ગયો, તેમ તેમ તેના હૃદયનો શ્રદ્ધાદિપ તેજસ્વી બન્યો, પણ તેના એકાગ્ર ધ્યાનમાં ભંગાણ ન પડયું. એ અંધકારના ગાઢ પડદાને તોડીને એકદમ પ્રકાશ પ્રકાશ થઈ ગયો, ક્ષણભર નિરવ શાંતિ પથરાઈ ગઈ અને એક કોમળ અવાજ આવ્યો—"શું જોઈએ છે? માગ? માગ?"

શેઠે ધ્યાન પૂર્ણ કર્યું. ઉંચી નજર કરી તો પ્રત્યક્ષ તેજતેજના અંબાર સરખી દેવીને નિહાળી. અને આંખો બંધ કરી તો થોડીજ વારમાં શેઠના દોરડાના બંધન તુટી ગયા.અંધકારને બદલે ઝળહળતો પ્રકાશ ફેલાઈ ગયો, અને કુવાના સાંકડા તળીયાને બદલે વિશાળ સુશોભિત સ્થળ બની ગયું. દૈવી આભૂષણોથી શેઠની કાયા પણ વિશેષ સ્વરૂપવાન બની.

\+ + + +

આજે પથારીમાં પડયા પડયા રાજા ભોજને નિદ્રાઆવતી નથી, પેટનો મહાવ્યાધિ ઉત્પન્ન થયો છે. ઘણા વૈદ્ય હકીમોએ બનતા બધા ઉપાય કર્યા પણ એ વ્યાધિ શમતો નથી.રાત દિવસ રાજા પીડાય છે. એક વૃદ્ધ પુરુષે કહ્યું મહારાજ"કદાચ દેવચંદ શેઠના ઉપચારથી આપનો વ્યાધિ મટે." રાજાએ માણસો મોકલ્યા,જાઓ એમના બંધન તોડી નાખો ને કુવા-માંથી બહાર કાઢી માનપૂર્વક શેઠને તરત જ અહીં લાવો.

રાજાના હુકમથી માણસો દોડ્યા, મોટાં મોટાં દોરડાં લીધા અને શેઠને બહાર કાઢવા કોસ જોડ્યા,અને દેવચંદ શેઠના નામનો અવાજ કર્યો. થોડીવારે કોઈની પણ સહાય વિના આનંદિત ચહેરે શેઠ પોતાની જાતે જ ઉપર આવ્યા. આ જોઈ લોકો નવાઈ પામ્યા. તેના શરીર ઉપરનાં ઘરેણાં જોઈ હર્ષ પામ્યા. લોકોએ આનંદના પોકારો કર્યા. તેમના દુશ્મનો પણ તેમનાં વખાણ કરવા લાગ્યા.રાજાની પાસે જઈને શેઠે નમસ્કાર કર્યા. રાજા પણ આ સ્થિતિ જોઈ આશ્ચર્ય પામ્યો. જ્યારે તેણે જાણ્યું કે આ બધો પ્રભાવ ફક્ત એ ભક્તામર સ્તોત્રનો છે; ત્યારે તેને ઘણો આનંદ થયો. પોતે પણ ભક્તામર સ્તોત્રની પ્રશંસા કરી.

શેઠને પોતાના વ્યાધિનો ઉપાય પૂછયો. શેઠે ભક્તામરના પ્રથમ બે શ્લોકનું જ શુદ્ધ ચિત્તે સ્મરણ કરી અંજલિ ભરી પાણી છાંટયું. રાજાનો વ્યાધિ શાંત થયો. તેના બે શ્લોકનો જ આવો મહિમા છે તો પછી આખા સ્તોત્રનો તો કેટલો મહિમા હોવો જોઈએ ? રાજાએ તેમની પ્રશંસા કરી. ભક્તામરનો અભ્યાસ શરૂ કર્યો. જૈન ધર્મ ઉપર તેને પ્રીતિ થઈ. ધન્ય છે એવા શેઠને ખરેખર! જૈન ધર્મનો પ્રભાવ અલૌકિક છે. નમસ્કાર હો એવા પુણ્યવંતને.

બુદ્ધ્યા વિનાપિ વિબુધાર્ચિત પાદપીઠ ।
સ્તોતું સમુદ્યતમતિર્વિગતત્રપોહમ્ ॥
બાલં વિહાય જલસંસ્થિત મિન્દુબિમ્બ ।
મન્યઃ ક ઇચ્છતિ જનઃ સહસા ગ્રહીતુમ્ ॥ ૩ ॥

**અર્થ**—જેનું ચરણાસન પણ દેવો વડે પૂજાએલું છે, એવા હે પ્રભુ ! જેમ કોઈ બાળક જળમાં પડેલા પ્રતિબિંબને એકદમ ગ્રહણ કરવાની ઇચ્છા કરે છે. પરન્તુ બીજો કોઈ માણસ ઇચ્છા કરતો નથી, તેવી રીતે મેં બુદ્ધિ વિના પણ લજ્જા વિહીન થઇને તમારી સ્તુતિ કરવામાં પ્રવૃત્તિ કરી છે.(૩)

**ऋद्धि : ओं ह्रीँ अर्हँ नमो परमोहिजिणाणं ॥**

**मंत्र : ओं ह्रीँ श्रीं क्लीं सिद्धेभ्यो बुद्धेभ्यो**

**सर्व सिद्धि दायकेभ्यो नमः**

આ ત્રીજા કાવ્ય–મંત્રને જપવાથી દુશ્મનની નજર બંધ થાય, જો ૨૧ વાર પાણીમંત્ર [ ઋદ્ધિમંત્રથી ] મુખે છાંટીએં તો સર્વેજન પ્રસન્ન થાય.

વક્તું ગુણાન્ ગુણ સમુદ્ર શશાંક કાન્તાન્ ।
કસ્તે ક્ષમઃ સુર ગુરૂ પ્રતિમોઽપિ બુદ્ધ્યા ॥
કલ્પાન્ત કાલ પવનોદ્ધત નક્રચક્રં ।
કો વા તરીતુમલમંબુનિધિં ભુજાભ્યામ્ ॥ ૪ ॥

**અર્થ**—હે ગુણસમુદ્ર ! પ્રલયકાળના પવનથી જેના વિષે **મગરમચ્છાદિ** જીવો ઉછળી રહ્યા છે એવા સમુદ્રને

હાથ વડે તરવાને કોઈ શકિતમાન હોય છે? [અર્થાત કોઇ નહિ.] તેવી રીતે ચંદ્રમા સમાન ઉજ્વલ તમારા ગુણોનું વર્ણન કરવાને બૃહસ્પતિ સરખો પણ ક્યાંથી શકિતમાન હોય? (૪)

**ऋद्धि : ओं ह्रीँ अर्हँ नमो सव्योहि जिणाणं ॥**

**मंत्र : ओं ह्रीं श्रीं क्लीं जलदेवताभ्यो नमः ॥**

આ ચોથા કાવ્યના મંત્રથી કાંકરી સાત લઇને ૨૧ અથવા ૧૦૮ વાર મંત્રી પાણીમાં નાંખવી, જેથી જળમાં માછલી આવે નહિં અને જીવદયા પળાય.

## વાર્તા ૨ શ્લોક ૩-૪

### દારીદ્ર દુર થાય છે.

વીરચંદભાઇ નામે એક શ્રાવક હતો.તે દયાળુ, નીતિમાન અને બુદ્ધિશાળી હતો. પરંતુ કર્મ સંયોગે તે બહુજ ગરીબ હતો. અનેક ધંધાઓ કરતા છતાં તે તેમાં ફાવ્યો નહિ.આ ગરીબાઈથી તેને હંમેશાં ખૂબ જ દુઃખ થતું. એક વખત તે ગામમાં કોઈ એક મોટા પૂ. આચાર્ય પધાર્યા. લોકોનાં ટોળે ટોળાં તેમનો ઉપદેશ સાંભળવા જવા લાગ્યા. વીરચંદભાઈ પણ એક દિવસ તેમનો ઉપદેશ સાંભળવા ગયા.પૂ.આચાર્યજીની અમૃતમય વાણી સાંભળીને એને ખૂબજ આનંદ થયો.તેને એ વાણી ફરી ફરીને સાંભળવાની ઇચ્છા થઇ. વ્યાખ્યાન પુરૂં થયું.લોકો મહાત્મા પુરૂષનાં વખાણ કરતાં વિખરાયા.પરંતુ વીરચંદભાઈ ત્યાંજબેસી

રહ્યા. આચાર્યશ્રીએ તેમને જોયા. અને વીરચંદભાઈની નજર પણ આચાર્યજી ઉપર પડી. તે ઉભો થયો. અને પૂ.આચાર્યજીના ચરણમાં નાના બાળકની માફક ઢળી પડયો. તેનું હૃદય ભરાઈ ગયું, અને આંખમાં ઝળઝળીયાં આવી ગયાં; તે નમ્ર સ્વરે બોલ્યો–પૂજ્ય ! આપનો અમૃતમય ઉપદેશ સાંભળ્યો, પરંતુ એ બધો ધર્મ જેની મનોવૃત્તિ શાન્ત હોય. જેનું જીવન સુખી હોય તેજ આચરી શકે. પરંતુ જેને ઘરમાં એક દિવસના પણ ખાવાના સાંસા હોય તે શી રીતે આવો ધર્મ આચરી શકે ?

પરમ દયાળુ મહાત્મા દ્રવિત હૃદયે બોલ્યા. ભાઈ ! જે સુખ-દુઃખ આવે છે તે પૂર્વ કર્મના યોગે જ આવે છે. જો પૂર્વ જન્મમાં પુણ્યદાન ન કર્યું હોય તો, આ ભવમાં દરિદ્રતા પ્રાપ્ત થાય છે, પરંતુ તે નષ્ટ કરવામાં ધર્મ એજ એક ઉત્તમ ઉપાય છે. જો તારી ઈચ્છા હોય તો હું આ બે શ્લોક (૩-૪)તને આપું છું તેનું શાંત ચિત્તે ચિંતવન કરજે,વળી તેનું એક ધ્યાનથી શ્રદ્ધાપૂર્વક નિરંતર સ્મરણ કરજે, જેથી તને જરૂર લાભ થશે.

વીરચંદભાઈ તો આવી અમૂલ્ય પ્રસાદી જ ઈચ્છતા હતા. તેણે એ બે શ્લોકોને કંઠાગ્ર કરી મહાપુરુષના ચરણમાં નમસ્કાર કરી પોતાના સ્થાને જઈ તેનું નિરંતર શ્રદ્ધા પૂર્વક સ્મરણ કરવા લાગ્યો.

આ વાતને કેટલોક વખત થઈ ગયો, એક વખત વીરચંદભાઇ નગરના એક પ્રતિષ્ઠિત શેઠની સાથે દેશાવર જવા

નીકળ્યા. દરિયામાં વહાણ પાણી કાપતું કાપતું ધીમે ધીમે આગળ વધતું જતું હતું. એક દિવસ એકદમ પવન ફર્યો અને ઘડીવારમાં દરિયો તોફાને ચઢ્યો. મોટા મોટા ભયાનક મોજાઓ વહાણ સાથે અથડાવા લાગ્યા. વહાણમાં રહેલા બધા લોકો ભયભીત થઈ ગયા. દરેક પોતાના ઇષ્ટ દેવનું સ્મરણ કરવા લાગ્યા. વીરચંદભાઇએ પણ ભકતામરના શ્લોકોનું શુદ્ધ મનથી આરાધના કરવા માંડી. થોડીવારમાં વહાણ ભાગ્યું, અને માણસો ડુબવા લાગ્યા. દૈવયોગે વીરચંદભાઇનેએક પાટીયું હાથમાં આવી ગયું, એજ તોફાનના તોફાની મોજાઓ વડે તે કાંઠા પર ઘસડાઈ આવ્યા. આવી સ્થિતિમાં પણ તે ભકતામરના શ્લોકોનું સ્મરણ કરતા હતા. તેની આ અચળ શ્રદ્ધાથી શાસન દેવી પ્રસન્ન થયા, અને તેને અનેક કિંમતી રત્નો તથા આભુષણો આપી સુરક્ષિત સ્થાને મુકી અદશ્ય થઈ ગઈ.

વીરચંદભાઈ પોતાને ઘેર પહોંચ્યાં. દેવીની આપેલી ભેટ વડે તે પૈસાદાર બન્યો. કંજુસાઈ ન કરતાં તેણે અનેક દુઃખી જીવોને સહાય કરવા લાગ્યો.

ધન્ય છે એવા અચળ શ્રદ્ધાળુ વીરચંદભાઇને.

## વિઘ્નહર શ્લોકો.

સોહં તથાપિ તવ ભક્તિવશાન્મુનીશ!
કર્તું સ્તવં વિગત શક્તિરપિ પ્રવૃત્તઃ;
પ્રીત્યાત્મવીર્યમવિચાર્ય મૃગો મૃગેન્દ્રં,
નાભ્યેતિ કિં નિજશિશોઃ પરિપાલનાર્થમ્ ॥૫॥

**ભાવાર્થ** :—હે મુનીશ્વર ! હું શકિત વિનાનો હોવા છતાં પણ તમારી ભકિતને લીધે તમારી સ્તુતિ કરવાને પ્રેરાયો છું" જેમ મૃગલો પોતાનું બળ વિચાર્યા વગરજ માત્ર પોતાના બચ્ચા પરની પ્રીતને લીધે જ તે બચ્ચાને માટે શું સિંહની સામે યુદ્ધ કરવા નથી દોડતો ! (૫)

**ऋद्धि : ओं ह्रीँ अर्हँ नमो अणंतोहिजिणाणं ॥**

**मंत्र : ओं ह्रीँ श्रीँ क्लीँ क्रौँ सर्व संकट निवारणेभ्यो सुपार्श्वयक्षेभ्यो नमोनमः स्वाहा-**

આ પાંચમા કાવ્ય-મંત્રથી પતાસા નંગ-૨૧ ને ૨૧-૨૧ વાર મંત્રીને જેને આંખો દુઃખતી હોય તેને આખો દિવસ ભૂખ્યો રાખીને સંધ્યાકાળે [ સૂર્યાસ્ત પહેલાં ] પાણીમાં ઓગાળીને પાવાં, જેથી આંખો દુઃખતી મટી જાય.

અલ્પશ્રુતં શ્રુતવતાં પરિહાસધામ,
ત્વદ્‌ભક્તિરેવ મુખરી કુરુતે બલાન્માम्,
યત્કોકિલઃ કિલ મધૌ મધુરં વિરૌતિ,
તચ્ચારૂ ચામ્રકલિકાનિકરૈક હેતુઃ ॥ ૬ ॥

**ભાવાર્થ**—હે સ્વામી ! હું અલ્પજ્ઞાનવાળો એટલે જ્ઞાન વિનાનો છું તેથી વિદ્વાનોમાં હું હાંસીને પાત્ર છું. તો પણ તમારા પરની ભકિત જ મને બળાત્કારે તમારી સ્તુતિ કરવામાં વાચાળ કરે છે. તે યોગ્ય જ છે. કારણ કે વસંત ઋતુમાં કોયલ જે મધુર શબ્દ કરે છે, તેનું કારણ મનોહર આંબાના મોરનો સમુહ જ છે. (૬)

ऋद्धि : ओं ह्रीं अर्हं नमो कुट्ठ बुद्धिणं ॥

मंत्र : ओं ह्रीं श्रां श्रीं श्रूं श्रः हंसंयः यः ठः ठः सरस्वती भगवती विद्याप्रसादं कुरु कुरु स्वाहा

આ છઠ્ઠા કાવ્ય અને મંત્રને ભણવાથી વિદ્વાન્ બનાય, ભૂલેલી વસ્તુ યાદ આવે, દરરોજ ૧૦૮ વાર મંત્ર ગણવાથી મુખનું તોતડાપણું, બોબડાપણું દૂર થાય.

ત્વત્સંસ્તવેન ભવસંતતિસન્નિબદ્ધં,
પાપં ક્ષણાત્ક્ષયમુપૈતિ શરીરભાજામ્ઃ
આક્રાન્ત લોકમલિ નીલમશેષમાશુ,
સૂર્યાંશુભિન્નમિવ શાર્વરમંધકારમ્ ॥૭॥

**ભાવાર્થઃ**—કોટિ ભવથી ઉત્પન્ન કરેલું પ્રાણીઓનું પાપ કર્મ તમારી સ્તુતિ કરવાથી તેજ સમયે નાશ પામે છે. જેમ લોકમાં ફેલાયેલું, અને ભમરાની જેવું કાળું, અંધારીઆની રાત્રિ સંબંધીનું સર્વ અંધારૂં સૂર્યના કિરણોથી ભેદાઈને તત્કાળ નાશ પામે છે તેમ. ॥ ૭ ॥

ऋद्धि : ओं ह्रीं अर्हं नमोबीय बुद्धीणं ॥

मंत्र : ओं ह्रीं श्रीं हं सौं श्रां श्रीं क्रौं क्लीं सर्व दुरित संकट क्षुद्रोपद्रव कष्ट निवारणं कुरु कुरु स्वाहा—

આ સાતમા કાવ્ય-મંત્રને ૧૦૮ વાર કાંકરી મંત્રીને સર્પના માથા ઉપર નાંખીએ તો સર્પ ચાલ્યો જાય, તેમ કરઠયો હોય તો સર્પનું ઝેર ચઢે નહિં.

## ૫-૬-૭ શ્લોકોના પ્રભાવની કથા

પટણા શહેરમાં **ધનાવહ** નામે શેઠ હતા. પાસે સારા પૈસા હોવા છતાં તે બહુજ પરોપકારી અને ધર્મિષ્ટ હતા તેમણે પટણા શહેરમાં એક સુશોભિત દહેરાસર બંધાવ્યું હતું. નિરંતર સેવા ભક્તિ કરતા આનંદ પૂર્વક પોતાના દિવસો વિતાવતા હતા. તેવામાં એક દિવસ એ શહેરમાં ધુલીપાત નામે એક વેષધારી સન્યાસી આવ્યો, અને પોતાનો મઠ જમાવી રહેવા લાગ્યો. તે કામણ ટુમણ જાણતો હતો, એટલે લોકોને અનેક ચમત્કારો બતાવી પોતાનો મહિમા વધારતો હતો ' દુનિયા ઝુકતી હૈ ઝુકાને વાલા ચાહિયે ' એ ન્યાયે અનેક લોકો પોતાના ધર્મને છોડી આ ધુર્ત સન્યાસીની જાળમાં ફસાવા લાગ્યા, અને ઘણા અનુયાયીઓ થવાથી તે પોતાને મોટો મહાત્મા કહેવડાવવા લાગ્યો.

વળી એક વખતે તેણે પોતાના સેવકોને ગર્વમાં કહ્યું કે "આખા નગરમાં કોઈ એવો માણસ છે કે જે મારા દર્શન કરવા ન આવ્યો હોય ?'

સેવકોએ કહ્યું—"હા જી, એક ધનાવહ શેઠ છે, જે જૈનધર્મ પાળે છે, તે તમારા દર્શને કદી આવ્યા જ નથી. તેઓ પોતાના ધર્મ સિવાય બીજા કોઈને માનતા જ નથી,"

ધુલીપાત સન્યાસી તો આ વચનો સાંભળીને એકદમ ક્રોધે ભરાયો અને હલકા દેવોની સહાય વડે તેણે ધનાવહ શેઠના ઘર ઉપર પત્થર તથા ધુળનો વરસાદ વરસાવ્યો,

આખું ઘર પત્થર અને ધુળથી ભરાઇ ગયું. શેઠે આ ધર્મ-સંકટ જાણીને ભક્તામરના ૫–૬–૭ શ્લોકોનું ચિંતવન કરવા માંડયું.

સાચી ધીરજ અને સચોટ શ્રદ્ધાથી શાસનદેવી પ્રત્યક્ષ થયા. શેઠની આ પરિસ્થિતિ નિહાળી પોતાના પ્રભાવ વડે એજ ધુળ અને પત્થર ધુલીપાત સન્યાસીના મઠમાં ભર્યા. સન્યાસીએ તેમાંથી ઉગરવા ઘણા ઘણા દેવ દેવીઓને બોલાવ્યા. પણ શાસન દેવીના પ્રભાવ આગળ કોઈ ટકી શકયું નહિ. આથી આ સંકટમાંથી બચવા ધુલીપાતે ધનાવહ શેઠની ક્ષમા માગી અને શેઠને વિનંતિ કરી, આ વિનંતિથી શાસન દેવીએ તેને તેમાંથી મુક્ત કર્યો. પરંતુ તેનું સર્વ અભિમાન ઉતરી ગયું, અને નગરના લોકો હાંસી કરવા લાગ્યા, પરંતુ આવી હાંસી સહન ન થવાથી શહેરમાંથી તે નાસી ગયો. શાસન દેવીના ચમત્કારથી જૈનધર્મનો મહિમા ઘણો જ વધ્યો.

જે પ્રભુના સ્મરણથી અનાદિકાળથી લાગેલી કર્મ રૂપી ધુળ થોડી વારમાં જ દુર થાય છે. તો પછી આ બહારની ધુળ દુર થાય તેમાં શું આશ્ચર્ય છે ?

તમે પણ નિરંતર આ સ્તોત્ર ભણી તમારા આત્માને ધનાવહ શેઠની જેમ પવિત્ર બનાવજો.

મત્વેતિ નાથ તવ સંસ્તવનં મયેદ-
મારભ્યતે તનુધિયાઽપિ તવ પ્રભાવાત્ ;
ચેતો હરિષ્યતિ સતાં નલિની દલેષુ,
મુક્તા ફલ દ્યુતિમુપૈતિ નનૂદબિન્દુઃ ॥ ૮ ॥

**ભાવાર્થ**:—ઉપર કહ્યા પ્રમાણે તમારૂં સ્તવન કરવું ઘણું અઘરૂં છે પણ સર્વ પાપને હણનારૂં છે એમ માનીને હે નાથ ! મારી અલ્પ બુદ્ધિ છતાં પણ મેં આ તમારૂ સ્તોત્ર રચવાનો આરંભ કર્યો છે,તે તમારાજ પ્રભાવથી સારા પુરૂષોના મનને રંજન કરશે. કેમકે કમલિનીના પત્ર પર રહેલું પાણીનું બિંદુ પણ મોતીની શોભાને પામે છે. ( ૮ )

ऋद्धि : ओं ह्रीं अर्हं नमो अरिहंताणं नमो-
पयाणुसारीणं ॥

मंत्र : ओं ह्रां ह्रीं ह्रूं ह्रः अप्रतिचक्रे फट् विचक्राय झ्रौं झ्रौं स्वाहा ॥ [ ओं ह्रीं लक्ष्मण-रामचन्द्र-देव्यैनमः ]

આ આઠમા કાવ્યમંત્રને મીઠાની ૨૧ કાંકરી લઈને ૧૦૮ વાર મંત્રીને ઝાડવાથી વ્રણ, ગૂમડા વિ મટે, ચામડીના રોગ સારા થાય.

આસ્તાં તવ સ્તવન મસ્ત સમસ્તદોષં;
ત્વત્સંકથાપિ જગતાં દુરિતાનિ હન્તિ;
દુરે સહસ્રકિરણઃ કુરુતે પ્રભૈવ,
પદ્મા કરેષુ જલજાનિ વિકાસભાંજિ. ॥ ૯ ॥

**ભાવાર્થ** :—હે સ્વામી ! પાપને નાશ કરનારૂં તમારૂં સ્તવન તો દૂર રહો પણ માત્ર તમારી આ ભવ અને પર-ભવના ચારિત્રની કથાજ અથવા તમારૂં નામજ ત્રણ જગતના પ્રાણીઓનાં પાપનો નાશ કરે છે. જેમ સૂર્ય તો દૂર રહો, પણ માત્ર તેની કાંતિજ સરોવરમાં રહેલા કમળોને વિકસાવે છે. (૯)

**ऋद्धि : ओं ह्रीं अर्हं नमो अरिहंताणं ह्राँ ह्रीँ ह्रूं फट् स्वाहा ॥**

**मंत्र : ओं ह्रीं श्रीं क्रौं कलीं र: र: र: हं हं नम: ॥**

આ નવમા કાવ્ય મંત્ર વડે ચાર કાંકરી લઈને ૨૧ અથવા ૧૦૮ વાર મંત્રીને ચારે દિશામાં નાખવી ચોર ચોરી કરી શકે નહિ અને સ્થંભિત થાય.

તા. ક. ઋદ્ધિમંત્રને સિદ્ધ કરવા માટે યોગી પુરુષોની આસેવના તથા ઉપાસનાની ખાસ જરૂર પડે !

## શ્લોક ૮-૯ નો પ્રભાવ બતાવનારી કથા.

વસંતપુરમાં કેશવદત્ત નામે એક વણિક રહેતો હતો. તે બહુજ નિર્ધન અને અધર્મી હતો, નિર્ધન હોવાથી ગરીબાઇનો પાર ન હતો. ઘરમાં એક દિવસનું ભોજન કરવાના પણ સાંસા હતા. એક દિવસ કોઈ પ્રભાવશાળી મહાત્મા એજ નગરમાં પધાર્યા અને ગામના બીજા માણસોની સાથે કેશવદત્ત પણ એ પવિત્ર મુનિનો ઉપદેશ સાંભળવા ગયા. જો કે પોતે ધર્મમાં બીલકુલ શ્રદ્ધાવાન ન હતો, છતાંય આ મુનિના

ઉપદેશથી તેના હૃદય ઉપર ઘણીજ સારી છાપ પડી. તેણે શાસ્ત્રનો અભ્યાસ પણ કરવા માંડયો. મુનિમહારાજના કહેવાથી તે નિરંતર ભકતામરસ્તોત્રનું ચિંતવન કરવા લાગ્યો.

ધીમે ધીમે તેના ઘરમાંથી ગરીબાઈ ઓછી થવા લાગી, અને થોડા પૈસા પણ તેણે બચાવ્યા. તે લઇને પોતે પરદેશમાં વિશેષ ધન કમાવાને નીકળ્યો. પરંતુ રસ્તામાં જ તેને એક ઠગ મળ્યો. તે ઠગ બહુ ચાલાક અને બોલવામાં મીઠો હતો. તેણે કેશવદત્તને કહ્યું કે, "જો ભાઈ! હું પણ તારા જેવોજ ગરીબ છું, અને પૈસા કમાવા નીકળ્યો છું પરંતુ તપાસ કરતાં મને એક કુવો હાથ લાગ્યો છે. તેમાં એક પ્રકારનો એવો રસ છે કે જો લોઢા ઉપર તે રસ છાંટીયે તો સોનું થઈ જાય. માટે જો તમે એ કુવામાં ઉતરીને આ તુંબડું રસથી ભરી આવો તો આપણા બન્નેનું દારિદ્ર દૂર થાય,' ઠગના લાલચ ભર્યા વચનો સાંભળીને કેશવદત્ત કુવામાં ઉતરવા તૈયાર થયો. કેડે એક દોરડું બાંધ્યું અને તેનો એક છેડો ઠગના હાથમાં આપ્યો. ધીમે ધીમે દોરડાની મદદથી કેશવદત્ત કુવામાં ઉતર્યો. રસથી તુંબડું ભરી લીધું. પછી કાંઠે ઉભેલા ઠગે ધીમે ધીમે દોરડું ખેંચ્યું અને કેશવ દત્ત ખેંચાતો ખેંચાતો ઠેક કાંઠા લગભગ આવ્યો એટલે ઠગે કહ્યું. "તું પહેલાં મને તુંબડું આપ, પછી હું તને ઉપર ખેંચી લઉં, કારણ કે વખતે તુંબડામાંથી રસ ઢોળાઈ જાય તો વળી ફરી મહેનત કરવી પડે."ભોળો કેશવદત્ત ઠગની લુચ્ચાઈ સમજ્યો નહિ, અને તુંબડું ઠગના હાથમાં આપ્યું.

ઠગે તુંબડું હાથમાં આવતાં જ એકદમ દોરડું છોડી દીધું એટલે બિચારો કેશવદત્ત કુવાના તળીયે જઈ પડયો.

બરાબર સીધો પડવાથી બહુ વાગ્યું તો નહિ, પરંતુ મુંઝાવા લાગ્યો, અને અનેક દેવ દેવીઓને આ દુઃખમાંથી છોડાવવા પ્રાર્થના કરવા લાગ્યો. ત્યાંજ તેને ભક્તામરસ્તોત્રનું સ્મરણ યાદ આવ્યું અને તેના ૮ તથા ૯ મા શ્લોકોનું ચિંતવન કરવા લાગ્યો.

એક ચિત્તે આરાધના કરતાં સાક્ષાત ચક્રેશ્વરી દેવી પ્રગટ થયાં અને તેને કુવામાંથી બહાર કાઢયો તથા તેનું દારિદ્ર દૂર કરવા અનેક રત્નો આપી તેને સહીસલામત વસંતપુર પહોંચાડયો.

જો પ્રભુના સ્મરણથી કર્મરૂપી મહાન ઠગો નાસી જાય તો આ બહારના ઠગોના ભયમાંથી પાર પમાય એમાં શું આશ્ચર્ય છે? તમે પણ કેશવદત્તની જેમ શુભ ભાવે આ સ્તોત્રનું નિરંતર સ્મરણ કરજો. તેથી તમારી અનેક મુશ્કેલીઓ દૂર થશે જ. એ હૃદયમાં જરૂર માનજો.

---

## લક્ષ્મી પ્રાપ્ત થાય છે.

નાત્યદ્ભુતં ભુવનભૂષણ ભૂતનાથ!
ભૂતૈર્ગુણૈર્ભુવિ ભવંતમભિષ્ટુ વન્તઃ;
તુલ્યા ભવન્તિ ભવતો નનુ તેન કિંવા,
ભુત્યાશ્રિતં ય ઇહ નાત્મસમં કરોતિ. ॥૧૦॥

**ભાવાર્થ**:—જગતના ભૂષણ સમાન હે નાથ ! આ પૃથ્વી ઉપર તમને તમારા સાચા ગુણોએ કરીને સ્તુતિ કરનારા પ્રાણીઓ તમારા જેવા થઈ જાય છે, તેમા કાંઈ આશ્ચર્ય નથી. કારણ કે આ જગતમાં જે કોઈ સ્વામિ પોતાના સેવકને પોતાના જેવી સમૃદ્ધિવાળો ન કરે તો તેવા સ્વામિની ભક્તિ કરવાથી શું ? ॥ ૧૦ ॥

**ऋद्धि : ओं ह्रीं अर्हं नमो पत्तेअबुद्धीणं ॥**

**मंत्र : ओं ह्राँ ह्रीँ ह्रूँ ह्रौं ह्रः श्राँ श्रीँ श्रूँ श्रः सिद्धि बुद्धि कृतार्थो भव वषट् संपूर्ण स्वाहाः ॥**

આ કાવ્ય-મંત્રથી મીઠાની કાંકરી સાત લઈને ૨૧ અથવા ૧૦૮ વાર મંત્રીને ઝાડવાથી તેમજ પાણી મંત્રીને પીવાથી હડકાયા કૂતરાની અથવા બીજા કૂતરાની દાઢ કરડયાની પીડા શમી જાય.

દૃષ્ટ્વા ભવંતમનિમેષ વિલોક નીયમ્,
નાન્યત્ર તોષમુપયાતિ જનસ્ય ચક્ષુઃ,
પીત્વા પયઃ શશિકર દ્યુતિ દુગ્ધસિન્ધોઃ ;
ક્ષારં જલં જલનિધેરશિતુંક ઇચ્છેત્. ॥ ૧૧ ॥

**ભાવાર્થ**:—હે પ્રભુ ! સ્થિર દૃષ્ટિએ જોવાલાયક તમને જોઈને પછી માણસની દૃષ્ટિએ બીજાને જોવામાં સંતોષ પામતી નથી. જેમ ચંદ્રના કિરણોના જેવી ઉજ્જવળ કાંતિવાળા ક્ષીર

સમુદ્રના પાણીને પીને, પછી લવણ સમુદ્રનું ખારૂં પાણી પીવાની કોણ ઇચ્છા કરે ? ॥ ૧૧ ॥

**ऋद्धि : ओँ ह्रीँ नमो सयंबुद्धीणं ॥**

**मंत्र : ओँ ह्रीँ श्रीँ क्लीँ श्रां, श्रीँ श्रों कुमतिनिवारणे महामायाये नमः स्वाहाः ॥**

પ્રથમ સ્નાન કરીને પવિત્ર થઈ અભોગ એવું સફેદ વસ્તુ પહેરીને આ કાવ્ય મંત્રથી સરસવના ૧૨૦૦૦ દાણા મંત્રીને ચારે દિશામાં નાંખવા, આયંબીલ કરવું જેથી જલનું આકર્ષણ થાય, મેઘાગમન થવાથી વરસાદ આવે.

## શ્લોકો ૧૦-૧૧ નો પ્રભાવ બતાવનારી કથા.

અણહિલપુર પાટણમાં કમદી નામનો એક શેઠ રહેતો હતો. તેને ભક્તામરસ્તોત્ર ઉપર બહુજ શ્રદ્ધા હતી. નિરંતર સવાર-સાંજ અને બપોર એમ ત્રણ વખત તે ભકતામર સ્તોત્રનું વિધિસર આરાધન કરતો હતો.

એક દિવસ તેની આ સાધનાથી શાસનદેવ પ્રગટ થયા અને કહ્યું, હું તારી ભક્તિથી પ્રસન્ન થયો છું. માગ ! માગ !

શેઠને પોતાની ગરીબ અવસ્થા યાદ આવી અને ખૂબ ધન આપવાની માગણી કરી. ત્યારે શાસનદેવે કહ્યું "આજે સાંજના તારા ઘર પાસે એક કામધેનુ ગાય આવશે તેને તું તારે ઘેર રાખજે અને દરરોજ તેનું જેટલું દૂધ નીકળશે તેટલું તે ઘડામાં દૂધને બદલે સોનું થઈ જશે. તે ગાય

તારે ત્યાં એકત્રીસ દિવસ રહેશે. અને એકત્રીસ ઘડા સોનાના ભરાશે.'' આટલું કહી શાસનદેવ અંતર્ધ્યાન થઈ ગયા.

શેઠ આ સાંભળીને ખૂબ ખુશ થયા. સાંજનો સમય થવા આવ્યો એટલે શેઠના બારણા પાસે એક સુંદર કાળી ગાય આવી. શેઠે તેને પોતાને ત્યાં બાંધી દીધી. બીજે દિવસે ભકતામરસ્તોત્રનું વિધિપૂર્વક સ્મરણ કરી ગાયને દોહી તો ઘડો દૂધથી ભરાઈ ગયો અને દૂધનું સોનું બની ગયું

આ પ્રમાણે એક પછી એક એમ ત્રીસ દિવસ પસાર થઈ ગયા.શેઠે અટ્ઠમની તપશ્ચર્યા કરી. છેલ્લા દિવસે શાસનદેવની આરાધના કરી અને ફરી દેવ પ્રગટ થયા.

શેઠે નમસ્કાર કરી વિનંતિ કરી. હે શાસન દેવ! ''આપે મને પુષ્કળ ધન આપી મારૂં દારિદ્ર તો દૂર કર્યું છે, પરંતુ હવે મારી એક ઈચ્છા છે તે પૂર્ણ કરો જેથી જૈન ધર્મનો મહિમા વધે.'' શેઠના આ નમ્ર વચનો સાંભળીને શાસન દેવ બહુ ખુશ થયા અને તેની શી ઇચ્છા છે તે જણાવવા કહ્યું.

ત્યારે શેઠે નમ્રભાવે કહ્યું. કે હે દેવ? આ કામધેનુને એક દિવસ વધારે રાખો તો એના અમૃત જેવા દૂધથી આખા નગરના જૈનોને હું ખીરનું ભોજન કરાવું એવી મારી ઈચ્છા છે.

શાસનદેવે તેની આ માગણી કબુલ રાખી અને બત્રીશમા દિવસે કમદી શેઠે બધા સાધર્મીકભાઇઓને જમવાનું

આમંત્રણ આપ્યું. એટલું જ નહિ પણ તે નગરના રાજાને જમવા બોલાવ્યો. દૈવી કામધેનુના દૂધથી બનાવેલ ઉત્તમ ખીરનું ભોજન કરી સહુ સંતોષ પામ્યા. શેઠે પ્રભુ ભકિતથી અને શાસનદેવની કૃપાથી પોતાને જે લાભ મળ્યો હતો તે કહી બતાવ્યો, અને દેવે અર્પેલ દ્રવ્ય પણ બતાવ્યું. આથી સર્વ માણસો આશ્ચર્ય પામ્યા અને ભકતામરસ્તોત્રનો આવો મહિમા જાણી જૈનધર્મનાં વખાણ કરવા લાગ્યા. રાજા પણ નવાઈ પામ્યો અને કમદી શેઠને મળેલ દ્રવ્યનો સદુપયોગ કરવાની સારી સલાહ આપી.

જેણે ગરીબાઇના અનેક દુઃખો ભોગવ્યા હોય તે બીજાના ઉપર ઉપકાર કરવાનું કેમ ભૂલે ? કમદી શેઠે છુટે હાથે અનેક ક્ષેત્રોમાં ધન વાપર્યું અને પોતે શાંતિમય જીવન વીતાવ્યું.

પ્રભુ ભક્તિના અને ધર્મના પ્રભાવથી જન્મ-જરા અને મરણનાં અનેક દુઃખો દૂર થાય છે તો પછી ગરીબાઈનું દુઃખ દૂર થાય તેમાં શી નવાઇ ? તમે પણ એ દુઃખને દૂર કરવા ઇચ્છિતા હો તો નિરંતર કમદી શેઠની પેઠે આ પવિત્ર સ્તોત્રનું આરાધન કરજો.

## ધર્મની અવગણના કરનારને સજા.

યૈઃ શાન્તરાગરૂચિભિઃ પરમાણુભિસ્ત્વં,
નિર્માપિતસ્ત્રિભુવનૈકલલામભૂત !
તાવન્ત એવ ખલુ તેઽપ્યણવઃ પૃથિવ્યાં !
યત્તે સમાનમપરં નહિ રૂપમસ્તિ ॥ ૧૨ ॥

**ભાવાર્થ**—ત્રણ ભુવનના અદ્વિતીય અલંકાર રૂપ હે પ્રભુ ! રાગ દ્વેષની કાન્તિને શાંત કરનાર અથવા શાંત રસની કાંતિવાળા જે પરમાણુ વડે તમારૂં શરીર બન્યું છે તે પરમાણુઓ પૃથ્વી પર તેટલાજ છે. કેમકે આ જગતમાં તમારા જેવું બીજા કોઈનું અસીમ રૂપ નથી. ॥ ૧૨ ॥

**ऋद्धि : ॐ ह्रीँ अर्हं नमो बोहीय बुद्धीणं स्वाहाः ॥**

**मंत्र : ओं श्रां अं अ अः सर्व राजा प्रजा मोहिनी सर्व-जन वश्यं कुरु कुरु स्वाहा ॥**

આ બારમા કાવ્ય મંત્રને ૧૦૮ વાર મીઠું તેલ મંત્રીને હાથીને પાવાથી મદ ઉતરે, તેલ મંત્રી મુખે ચોપડવાથી (જેના નામ પૂર્વક) તે વ્યક્તિ વશ થાય.

તા. ક. પૂ. આચાર્ય ભગવંતો સૂરિમંત્રની આરાધનામાં આ બારમી ગાથથી ૧૯ મી ગાથા સુધી આરાધન કરે છે. શ્રુતદેવતાની ભક્તિ માટે શાસન પ્રભાવનામાં આ ૮ ગાથાઓ અત્યંત ઉપયોગી છે,

સ્ફટીકની માલા, ૧૨ થી ૧૯ ગાથા ગણી ત્યાર બાદ પાંચ પદો પૂર્વક મંત્રાક્ષર ગણે તો સરસ્વતીની કૃપા થાય છે. ટાઈમ જગ્યા આસન માલા એક જ અનિવાર્ય છે.

## શ્લોક ૧૨ માના પ્રભાવ બતાવનારી કથા.

ચંપાનગરીમાં કર્ણ નામે એક રાજા હતો. તે બહુ ન્યાયી અને ધર્મિષ્ઠ હતો. તેને સુબુદ્ધિ નામે પ્રધાન

હતો. તે જૈન ધર્મને વિષે બહુજ ભક્તિવાળો હતો, એક વખંત રાજા પોતાનો દરબાર ભરીને બેઠો છે, તેવામાં એક જાદુગર આવ્યો. તેણે રાજાને કહ્યું, કે જો આપની રજા હોય તો હું મારી કળા બતાવું.

રાજાની રજા મળવાથી તે અનેક જુદા જુદા વેશ કાઢી આખી સભાને ખુશ કરવા લાગ્યો, ધીમે ધીમે જોનાર માણસો તેનું વખાણ કરવા લાગ્યા. તેથી તે મર્યાદા મૂકવા લાગ્યો. અને સામાન્ય મનુષ્યોના વેષ કાઢવાને બદલે અનેક દેવદેવીઓના કૃત્રિમ વેશ કાઢી તેમની મશ્કરી કરી બધા લોકોને હસાવવા લાગ્યો. જ્યારે દેવીઓની મશ્કરી કરી તે સારૂં નહિં અને તે સહન થઇ શકયું નહિં.

ત્યારે સુબુદ્ધિ પ્રધાને તેને કહ્યું: "તું અનેક વેષ ભલે કાઢે, પરંતુ દેવ-દેવીઓના વેશ કાઢવા અને તેમની મશ્કરી કરવી તે વ્યાજબી નથી." તે ઉચિત નથી.

પરંતુ જે બીજાને ખુશ કરવા જ આવ્યો હતો તે એમ કેમ માને ? રાજા વિગેરે પણ જોવામાં મશગુલ હતા એટલે તેમણે આ કાંઇ ગણકાર્યું નહિ. જાદુગરે થોડીવારે શંકર વિષ્ણુ-રામ વિગેરેના વેશ કાઢી મશ્કરી કરી. સર્વને હસાવવા લાગ્યો. વળી આગળ વધી જૈનસાધુ અને તીર્થંકરોના પણ વેષ કાઢયા.

સુબુદ્ધિથી આ સહન ન થયું એટલે તેણે ત્યાં બેઠા બેઠા એક ચિત્તે ભકતામર સ્તોત્રના આ બારમા શ્લોકનું ચિંતવન કર્યું. તરત જ શાસન દેવી આવ્યા અને વેશ કાઢી

ધર્મની હેલણા કરનાર જાદુગરને ભરસભામાં એક તમાચો લગાવ્યો. તમાચો પડતાની સાથે જાદુગરનું મોઢું વાંકુ થઈ ગયું અનેક પ્રકારના પ્રયત્ન કરવા છતાંય સીધું ન થયું, ત્યારે આખી સભા હસવા લાગી.આથી જાદુગર મૂંઝાયો.છેવટે તેણે એ વેષ છોડી દીધો અને પ્રધાનની ક્ષમા માગી. પ્રધાને પણ દેવીને પ્રાર્થના કરવાથી તેનું વાંકુ થયેલું મોઢું સીધું કર્યું. અને રાજાને તથા સભાજનોને જૈન ધર્મનો તથા ભક્તામર સ્તોત્રનો મહિમા સમજાવ્યો.

જેના એક શ્લોકમાંજ આવી શક્તિ છે તો આખા સ્તોત્રમાં મહાન શક્તિ હોય તેમાં શું આશ્ચર્ય છે? એમ જાણીને રાજા વિગેરે ઘણા માણસો જૈન ધર્મના રાગી થયા અને જૈન ધર્મનો મહિમા ફેલાવ્યો,

પ્રભુનાં સ્મરણથી કર્મરૂપી ઠગો હતાશ થઈ જાય, તો પછી આ મનુષ્યરૂપી ઠગ (જાદુગર) હતાશ થાય તેમાં શી નવાઈ છે પણ માત્ર એક ચિત્તથી અને સાચી શ્રદ્ધાથી તેનું આરાધન કરવું જોઈએ. આ શ્લોકના વારંવાર રટણથી મદારીના ખેલ ફલીભૂત થતા નથી,

---

**વક્ત્રં ક્વ તે સુરનરોરગનેત્રહારિ,**
**નિઃશેષનિર્જિત જગત્ત્રિતયોપમાનમ્;**
**બિમ્બં કલંકમલિનં ક્વ નિશાકરસ્ય,**
**યદ્વાસરે ભવતિ પાંડુપલાશકલ્પમ્. ૧૩**

**ભાવાર્થ**:-હે સુંદર મુખવાળા પ્રભુ ! દેવ, મનુષ્ય અને ભુવનપતિની આંખને હરનારૂં મનોહર તથા ત્રણ જગતમાં રહેલી (કમળ, દર્પણ, ચંદ્ર વિગેરે) સર્વ ઉપમાઓને જીતનારૂં મુખ ક્યાં ? અને કલંકથી મલિન થયેલું તથા દિવસે ખાખરાના પાન જેવું ફીકું દેખાતું ચંદ્રનું બિંબ ક્યાં ? ॥ ૧૩ ॥

**ऋद्धि : ओं ह्रीँ अर्हं नमो ऋजुमइणं ॥**

**मंत्र : ओं ह्रीँ श्रीँ हंसः ह्रौं ऐं ह्रीं ह्रीँ द्राँ द्रीँ द्रौँ द्रः मोहिनी सर्व जन वश्यं कुरु कुरु स्वाहा ॥**

આ તેરમા કાવ્ય-મંત્રથી સાત કાંકરીને ૨૧ અથવા ૧૦૮ વાર મંત્રિત કરીને કપડાની ચોગઠી કરીને ચારે તરફ ગોળ કરવી-જેથી ચોર આવે નહિ. ભુત-પ્રેત આદિનો ભય નહિ લાગે.

સમ્પૂર્ણમંડલશાંકકલાકલાપ,
શુભ્રા ગુણાસ્ત્રિભુવનં તવ લંઘયન્તિ;
યે સંશ્રિતાસ્ત્રિજગદીશ્વરનાથમેકં,
કસ્તાન્નિવારયતિ સંચરતો યથેષ્ટમ્ ॥ ૧૪ ॥

**ભાવાર્થ**-હે ત્રિલોકના નાથ ! પૂર્ણીમાના ચંદ્રની કળાના સમૂહ જેવા ઉજળા તમારા ગુણો આખા ત્રણ જગતને ઓળંગે છે-અથવા તો વ્યાપીને રહેલા છે, તે યોગ્યજ છે. કારણકે જેઓ સમર્થ સ્વામીના આશ્રિત હોય તેઓ પોતાની ઈચ્છા પ્રમાણે (સર્વત્ર) બધી જગાએ ફરી શકે છે. તેમને કોઇ પણ રોકવા શક્તિમાન નથી. ॥ ૧૪ ॥

ऋद्धि : ओं ह्रीं अर्हं नमो विपुलमइणं ॥
मंत्र : ओं ह्रीं नमो भगवती गुणवती महामानसी स्वाहा ॥

આ ચૌદમા કાવ્ય-મંત્ર જપવાથી આંધી-ઝાંખી-વંટોળીયો-ધૂળવર્ષા આદિ ઉપદ્રવોનો નાશ થાય.

---

## શ્લોક ૧૩-૧૪ નો પ્રભાવ બતાવનારી કથા.

અણુહિલપુર પાટણમાં સત્યવાન નામે એક શ્રાવક રહેતો હતો. તેને ડાહી નામે એક પુત્રી હતી. પિતાપુત્રી ધર્મ ઉપર ખૂબજ શ્રદ્ધાળુ હતાં. અને સત્યવાન હંમેશા ત્રિકાળ ભકતામર સ્તોત્રનું ચિંતવન કરતો હતો. તે જોઈને પુત્રીએ પણ દિવસમાં એકવાર તો ભક્તામર સ્તોત્ર ભણવુ. એવો નિયમ લીધો.ભક્તામર પાઠ કરવા લાગી.

સમય જતાં પુત્રી મોટી થઈ, અને ભરૂચ શહેરમાં પરણાવી. એક વખત તે કુંટબી માણસો સાથે પાટણથી ભરૂચ જવા નીકળી, રસ્તામાં સખત થાક લાગવાથી તેઓ બધા એક તળાવને કિનારે આરામ લેવા બેઠા ત્યાંજ અચાનક પંદર-વીશ હથીયારબંધ લુંટારાઓએ તેમને ઘેરી લીધા.

સાથેના માણસો લુંટારાઓની સામે થયા પરંતુ લુંટારાઓના બળ આગળ તેઓ ટકી શકયા નહિ. તેથી નાસી ગયા. ત્યારે લુંટારાઓએ ડાહીને સતાવવા માંડી, તેણે ઘણી ઘણી આજીજી કરી, પરંતુ લુંટારાએ તે માની નહિ. ત્યારે ડાહીએ શુદ્ધ ચિત્તે ભકતામરના ૧૩-૧૪ શ્લોકોનું આરાધન

કરવા માંડયું. તેના શુદ્ધ શિયળના પ્રતાપે પાણી છાંટવાથી તરતજ બધા લુંટારાઓ થંભી ગયા.

પછીથી ડાહીએ નાસી ગયેલા પોતાના સંબંધીઓને બોલાવી ચાલવાની તૈયારી કરવા માંડી, ત્યારે લુંટારાઓનો સરદાર નમ્ર ભાવે બોલ્યો કે 'હે બેન! અમોએ તમારી જેવા પવિત્ર બાઇને સતાવી તે માટે અમે દીલગીર છીએ. હવેથી અમે એવું કામ નહિ કરીએ. પરંતુ મહેરબાની કરી અમને આ દુઃખમાંથી છોડતા જાઓ. અમારા હાથ પગ થંભી ગયા છે."

લુંટારાની આજીજીભર્યાં વચનો સાંભળીને ડાહીને તથા સાથેના બધા માણસોને દયા આવી અને બીજી વાર એજ શ્લોકોનું ચિંતવન કરી પાણી છાંટયું. તેથી સર્વ લુંટારાઓ છુટા થઈ ગયા અને ફરીથી કોઇને પણ આવી રીતે નહિં સતાવવાના સોગંદ લઈ ત્યાંથી વિદાય થયા.

આ તરફ સાથેના સંબંધી માણસો પણ ડાહીના શીયળનો આવો પ્રભાવ જાણી બહુજ આનંદ પામ્યા. અને જ્યારે ભરૂચ નગરમાં આ વાત ફેલાઈ ત્યારે તો જૈન ધર્મનો ઘણોજ પ્રભાવ વધ્યો.

આત્માના સારા ગુણોને લુંટનાર ક્રોધ–માન–માયા અને લોભ રૂપ લુંટારા પણ જો પ્રભુના સ્મરણથી થંભી જાય છે. તો આ મનુષ્ય લુંટારા થંભે એમાં નવાઈ શી? કારણ કે પ્રભુ સ્મરણનો મહિમા જ અલૌકિક છે.

તમે પણ નિરંતર એવી રીતે પ્રભુ સ્મરણ કરજો.

---

## પિશાચ્ચ દૂર થાય છે.

ચિત્રં કિમત્ર યદિ તે ત્રિદશાંગનાભિ-
ર્નીતં મનાગપિ મનો ન વિકાર માર્ગમ્ ;
કલ્પાન્તકાલમરૂતા ચલિતા ચલેન,
કિં મંદરાદ્રિશિખરં ચલિતં કદાચિત્ ॥૧૫॥

ભાવાર્થ :—હે નિર્વિકારી પ્રભુ ! જો દેવાંગનાઓએ શૃંગાર વિગેરેની ચેષ્ટા વડે પણુ તમારા મનને જરાપણુ વિકાર પમાડયો નહી તો તેમાં શું આશ્ચર્ય છે ! કારણુ કે બીજા પર્વતોને કંપાવનાર પ્રલયકાળનો વાયુ શું કદાપિ મેરૂ પર્વતના શિખરને કંપાવી શકે ? ॥ ૧૫ ॥

ऋद्धि : ओं ह्रीँ अर्हं नमो दसपुव्वीणं ॥

मंत्र : ओं नमो भगवती गुणवती सुसिमा पृथिवी वज्रशृंखला मानसी महामानसी स्वाहा– ॥

આ પંદરમા કાવ્ય-મંત્રથી મીઠું-તેલ અથવા ફુલને ૨૧ વાર મંત્રીને મોં ઉપર લગાડવું-જેથી સર્વ અધઢા મટે, રાજ્ય દરબારમાં માન મલે, જીત થાય, દરરોજ વિધિપૂર્વક ૧૦૮ વાર ગણુવાથી મનના તમામ વિકારો મટે અને સંપત્તિ મેળવ્યા વિના રહે નહિ.

## શ્લોક ૧૫ નો પ્રભાવ બતાવનારી કથા.

ચંપાનગરીમાં ધુરસેન નામે એક રાજા હતો. તે બહુજ દયાળુ અને નીતિવાન હતો. તેને ગુણચંદ્ર નામે એક પ્રધાન હતો. તે પણ બહુજ ગુણવાન અને ન્યાયી હોવાથી રાજા તથા પ્રજા બન્નેને પ્રિય હતો.

એક વખત અચાનકજ રાજા ધુરસેનને કોઈ કારણના લીધે એક પિશાચ વળગ્યો, તેથી રાજા લગભગ બેભાન સ્થિતિમાં જ રહેવા લાગ્યો. તેથી તે કેટલીકવખત તો અયોગ્ય કામો પણ કરી બેસતો.

આ પિચાશને કાઢવા માટે પ્રધાન ગુણચંદ્રે બહુ બહુ ઉપાયો કર્યા પરંતુ કોઈથી એ પિશાચ નીકળી શકયો નહિ. ત્યારે રાજા તથા પ્રધાન બન્ને ખુબજ મુંઝાવા લાગ્યા.

એવામાં એક વખત એજ નગરીમાં કોઇ બહુ પ્રભાવિક સાધુ મહારાજ પધાર્યા. તેઓ બહુજ શાંત અને પવિત્ર હતા. તેમનો અમૃતમય ઉપદેશ સાંભળીને ઘણા માણસોએ પ્રધાનને કહ્યું કે આ જૈન મહાત્માને વિનંતિ કરવામાં આવે તો જરૂર તેઓ રાજાને વળગેલા પિશાચને કાઢી શકે.

પ્રધાનને તો એટલું જ જોઈતું હતું. તે બેચાર સારા માણસો સાથે એ સાધુ મહાત્માના ઉપાશ્રયે ગયા અને વિનંતિ કરી કે-"હે મહાત્મન્! આપ તો પરદુઃખ ભંજન છો, જો આ રાજાના પિશાચને આપ કાઢશો તો તેથી "એકપંથને દો કાજ" જેવું થશે. કારણ કે ઘણા માણુસોએ પ્રયત્ન કર્યા છતાં

પણ તેમાં તેઓ નિષ્ફળ નિવડયા છે અને આપ જો કાંઇ કરશો તો તેથી જૈન ધર્મનો મહિમા વધશે અને જૈન ધર્મ એ પ્રભાવિક ધર્મ છે તથા તેને પાળનાર પુરુષો પણ પવિત્ર છે. એવી લોકની માન્યતા થશે. માટે જો આપ કાંઈ કૃપા કરો તો ઠીક." આપની કીર્ત્તિ જગમાં ફેલાશે.

પ્રધાનના આ પ્રકારના વચનો સાંભળીને અને આ કાર્ય પરિણામે ફળદાયક છે એમ જાણીને મહાત્માએ તેમને બીજા દિવસે કહ્યું.

રાત્રિએ મહાત્માએ ભકતામર સ્તોત્રના ૧૫મા શ્લોકની આરાધના વડે શાસનદેવીને બોલાવ્યા. અને રાજાના આ દુઃખનો ઉપાય પૂછયો. ત્યારે દેવીએ કહ્યું કે, ' આજ શ્લોકનું ચિંતવન કરી આ રાખની ચપટીથી રાજાના કપાળમાં ચાંલ્લો કરજો એટલે રાજા તે દુઃખથી મુક્ત થશે."

સવારે પ્રધાન વિગેરે ઘણા માણસો સહિત રાજા તે મહાત્મા જે ઉપાશ્રયે હતા ત્યાં આવ્યા અને વંદન કરી બેઠા. ત્યારે પ્રધાને વિનંતિ કરવાથી મહાત્માએ રાખની ચપટી ભરી ૧૫મા શ્લોકનું ચિંતવન કરી રાજાના કપાળમાં ચાંલ્લો કર્યો કે તરત જ રાજાને શાંતિ થઇ ગઈ.

આ ચમત્કારથી સભાજનો આશ્ચર્ય પામ્યા અને રાજા તથા પ્રજાને જૈન ધર્મ ઉપર શ્રદ્ધા થઈ.

ખરેખર ? પ્રભુના સ્મરણથી જો કર્મરુપી પિશાચો દૂર થાય તો પછી આ બાહ્ય પિશાચો નાસી જાય એ સ્વભાવિક છે

## નાસ્તિકને આસ્તિક બનાવવા માટે.

નિર્ધુમવર્તિરપવર્જિતતૈલપૂરઃ,
કૃત્સ્નં જગત્ત્રયમિદં પ્રકટીકરોષિ;
ગમ્યો ન જાતુ મરૂતાં ચલિતા ચલાનાં,
દીપોડપરસ્ત્વમસિનાથ જગત્પ્રકાશઃ ॥૧૬॥

**ભાવાર્થ:**—હે નાથ ! ધૂમાડા તથા દીવેટ વિનાના તથા ત્યાગ કર્યું છે તેલનું પુરવું જેણે તમે આ સમગ્ર ત્રણ જગતને પ્રકાશિત કરો છો, તથા જેણે પર્વતો કંપાવ્યા છે એવા વાયુને કદાપિ પામવા લાયક નહિ એવા તથા જગતમાં પ્રસિદ્ધ એવા તમે અલૌકિક દીવા રૂપ છો. ॥૧૬॥

**ऋद्धि : ओँ ह्रीँ अर्हं नमो चउदसपुव्वीणं ॥**

**मंत्र : ओँ नमो सुमंगलासुसीमा वज्रशृंखलानाम देवी सर्व समीहितार्थं कुरु कुरु स्वाहा ॥**

આ કાવ્ય મંત્રને ૨૧ અથવા ૧૦૮ વાર ભણીને આપણા અમૃતનું તિલક કરવું જેથી રાજદરબારે જીત થાય. રાજા ખુશ થાય, દુશ્મન જુઠો પડે.

તા. ક. ઋદ્ધિમંત્ર સિદ્ધ કરી ભોજપત્ર ઉપર જેને જીતવો હોય અથવા વશ કરવો હોય તેનું નામ અનામિકા આંગળીના રુધિરથી લખી તે ભોજપત્રને બે કોડીયામાં સંપૂટ કરી મૂકી ખેરના અંગારાથી તપાવો તેમ તે વ્યક્તિ વશ થાય.

નાસ્તં કદાચિદુપયાસિ ન રાહુગમ્યઃ,
સ્પષ્ટીકરોષિ સહસા યુગપજ્જગન્તિ;
નામ્ભોધરોદરનિરૂદ્ધમહાપ્રભાવઃ,
સૂર્યાતિશાયિમહિમાસિ મુનીન્દ્ર લોકે ॥૧૭॥

**ભાવાર્થ**:—હે મુનીન્દ્ર ! તમે કોઇ પણ વખત ક્ષય પામતા નથી તથા રાહુ વડે ગ્રસવા લાયક નથી, વળી તત્કાળ એકી વખતે ત્રણ જગતને પ્રગટ કરો છો તથા વાદળાંના મધ્યભાગ વડે રોકાયો છે મહા પ્રભાવ જેનો એવા પણ તમે નથી, તેથી હે મુનીશ્વર ! જગતમાં તમારો મહિમા સૂર્યથી પણ અધિક છે. ॥૧૭॥

**ऋद्धि : ॐ ह्रीँ अर्हं नमो अट्ठंगमहानिमित्त कुसलाणं ॥**

**मंत्र : ॐ नमो नमिउण अट्टे मट्टे क्षुद्र विघट्टे क्षुद्रपीडा-जठर पीडान् भंजय भंजय सर्व पीडा निवारय निवारय सर्वरोग निवारणं कुरु कुरु स्वाहा**

આ સત્તરમા કાવ્ય મંત્રથી અબોટ (શુદ્ધ) પાણીને ૨૧ વાર મંત્રીને પેટની પીડાવાલાને પીવડાવું જેથી તે દૂર થશે, શુદ્ધ પવિત્ર કુવાનુ પાણી લેવું.

તા. ક. ઋદ્ધિ તથા મૂલમંત્રને આરાધીને નમિઊણ સ્તોત્રનો સાથ લઈ વિધિપૂર્વક જો પાણી પીવડાવાય તો તો તાવ-રોગ-નજર દૂર થાય છે તેમ મૂલમંત્રને સિદ્ધ કરી દીવાળી અથવા ચન્દ્રગ્રહણમાં નમિઊણ કલ્પને સિદ્ધ

કરી પાણી જેને આપીએ તેને કોઈ દિવસ ભૂત-પ્રેત નડતું નથી, કદાચ હોય તો પણ દૂર થાય છે.

---

## શ્લોક ૧૬-૧૭ ના પ્રભાવને બતાવનારી કથા.

સારંગપુર નામે એક શહેર હતું. તેમાં સગર નામે રાજા હતો. તેને દેવીસિંહ નામે પુત્ર હતો. જેવો સગર રાજા ધર્મ પ્રત્યે શ્રદ્ધાળુ અને નીતિમાન હતો તેવોજ દેવીસિંહ નાસ્તિક અને ક્રુર હતો.

રાજાએ પોતાના પુત્રને ધર્મના સંસ્કારો પાડવા માટે બહુ બહુ પ્રયત્ન કરવા માંડયા, પરંતુ તે સર્વ નિષ્ફળ નીવડયા.

આખો દિવસ મોઝ મઝા કરવી, સાધુ પુરૂષોને સતાવવા, નિર્દોષ માણસોને હેરાન કરવા અને અનેક વ્યસનો સેવવા એમાંજ તેના દિવસો પસાર થતા હતા.

રાજા તેના આ વર્તનથી બહુ દુઃખી થતો હતો, પરંતુ તેને એકે ઉપાય સૂઝતો ન હતો. ઘણા ઘણા સારા અને વિદ્વાન માણસોની સોબતમાં તેને રાખવા પ્રયત્ન કરતો, પરંતુ પરિણામે તેનું સારૂં ફળ કંઇ મળ્યું નહિ.

એક વખત રાજકુમાર પોતાના મિત્રો સાથે વનમાં ફરવા નીકળ્યો હતો. તેવામાં કોઇ તપસ્વી મુનિરાજ ધ્યાનમાં ઉભેલા તેમની નજરે પડયા, રાજકુમાર તથા તેના મિત્રો તે મુનિની પાસે આવ્યા. મુનિએ આ વખતે ધ્યાન પૂર્ણ કર્યું હતું. રાજકુમારે મુનિની મશ્કરી કરી અને કહ્યું, "હે મુનિ !

આ દુનિયાનો સુંદર આનંદ છોડી તમે સ્વર્ગ મેળવવા આવું દુઃખ કેમ ભોગવો છો ? પરંતુ એટલું તો સમજો કે સ્વર્ગ નરક કાંઈ છે જ નહિ. પાપ-પુણ્ય તો ઢોંગ છે. તમારા જેવા અજ્ઞાન માણસોએ લોકોને ઠગવા માટે આ બધી માયા જાળ ગોઠવેલ છે."

મુનિ મહારાજ તો અજાણ્યા માણસના આવા નાસ્તિક વચનો સાંભળીને પ્રથમ તો નવાઈ પામ્યા. પરંતુ આવા મનુષ્યોને પ્રતિબોધ જરૂર પમાડવો. એમ વિચારીને ભક્તામરના આ બેશ્લોકોનું શાંતિ ચિત્તે આરાધન કર્યું.

આ તરફ રાજકુમાર બેભાન થઈ ગયો, અને જાણે તે સ્વપ્ન અવસ્થામાં હોય તેમ નારકીના દુઃખો નજરે નિહાળવા લાગ્યો. યમરાજ કોઈ મનુષ્યને મારે છે. કોઈને ધગધગતા લોઢાના સળીયા ચાંપે છે, તો કોઈને સીસું ઉકાળીને પાય છે, ન પીએ તો પરાણે મોઢાંમાં રેડે છે, અને મનુષ્ય અવસ્થામાં કરેલા પાપનો આ બદલો છે. એમ કહીને વધારે દુઃખ આપે છે. પેલા માણસો બિચારા તેમાંથી છુટવા આજીજી કરે છે પણ યમરાજ તેમને છોડતો નથી.

આ બધું જોઈને રાજકુમાર ત્યાંથી નાસી જવા પ્રયત્ન કરે છે, પણ તેવામાં જ એક યમ આવીને તેને પકડે છે અને કહે છે. "નાસી કયાં જાય છે?" તેં પણ આ લોકોની પેઠે મનુષ્ય ભવમાં ઘણાં જ પાપ કરેલ છે. ધર્મને તો માનતો જ ન હતો; અને સાધુ મહાત્માઓને પણ સતાવતો હતો. વળી તેં તારી જીંદગીમાં એક પણ સારૂં કાર્ય કર્યું નથી, તે તારે

પણ એ પાપનાં ફળ ભોગવવાં પડશે." એમ કહીને તેને ઘસડી જઈ અનેક પ્રકારના દુઃખો આપવા લાગ્યો. ત્યારે રાજકુમાર ધ્રુજવા લાગ્યો, અને આ ભયંકર દુઃખમાંથી છોડવા આજીજી કરવા લાગ્યો. તમે જો એક વાર છોડો તો ફરીને આવું કામ નહિં કરૂં એમ વિનંતિ કરવા લાગ્યો. તેવામાં જ તેની બેભાન અવસ્થા ચાલી ગઈ અને તે જાગ્રત થયો.

જાગીને જુએ છે તો તેની આસપાસ તેના મિત્રો સારવાર કરતાં બેઠા છે અને મુનિરાજ તો ધ્યાન મગ્ન છે.

પ્રથમ તો રાજકુમાર ચકિત થઈ ગયો. તેણે સ્વપ્ન અવસ્થામાં જોયેલા નારકીના ભયંકર દુઃખો તેની નજર સામે તરવા લાગ્યા. પોતે ભોગવેલી સ્થિતિ તથા કરેલો નિશ્ચય યાદ આવવા લાગ્યો.

મુનિમહારાજનું ધ્યાન પૂર્ણ થતાં રાજકુમાર મુનિના ચરણમાં ઢળી પડયો. મુનિએ પણ યોગ્ય શબ્દોમાં ધર્મનું સ્વરૂપ સમજાવ્યું હવે રાજકુમારને ધર્મ ઉપર આસ્થા બેઠી. પોતાની ભુલ સુધારવા માટે મુનિનો ઉપકાર માની તેમને ગુરુપદે સ્થાપી પોતાને સ્થાનકે ગયો. રાજા તથા રૈયત સર્વે આ હકીકત સાંભળી બહુ આનંદ પામ્યા. અને તે પવિત્ર મુનિરાજના કહેવા પ્રમાણે પવિત્ર જીવન ગાળી સુખી થયા.

જો પ્રભુના સ્મરણથી સમર્થ દેવો પણ વશ થાય છે તો પછી મનુષ્ય વશ થાય તેમાં નવાઈ શી ? માટે તમે પણ ધર્મ ઉપરની શ્રદ્ધા વિશેષ ખીલવશો, તો તમારૂં જીવન પણ સુખી બનશે. અને પવિત્ર બનશે.

નિત્યોદયં દલિતમોહમહાંધકારં;
ગમ્યં ન રાહુવદનસ્ય ન વારિદાનામ્;
વિભ્રાજતે તવ મુખાબ્જમનલ્પકાન્તિ,
વિદ્યોતયજ્જગદપૂર્વશશાંકબિંબમ્ ॥ ૧૮ ॥

**અર્થ** :-જે ઉદય રૂપ છે, જેણે મોહરૂપી અંધકારનો નાશ કરી નાખ્યો છે, જેને રાહુ કદી ગ્રહી શકતો નથી, જેને મેઘ પણ ઘેરી શકતો નથી, એવું આપનું મુખ-કમળ આ જગતને વિષે અપૂર્વ ચન્દ્રમંડળની જેમ શોભે છે.

**ऋद्धि : ॐ ह्रीँ अर्हं नमो विउव्त्रण इड्ढि पत्ताणं ॥**

**मन्त्र : ॐ नमो भगवते जये विजये मोहय मोहय स्तंभय स्तंभय स्वाहा ॥**

આ અઢારમા કાવ્ય-મંત્ર જપવાથી શત્રુઓ વશ રહે ૨૧ અથવા ૧૦૮ વાર મંત્ર (પ્રથમ સિદ્ધ કર્યા બાદ) ભણવાથી શત્રુનું મુખ સ્તંભિત થાય, ઝઘડો. ન્યાયાધિશો આપણી તરફેણમાં કેસ ચલાવે!

તા-ક. તાંત્રિક પ્રમાણે શત્રુના અમુક પગની રજ અમુક વારે લઈ પૂતળું બનાવી વ્યવસ્થિત સ્થળે દાટવામાં આવે તો શત્રુ નોકર બની જાય એ સહજ વાત છે.

## શ્લોક ૧૮ નો પ્રભાવ બતાવનારી કથા.

ગુજરાતના મધ્ય ભાગમાં ફુલવાડી જેવું મનોહર પાટણ નામે શહેર છે, ત્યાં કુમારપાળ નામે રાજા રાજ્ય કરે છે. તે જૈન ધર્મી અને બહુ જ ન્યાયવંત છે. પશુપંખી પણ ગાળેલું પાણી પી શકે તેવી સુંદર વ્યવસ્થા તેના રાજ્યમાં કરવામાં આવી છે. તેને બહુ જ બુદ્ધિમાન અને ધર્મિષ્ઠ અબંડ નામે એક પ્રધાન છે.

એક વખત પોતાની માતાના આગ્રહથી અંબડે કચ્છમાં આવેલા ભદ્રપુર (ભદ્રેશ્વર)ની યાત્રાએ સંઘ સહિત જવાનો નિશ્ચય કર્યો. અને ધામધુમ પૂર્વક ઘણા સ્નેહી–સંબંધીઓ તથા અનેક ધાર્મિક ભાઈઓ સાથે પાટણથી નીકળ્યા.

રસ્તામાં દરેક સ્થળે યાત્રાઓ કરતા અને ચોતરફ જૈન ધર્મનો વિજયડંકો વગાડતા તેઓ ઘણા દિવસે કચ્છના રણને કાંઠે આવી પહોંચ્યા.

ચોતરફ ઉભા કરેલા નાના–મોટા પંચરંગી તંબુઓથી વિશાળ જગ્યા શોભી રહી હતી. અને જાણે એક સુંદર નાનું શહેર વસી ગયું હોય તેવો દેખાવ થઈ રહ્યો હતો. આસપાસના અનેક ગામોમાંથી ઉભરાતા લોકો પણ આ ચતુર્વિધ સંઘના દર્શન કરી પાવન થતા હતાં. અને થોડા દિવસ પહેલાં વર્ષોથી ઉજ્જડ પડેલી જગ્યાએ આજે મનુષ્યોનાં ટોળે ટોળાં કલ્લોલ કરી રહ્યાં હતાં.

\+ \+ \+ \+

સાયંકાળ થવા આવ્યો અને થોડીવારમાં તો સફેદ દૂધ જેવા પુનમના ચંદ્રના તેજે આખી પૃથ્વી શોભી રહી આજે આ રણનો લાંબો પટ ઓળંગવાને આખો સંઘ તૈયારી કરી રહ્યો હતો. ડંકો વાગ્યો અને નોબત ગડગડી અને આખો સંઘ વાજતે-ગાજતે ઉપાડયો. દેવને પણ દર્શન દુર્લભ થાય એવા આ પવિત્ર સંઘને નિહાળીને અને જૈન ધર્મની કીર્તિને ફેલાતી જોઈને એક મિથ્યાત્વી દેવને અદેખાઇ આવી. તેણે પોતાનું બળ અજમાવ્યું અને સંઘનાં ગાડાં રણમાં અધવચે જ અટકાવી દીધાં.

ઘણા ઘણા માણસોએ મહેનત કરી પરંતુ ન ચાલે બળદો કે ન ચાલે ગાડાં. અરે ! માણસો પણ થંભી ગયા. એક ડગલું આગળ ચાલી શકે નહિ તેવી સ્થિતિ થઈ રહી.

સંઘના માણસોની અને પોતાની આ સ્થિતિ જોઈને અંબડ પ્રધાન પણ ગભરાયો, અને શું શું કરવું તે વિચારવા લાગ્યો. પરંતુ અંબડની માતા બહુ જ ભક્તિવાળી અને નિખાલસ હૃદયની બાઈ હતી. તેણે પોતાના પુત્રને તથા આખા સંઘને આ ભક્તામરના ૧૮ મા શ્લોકનો જાપ જપવા કહ્યું. પોતે પણ શાંત ચિત્તે આ ભક્તામર સ્તોત્રના ૧૮ મા શ્લો-કનું ચિંતવન કર્યું તેથી થોડીવારમાં જ શાસનદેવ હાજર થયા. ભક્તિથી પ્રેરાયેલા વિચારવા લાગ્યા.

સંઘની આ સ્થિતિ નિહાળી શાસનદેવે પેલા મિથ્યાત્વી દેવને નસાડી મૂકયો અને સંઘનું સંકટ નિવારી જયજયકાર વર્તાવ્યો.

નિર્વિઘ્ને યાત્રા કરી પાછા આવ્યા, ત્યારે રાજા કુમારપાળ તથા પાટણના માણસો પણ આ વાત સાંભળીને બહુ જ નવાઈ પામ્યા અને જૈન ધર્મનો પ્રભાવ વધ્યો.

રાગ અને દ્વેષ જેવા જબરા શત્રુને પણ પ્રભુ સ્મરણથી જીતી શકાય છે, તો આ મિથ્યાત્વી દેવને જીતવો તેમાં શું આશ્ચર્ય છે? એવું પ્રભુ સ્મરણ કરવાને નિરંતર સુખના સમયમાં પણ તમે ભક્તામર સ્તોત્ર ભણવાનું ભૂલશો નહિ.

---

કિં શર્વરીષુ શશિનાઽહ્નિ વિવસ્વતા વા,
યુષ્મન્મુખેન્દુદલિતેષુ તમસ્સુ નાથ!
નિષ્પન્નશાલિવનશાલિની જીવલોકે,
કાર્યં કિયજ્જલધરૈર્જલભાર નમ્રૈઃ ॥ ૧૯ ॥

**અર્થ**:—હે નાથ! રાત્રે ચંદ્રથી શું? અને દિવસે સૂર્યથી શું? કારણ કે તમારા મુખરૂપી ચંદ્રથી એ અંધકારનો નાશ થાય છે. પાકી ગયેલ શાલીનાં (ડાંગરનાં) ક્ષેત્રોથી સુશોભિત આ મૃત્યુલોકમાં જલના ભાર વડે નમ્ર બની ગયેલા મેઘનું શું પ્રયોજન છે?

**ऋद्धि** : ओँ ह्रीँ अर्हं नमो विज्जाहराणं ॥
**मंत्र** : ओँ ह्राँ ह्रीं ह्रूँ ह्रः यक्षः ह्रीँ वषट् फट् स्वाहा ॥

આ કાવ્ય-મંત્રને સિદ્ધ કરીને ૧૦૮ વાર રોજ જપવાથી પરવિદ્યા, મૂઠ-ચોર, કામણટુમણ કોઈનું ચાલે નહિ.

તા. ક. શ્રી પદ્માવતી માતાજીની ભક્તિ—તેમ તેના મૂલમંત્રાક્ષરોને અઠ્ઠમ કરી સિદ્ધ કરો (૭ માસ બ્રહ્મચર્ય પાલન સહિત) દરરોજ મંત્રની આરાધના કરો, તો ગમે તેવા કામણ વિંના કે મૂઠના પ્રયોગો આપણી ઉપર કોઈ કરી ના શકે.

---

## શ્લોક ૧૯ ના પ્રભાવ બતાવનારી કથા.

આ ભરતક્ષેત્રમાં વિશાળા નામે એક નગરી હતી. તેમાં લક્ષ્મીકાન્ત નામે એક શેઠ રહેતો હતો. તે બહુ જ ધનવાન અને પરોપકારી હતો. વળી જૈનધર્મી હોવાથી પોતાના ગુરૂ પાસેથી વિધિસર ભક્તામર સ્તોત્ર પણ શીખ્યો હતો. વ્યાપારના અનેક કામો હોવા છતાં પણ તે નિરંતર પ્રભાતે એક સામાયિક કરી ન્હાઇ—ધોઈ પવિત્ર થઈ ગુરૂએ બતાવ્યા પ્રમાણે સદા ભક્તામર સ્તોત્ર ભણતો હતો.

શ્રદ્ધાની પણ કસોટી હોય છે. તેમ આ લક્ષ્મીકાન્ત શેઠની વિધિસરની આરાધનામાં ભંગાણ પાડવા એક વખત એક દેવ આવ્યા અને શેઠના ગુમાસ્તાનું રૂપ ધારણ કરી શેઠના પૂજાના ઓરડામાં દાખલ થઇ ગભરાયેલા અવાજે કહ્યું "શેઠ! શેઠ! દોડો!! દોડો!! આપણી દુકાનમાં મોટી આગ લાગી છે અને લાખો રૂપિયાનો કિંમતી માલ સળગી રહ્યો છે."

શેઠ તો આ અવાજથી પ્રથમ ચમકયા પરંતુ તેમના હૃદય ઉપર કાંઈ અસર થઇ નહિ. તે તો પોતાના ધ્યાનમાં ફરી લીન થયા. ભક્તની કસોટી તો થાય!

દેવ પોતાના દાવમાં નિષ્ફળ જવાથી તેણે ફરી બીજી યુક્તિ અજમાવી અને બહાર જઈ થોડીવાર પછી બીજા ગુમાસ્તાનું રૂપ ધારણ કરી એકદમ શેઠની પાસે ગયો. અને ઉતાવળથી ગભરાતા ગભરાતા બોલ્યો "શેઠ ! ઉઠો ! ! ઉઠો ! ! ! ત્રીજા માળની બારીએથી અચાનકજ પડી જવાથી આપનો પુત્ર એકદમ બેભાન થઇ ગયેલ છે; બધા માણુસો એકઠા થઈ ગયા છે અને તમને એકદમ બોલાવે છે."

શેઠ તો સાંભળ્યું ન સાંભળ્યું કરી ફરી પાછા પોતાના ધ્યાનમાં જોડાયા. આ જોઈને દેવ બહુજ પ્રસન્ન થયો અને પ્રત્યક્ષ થઇ શેઠનાં વખાણ કર્યાં તથા તેને જે જોઈએ તે માગવા કહ્યું. ત્યારે શેઠે કહ્યું કે મારે આપનાં પ્રતાપે પૂર્ણ સુખ છે, તેમાં મને સંતોષ છે મારે કાંઇ જોઈતું નથી." તો પણ "દેવ દર્શન કદી ખાલી હોય નહિ" એમ કહી શેઠને એક સુંદર મણિ આપી દેવ પોતાને સ્થાનકે ચાલ્યો ગયો. ભક્તિ નિષ્ફલ જતી નથી.

એક વખત લક્ષ્મીકાન્ત શેઠ પરદેશથી પુષ્કળ માલ ભરી દેશમાં આવવા નીકળ્યા, પરંતુ રસ્તામાં આવતાજંગલમાં અધવચે રાત્રી પડી.ત્યાં ચોર લુંટારાઓનો બહુજ ત્રાસ હતો.જો ત્યાંથી આગળ ન જવાય તો બધી મિલ્કત લુંટાઇ જાય તેમ હતું. ઉપરાંત અમાસની કાળી ઘોર રાત હોવાથી રસ્તો સૂઝે તેમ ન હતું. શેઠના હૃદયમાં મુંઝવણ થવા લાગી અને આ સંકટમાંથી બચવા તે ઉપાય શોધવા લાગ્યા.

ખૂબ વિચાર કરતાં પ્રથમ દેવે આપેલો ચંદ્રકાન્ત મણિ તેમને યાદ આવ્યો. અને ભક્તામર સ્તોત્રના આ ૧૯મા શ્લોકનું ચિંતવન કરી તે મણિ આકાશને વિષે ઉછાળ્યો તો ચારે તરફ પુનમના ચંદ્ર સરખું ઝળહળતું તેજ ફેલાઈ ગયું અને ચંદ્રની માફક તે મણિ આકાશને વિષે ઉંચે રહી તેજ પ્રસારવા લાગ્યો. એના તેજથી રસ્તો સુજવાથી શેઠના માણસો તથા શેઠ વિગેરે સહિસલામત એ જંગલમાંથી પાર ઉતર્યા.

પ્રભાત થતાં શેઠે ફરી ૧૯મા શ્લોકનું ચિંતવન કરી એ મણિને પાછો ખેંચી લીધો અને પોતાને ગામ આનંદથી પહોંચી ગયા. આખી નગરીમાં જ્યારે આ મણિના પ્રભાવની વાત પ્રસરી ત્યારે રાજાએ પણ શેઠને બોલાવ્યા, અને વાત પૂછી તો લક્ષ્મીકાન્ત શેઠે ભક્તામરનો મહિમા કહી સંભળાવ્યો. આથી રાજા વિગેરે ઘણા માણસોએ આ ભકતામર સ્તોત્રનું આરાધન કરવા માંડયું.

જે માણસો વીતરાગ પ્રભુની સ્તુતિ અને ભકિત ઘણીજ શ્રદ્ધા પૂર્વક કરે છે. તેના સંકટો નાશ પામી ઇચ્છિત ફળની પ્રાપ્તિ થાય છે. તો પછી આ રાત્રીનો અંધકાર નાશ થાય તે સ્વાભાવિક છે. તમે પણ તમારા કર્મરૂપી અંધકાર તોડવા નિરંતર આ સ્તોત્રનું એકવાર તો જરૂર સ્મરણ કરજો.

ભવિષ્ય જાણવા માટે

જ્ઞાનં યથા ત્વયિ વિભાતિ કૃતાવકાશં,
નૈવં તથા હરિહરાદિષુ નાયકેષુ,
તેજઃ સ્ફુરન્મણિષુ યાતિ યથામહત્વં,
નૈવં—તું કાચશકલે કિરણાકુલેઽપિ ॥ ૨૦ ॥

**અર્થ**:—આપને વિષે જેવી રીતે યથાવકાશ રૂપ જ્ઞાન શોભે છે તેવી રીતે હરિહરાદિક દેવોમાં નથી શોભતું. કારણ કે પ્રકાશમાન રત્નોમાં તેજ જેવી પ્રબલતાને પામે છે તેવી પ્રબલતાને ચળકતા કાચના કકડામાં નથી પામતું. અસલી અને નકલીમાં અત્યંત તફાવત હોય છે.

**ऋद्धि** : ओँ ह्रीँ अर्हं नमो चारणाणं ॥

**मंत्र** : ओँ ह्रीँ श्राँ श्रीँ श्रं श्रः ठः ठः ठः स्वाहा ॥

આ કાવ્યમંત્રને પઢવાથી રાજ્ય, લક્ષ્મી, જય, સુખની પ્રાપ્તિ થાય. તેમ જીવનમાં જ્ઞાનનો પ્રકાશ પ્રાપ્ત થાય.

---

## શ્લોક ૨૦ નો પ્રભાવ બતાવનારી કથા.

નાના પણ સુંદર બાંધણીવાળા મકાનોથી સુશોભિત લાગતું નાગપુર નામે એક શહેર છે. ત્યાં મહિપતસિંહનામે પ્રજાને પાળનાર અને ન્યાયી રાજા રાજ્ય કરે છે.

એક વખત રાજા પોતાની કચેરી ભરી બેઠો છે. તેમાં અનેક વિદ્વાનો—જ્યોતિષીઓ અને શુરવીરો શોભી રહ્યા છે

સર્વત્ર આનંદની વાતો ચાલી રહી છે; પરંતુ રાજાનો ચહેરો ઉદાસ દેખાય છે. ત્યારે પ્રધાને રાજાને નમ્રતા પૂર્વક પૂછયું કે "હે રાજન્! આપના રાજ્યમાં સર્વત્ર શાંતિ છે, સૌ પ્રજા સુખી છે; છતાં આપનો ચહેરો ઉદાસ કેમ દેખાય છે?"

ત્યારે રાજાએ કહ્યું કે મારા હૃદયમાં રહેલો એક પ્રશ્ન મને મુંઝવી રહ્યો છે.

પ્રધાને પણ રાજાનો શું પશ્ન છે તે જાણવાં માટે યુક્તિ પૂર્વક કહ્યું–"હે રાજન આપનો શું પ્રશ્ન છે તે કહો. કારણ કે હું નહિ તો આ બેઠેલા વિદ્વાનો છે તેનું નિરાકરણ જરૂર કરશે."

ત્યારે રાજાએ કહ્યું કે—"મારી રાણી ગર્ભવતી છે. તેને પુત્ર આવશે કે પુત્રી? કારણ કે મારી હવે અવસ્થા થવા આવી છે અને મારે પુત્ર નહિ હોવાથી કદાચ પુત્રી થાય તો આ રાજ્ય કોણ સંભાળશે?"

આ પ્રશ્ન સાંભળીને પ્રધાન તથા બીજા વિદ્વાન માણસો પણ નીચું જોઈ રહ્યા. કોઇએ રાજાના પ્રશ્નનો ઉત્તર આપવાની હિંમત કરી નહિ. જ્યોતિષીઓએ જોષ જોઈ ગણત્રી કરી–વિદ્વાનોએ શાસ્ત્રના આધારે કલ્પનાઓ કરી પણ કોઈ ચોક્કસ નિર્ણય કરી શકયા નહિ.

ત્યારે અત્યાર સુધી શાન્ત અને ઉદાસીન લાગતો રાજા પણ પોતાના પ્રશ્નનો ઉત્તર નહિ મળવાથી ક્રોધે ભરાયો, અને બોલ્યો કે "કાલ સાંજ સુધીમાં જો મારા પ્રશ્નનો

ઉત્તર કોઈ નહિ આપે તો બધા વિદ્વાનો અને જ્યોતિષીઓને હું મારા રાજ્યની હદપાર કરીશ." એટલું કહી તે કચેરીમાંથી ચાલ્યો ગયો.

બધા માણસો રાજાના આ વચનથી ખૂબ મુંઝાયા અને તેનો શું ઉપાય કરવો તે માટે વિચાર કરવા લાગ્યો. ત્યારે એક વૃદ્ધ જયોતિષીએ કહ્યું કે, આ નગરમાં એક જૈન ધર્મના બહુ જ પ્રભાવિક 'શ્રી પુજ્ય' રહે છે. તેમને જો મળીએ તો આપણું કામ ફતેહ થાય.

આથી બધા વિદ્વાનો એકત્ર થઈ એ વૃદ્ધ મહાત્માના ઉપાશ્રયે આવ્યા અને રાજાના પ્રશ્નનો ખુલાસો પૂછયો. ત્યારે તેમણે કહ્યું કે, " તમે કોઈ પ્રકારની ચિંતા કરશો નહિ, પણ આવતી કાલે કચેરી ભરાય ત્યારે મને બોલાવજો એટલે હું તે પ્રશ્નનો ખુલાસો કરી આપીશ".

આથી બધા વિદ્વાનો બહુજ ખુશ થયા અને પોતાના સ્થાનકે પાછા ગયા. ત્યારે એ વૃદ્ધ મહાપુરૂષે ભક્તામર સ્તોત્રના ૨૦ મા શ્લોકનું વિધિ પૂર્વક આરાધન કરી અને શાસન દેવીને બોલાવી તે પ્રશ્નનું સમાધાન મેળવી લીધું.

બીજે દિવસે જ્યારે કચેરી ભરાઈ ત્યારે એ વૃદ્ધ મહાત્મા પણ પધાર્યા અને રાજાએ પોતાના પ્રશ્નનો ખુલાસો માગ્યો, ત્યારે એ વૃદ્ધ 'શ્રી પૂજ્યે' ઉભા થઈ ને કહ્યું કે "હે રાજન્! આજથી બારમા દિવસે તારી રાણીને એક તેજસ્વી પુત્ર અવતરસે, અને તારી પછી તે રાજા થઈ

સુંદર રીતે રાજ્ય ચલાવશે. તેની નિશાની તરીકે તે સમયે રાજ્યનો મુખ્ય હાથી (પટ્ટહસ્તી) મરણ પામશે.

રાજા આ જવાબ સાંભળી બહુ જ ખુશ થયો, અને આખા નગરમાં પ્રથમથી જ ઉત્સવ ઉજવવાની તૈયારી કરવા લાગ્યો.

એક પછી એક એમ ૧૧ દિવસો પસાર થયા અને બારમા દિવસે પ્રભાતમાં રાજ્યનો મુખ્ય હાથી એકાએક મરણ પામ્યો અને તેજ વખતે રાણીને પુત્ર અવતર્યો.

રાજા આ જાણીને બહુજ ખુશ થયો અને તેજ દિવસે કચેરી બોલાવી બધા સભાજનો સહિત તે વૃદ્ધ મહાત્માના ઉપાશ્રયે ગયા. અને વંદન કરી તેમનું બહુમાન કર્યું.

એ વૃદ્ધ 'શ્રી પૂજ્યે' પણ અવસર જાણી રાજાને જૈન ધર્મનો ઉપદેશ કર્યો અને ભક્તામર સ્તોત્રનો મહિમા કહી સંભળાવ્યો. ત્યારે રાજાએ તથા બીજા ઘણા માણસોએ જૈન ધર્મ અંગીકાર કર્યો:આથી જૈન ધર્મનો પ્રભાવ ઘણોજ વધ્યો.

તમે પણ આવા પવિત્ર સ્તોત્રનું સ્મરણ કરવું ચુકશો નહિ. તા. ક. આજના સાધુઓએ આવી ગુપ્ત વાતો કોઈને ન કરવી જોઈએ.

---

મન્યે વરં હરિહરાદય એવ દૃષ્ટા,<br>
દૃષ્ટેષુ યેષુ હૃદયં ત્વયિ તોષમેતિ;<br>
કિં વીક્ષિતેન ભવતા ભુવિ યેન નાન્યઃ,<br>
કશ્ચિન્મનો હરતિ નાથ ભવાંતરેઽપિ ॥ ૨૧ ॥

**અર્થ**:—હે નાથ ! હરિહરાદિ દેવોને મેં દીઠા, તે સારું જ થયું, કારણ કે એમને દેખ્યાં છતાં મારૂં ચિત્ત આપને વિષેજ સંતુષ્ટ થાય છે. અને આ લોકમાં આપને દેખી લેવાથી વિશેષ લાભ એ થયો કે હવે કોઇ પણ જન્માન્તરમાં કોઇ અન્ય દેવ મારા મનને હરી શકશે નહિ.

**ऋद्धि : ओँ ह्रीँ अर्हं नमो पणसमणाणं ॥**

**मंत्र : ओँ नमः श्री माणिभद्र जय विजय अपराजितो सर्व सौभाग्यं सर्व सौख्यं कुरु कुरु स्वाहा।**

આ એકવીસમા કાવ્ય-મૂલમંત્રને અટ્ઠમતપથી સિદ્ધ કરીને દરરોજ ત્રણ કાલમાલા ગણવાથી સર્વ લોકો પ્રસન્ન થાય છે.

## શ્લોક ૨૧ નો બતાવનારી કથા.

અનેક ગામોમાં વિહાર કરી પવિત્ર ઉપદેશ આપતા આપતા શ્રી દેવસૂરિ મહારાજ આજે ગુજરાતના એક સુંદરપુર નામના ગામમાં આવી પહોચ્યા. ગામમાં તપાસ કરી તો ન મળે જૈન મંદિર કે ન મળે ઉપાશ્રય. સૂરિજીએ ગામના એક વૃદ્ધ પુરૂષને બોલાવીને હકીકત પૂછી તો માલમ પડયું કે પહેલાં આ ગામમાં ઘણા જૈનો હતા પરંતુ મુનિમહારાજના વિહાર વિના અને બ્રાહ્મણોના જોરથી ઘણા જૈનો અન્ય ધર્મી થઇ ગયા છે.

આ હકીક્ત સાંભળીને સૂરિજીએ ગામ વચ્ચે આવેલા એક વિશાળ શિવ મંદિરમાં જ ઉતારો નાખ્યો. જૈન

સાધુ શિવ ધર્મને માને, શિવ મંદિરમાં ઉતરે એ હકીકત જાણીને ઘણા માણસો આ સાધુ મુનિરાજને જોવા એકઠા થઇ ગયા. ત્યારે લાગ સાધીને સૂરિએ ધર્મનો ઉપદેશ દેવા માંડયો. તેમાં ધર્મ શું અને સત્ય ધર્મ કેવો હોઇ શકે તથા અન્યધર્મ કરતાં જૈન ધર્મમાં શું વિશેષતા છે તે બધું યુકિતથી સમજાવ્યું.

[ સિદ્ધપુર પાટણમાં તેજોદ્વેષી બ્રાહ્મણોને તથા કુમારપાલને ધર્મ પમાડવા માટે કલિકાલ સર્વજ્ઞ હેમચન્દ્રસૂરિશ્વરજી મહારાજ પધાર્યા હતા. અનેકને જૈન ધર્મ પમાડયો હતો. ]

ઘણા માણસોને જૈન ધર્મ ઉપર શ્રદ્ધા બેઠી. પરંતુ આથી બ્રાહ્મણો બહુજ રોષે ભરાયા અને મહારાજને ઘસડી મંદિરમાંથી કાઢવા લાગ્યા. ત્યારે સૂરિજીએ આ ભક્તામરનાં ૨૧ મા શ્લોકનું સ્મરણ કર્યું અને ઘણી મહેનત કર્યા છતાં મહારાજ તો જરા પણ ત્યાંથી ખસ્યા નહિ. ત્યારે બ્રાહ્મણોએ તેમને જાડા દોરડાથી બાંધવા માંડયા, પરંતુ દોરડાના ટુકડે ટુકડા થઇ ગયા અને સૂરિજીને તો કંઈ થયું નહિં. આ ચમત્કાર જાણી બ્રાહ્મણો પણ આ મહાપુરુષને સતાવવામાં સાર નથી એમ સમજી તેમને નમી પડયા અને ક્ષમા માગી. ત્યારે સૂરિજીએ જૈન ધર્મનો ઉપદેશ આપી ઘણાં માણસોને ફરી જૈન બનાવ્યા.

ધન્ય છે એવા પવિત્ર મુનિરાજને કે જેઓ પોતે અનેક કષ્ટો સહન કરીને જૈન ધર્મનો મહિમા વધારે છે.

સ્ત્રીણાં શતાનિ શતશો જનયન્તિ પુત્રાન્-
નાન્યા સુતં ત્વદુપમં જનની પ્રસૂતા;
સર્વા દિશો દધતિ ભાનિ સહસ્ત્રરશ્મિં,
પ્રાચ્યેવ દિગ્જનયતિ સ્ફુરદંશુજાલમ્ ॥૨૨॥

**અર્થ**:—જેવી રીતે તારાનો સમુહ સઘળી દિશાઓ ધારણ કરે છે પરંતુ સ્ફુરાયમાન તેજસ્વી હજાર કિરણોવાળો સૂર્ય તો માત્ર પૂર્વ દિશાજ ધારણ કરે છે. તેવી રીતે સેંકડો સ્ત્રીઓ સેંકડો પુત્રને જન્મ આપે છે. પરન્તુ આપ સરખા પુત્રને કોઈ બીજી માતા જન્મ આપી શકતી નથી.

ऋद्धि ॐ ह्रीँ अर्हं नमो आगासगामीणं ॥

मंत्र : ॐ नमो श्री वीरं जृंभय जृंभय मोहय मोहय स्तंभयः स्तंभय अवधारणं कुरु कुरु स्वाहा.

આ બાવીસમા કાવ્ય-મંત્રને સિદ્ધ કરી [ યોગી પુરુષનો સહકાર લઈ આરાધવો ] તે મૂલમંત્રથી હલદરની એક ગાંઠ લઇને ૧૦૮ વાર મંત્રીને રોગીને ખવડાવીએ તો રોગીને નડતા શાકીની-ભૂત-પ્રેત આદિ દૂર જાય અથવા રોગનો નાશ થાય જેના ઉપર પીડા થતી હોય તેવા સ્ત્રી પુરુષને સવાર-સાંજે બે વાર મંત્રીને ૨૧ દિન સુધી આપવાથી દોષ દૂર થાય.

## શ્લોક ૨૨ નો પ્રભાવ બતાવનારી કથા.

કુન્દનપુરના રાજા દેવધરની સભામાં આજે બૌદ્ધ મુનિ અને જૈન મુનિ વાદવિવાદ કરવાના છે એવી વાત સાંભળીને ઘણા માણસો રાજાની કચેરીમાં એકઠા થયા છે.

સમય થતાં રાજા પણ આવ્યો, અને સભાજનોના પ્રણામ ઝીલતો ઝીલતો તે પોતાના આસને બેઠો.

આ તરફ બૌદ્ધમુનિ પ્રજ્ઞાકર અને જૈનમુનિ મતિસાગર પણ રાજાની આજ્ઞા થતાં શાસ્ત્રાર્થ કરવા તૈયાર થયા. ત્યારે મતિસાગરે પ્રથમ એક ચિત્તે ભકતામરના આ ૨૨ મા શ્લોકનું ચિંતવન કરી દેવના આશીર્વાદ મેળવ્યા. પછી પ્રજ્ઞાકર સાથે વાદવિવાદ શરૂ કર્યો. તેમાં બૌદ્ધ મતના એકાંતવાદને ઘણી દલીલો વડે તોડીને જૈનના અનેકાંતવાદને સાબીત કર્યો.

આથી રાજા વિગેરે બહુજ ખુશ થયા અને જૈન ધર્મની શ્રેષ્ઠતા સ્વીકારી.

\+ \+ \+

પોતાનું અપમાન થવાથી શરમાયેલો પ્રભાકર ત્યાંથી ચાલ્યો ગયો. અને આ અપમાનનું વેર લેવા તે ઉપાયો શોધવા લાગ્યો. પરંતુ તેવામાં અચાનકજ તે અકાળે મરણ પામવાથી યક્ષપણે ઉત્પન્ન થયો, અને રાજા દેવધરને અનેક ચમત્કારો દેખાડી પોતાની પૂજા કરાવવા લાગ્યો. વળી નગરના બધા જૈનોને હેરાન કરવા લાગ્યો.

ઘણા દિવસે એજ મતિસાગર મુનિ ફરતા ફરતા કુન્દનપુરમાં આવી પહોંચ્યા અને નગરના જૈનોએ યક્ષ તરફથી થતી હેરાનગતી આ મુનિને કહી દેખાડી, તેથી એ મતિસાગર મહારાજ આ ૨૨ મા શ્લોકનું સ્મરણ કરી યક્ષના મંદિરમાં જઇ યક્ષની પ્રતિમા સામે પગ કરીને સૂઇ ગયા,

આથી યક્ષ ઘણોજ કોપાયમાન થયો અને મુનિને અનેક પ્રકારનો ભય બતાવ્યો. પરંતુ મતિસાગર મહારાજ તો જરાપણ ડગ્યા નહિ. આથી થાકીને યક્ષે રાજાને કહ્યું. કે "હે રાજન્! જે દેવની તમે પૂજા કરો છો અને જેનાથી તમે સુખી થયા છો તે દેવની એક જૈન સાધુ અવગણના કરે છે, તે ઠીક નથી."

રાજા આ સાંભળીને એકદમ રોષે ભરાયો. અને તરત સાધુને પકડી લાવવા એકદમ માણસો મોકલ્યા.

ઘણા માણસો પકડવા જાય છે. પરંતુ જનારા આંધળા થઈ જવાથી સાધુને પકડી શકતા નથી. આથી તેઓએ ચારે તરફ ફટકા મારવા માંડયા; પરંતુ તે ફટકા મહારાજના બદલે રાજાની પીઠ ઉપર વાગવા લાગ્યા. તેથી રાજા બૂમાબૂમ કરવા લાગ્યો, અને બીજા માણસોને એકદમ મોકલીને મહારાજને માર મારતા બંધ રખાવ્યા. ચમત્કાર ત્યાં નમસ્કાર.

રાજા પણ આ ચમત્કારથી એ મુનિના દર્શનાર્થે ઘણા માણસો સહિત યક્ષના મંદિરે ગયો, અને મતિસાગરના

ચરણુમાં નમી પડયો. ત્યારે મતિસાગરે વાદવિવાદ વખતે થયેલ હારને સંભારીને પહેલાંનું વૈર રાખી, પ્રજ્ઞાકર કેવી રીતે અત્યારે યક્ષ થઇ લોકોને હેરાન કરતો હતો તે કહી બતાવ્યું. આથી રાજા ઘણોજ નવાઈ પામ્યો અને જૈનધર્મ અંગીકાર કર્યો તથા યક્ષના મંદિરને બદલે સુંદર જિનચૈત્ય બંધાવી ભકિતપૂર્વક સેવા પૂજા કરવા લાગ્યો.

તમે પણ જો શાંત ચિત્તે શ્રદ્ધાપૂર્વકનિરંતર આસ્તોત્રનું સ્મરણ કરશો તો જરૂર ચમત્કાર જોઈ શકશો. કારણ કે શુદ્ધ ધર્મ ઇચ્છિત ફળને આપનાર છે.

ત્વામામનન્તિ મુનયઃ પરમં પુમાંસ,
માદિત્યવર્ણમમલં તમસઃ પરસ્તાત્ ;
ત્વામેવ સમ્યગુપલભ્ય જયન્તિ મૃત્યું,
નાન્યઃ શિવઃ શિવપદસ્ય મુનીન્દ્ર પન્થાઃ ॥૨૩॥

**અર્થઃ**—હે મુનીન્દ્ર ! મુનિઓ આપને શ્રેષ્ટ મનુષ્ય માને છે અને અંધકારની સમીપ સૂર્યની સમાન કાંતિવાળા અને નિર્મળ એવા આપને જાણવા પણ તે મૃત્યુને જીતે છે. વળી આપના સિવાય ઉપદ્રવ રહિત મોક્ષનો બીજો કોઇ માર્ગ નથી.

**ऋद्धि : ॐ ह्रीँ अर्हं नमो आसीविषाणं ॥**

**मंत्र : ॐ नमो भगवति जयवति परम समीहितार्थं मौक्ष-सौख्यं कुरु कुरु स्वाहाः ॥**

આ ત્રેવીસમા કાવ્ય મંત્રને જપવાથી શરીરની રક્ષા થાય, તેમ વળગાડ વિગેરે લાગે નહિં.

## શ્લોક ૨૩ નો પ્રભાવ બતાવનારી કથા.

ઉજ્જયિની નગરીના પૂર્વ ભાગમાં બે માઈલ દૂર એક ચંડિકા દેવીનું સ્થાનક આવેલું છે. ત્યાં ઘણા હલકા માણસો પોતાથી ઈચ્છાને સંતોષવા માટે દેવીના નામે અનેક પશુઓનો વધ કરે છે. મંદિરની આસપાસ નાની ધર્મશાળા છે. વચમાં ચોગાનમાં મંદિર પાસે, ચારે તરફ મરી ગયેલા પશુઓનાં હાડકાં, લોહી, અને ચામડાં ચાર તરફ ગંધાય છે. તેથી તે જગ્યા બહુજ બીહામણી અને ભયંકર લાગે છે.

એક વખત કોઈ જૈન મુનિરાજ પોતાના બે ત્રણ શિષ્યો સહિત ઉજ્જયિની તરફ આવવા નીકળ્યા, પરંતુ બે માઈલને છેટે દિવસ અસ્ત થવાની તૈયારી થવાથી અને બીજી કોઇ જગ્યાએ તે સમયે પહોંચી શકાય તેમ ન રહેવાથી તેઓ નજીકમાં રહેલી ચંડિકા દેવીની ધર્મશાળામાંજ રાત્રી પસાર કરવા માટે રહ્યા.

નિત્ય કાર્યથી પરવારી તે મુનિ રાત્રીના સમયે ધ્યાનસ્થ રહ્યા. તેવામાં ચંડિકા દેવી પ્રગટ થઈ. અને પોતાની હદમાં આવા મુનિને જોઈ ક્રોધે ભરાઈ, તેમને ઉપસર્ગ કરવા લાગી. દેવ-દેવી ધારે તે કષ્ટ આપી શકે.

ઘડીમાં સિંહનું ભયંકર રૂપ ધારણ કરે છે, તો ઘડીમાં વાઘ થાય, વળી સર્પ થઈને મુનિની સામા ભયંકર કુંફાડા

મારે, પરંતુ મુનિ તો આનાથી જરાય ડગ્યા નહિ, અને ભક્તામર સ્તોત્રના ૨૩મા શ્લોકનું ધ્યાન કરવા લાગ્યા. ત્યારે ક્રોધે ભરાયેલી ચંડિકા દેવી એકદમ તલવાર લઈને મુનિને મારવા દોડી. ત્યાં તો તેની તલવારના ઉંચેને ઉંચેજ ટુકડા થઈ ગયા, અને તેજના અંબાર સરખી ચક્કેશ્વરી દેવી પ્રગટ થઈ. ભક્તામરનો આ સાક્ષાત પ્રભાવ.

મુનિના મહાન્ ગુણોનું વર્ણન કર્યું. અને આવા અપરાધથી કેવા દુષ્ટ ફળ ભોગવવા પડે છે તે શાન્ત શબ્દોમાં કહી બતાવ્યું. આથી ચંડિકાદેવીને પોતાની ભૂલ સમજાઈ ત્યારે મુનિની ક્ષમા માગી અને બોલી કે "હે મુનિરાજ ! આપ જે આજ્ઞા ફરમાવો તે પ્રમાણે હું વર્તવાને તૈયાર છું"

મુનિએ પણ સમય અનુકુળ જાણી કહ્યું, "હે દેવી ! જો તું તારૂં વચન પાળવાને તૈયાર હોય તો હું એટલું જ કહું છું કે તારા નિમિત્તે થતી આ નિર્દોષ પ્રાણીઓની કતલ બંધ કર અને તારા અજ્ઞાની ભક્તોને દુર્ગતિમાં પડતા બચાવ.

દેવીને પણ આ ગમ્યું અને ત્યારથી તેણે હિંસા બંધ કરાવી. પોતાના ભક્તોને પણ મુનિના ઉપદેશ પ્રમાણે વર્તવાની આજ્ઞા કરી

ધન્ય છે એવા પવિત્ર મુનિરાજને કે જેમણે એક મિથ્યાત્વી દેવીને પણ પ્રતિબોધ પમાડયો.

પ્રયત્નથી શું સાધ્યું થતું નથી ? તમે પણ આ પવિત્ર સ્તોત્રને આરાધવાનો પ્રયત્ન જરૂર કરજો.

વ્યંતર જાય છે.

ત્વામવ્યયં વિભુમચિંત્યમસંખ્યમાદ્યં,
બ્રહ્માણમીશ્વરમનન્તમનઙ્ગ કેતુમ્,
યોગીશ્વરં વિદિતયોગમનેકમેકં,
જ્ઞાનસ્વરૂપમમલં પ્રવદન્તિ સન્તઃ ॥૨૪॥

અર્થઃ—હે પ્રભુ ! સન્તજનો આપને ક્ષય રહિત, પ્રભુ, અચિંત્ય, ગુણ સંખ્યા રહિત, પહેલા તીર્થંકર. બ્રહ્મરૂપ, ઈશ્વર, અનંત, કામનો નાશ કરવાને કેતુ સરખા, યોગીશ્વર, યોગવેત્તા, અનેક, એક જ્ઞાનસ્વરૂપ તથા પાપમલથી રહિત કહે છે.

ऋद्धि : ओँ ह्रीँ अर्हं नमो अरिहंताणं नमो दिट्ठिविसाणं ॥

मंत्र : ओँ नमो भगवते वद्धमाण सामिस्स सर्व समीहितं कुरु कुरु स्वाहा—

આ ચોવીસમા કાવ્ય મંત્રનો ૧૦૮ વાર જાપ કરવાથી માથાનો વાયુ મટે, આધાશીશી મટે વળી ૨૪–૨૫–૨૬ ત્રણે ગાથાઓ અટ્ઠમ તપ કરી સિદ્ધ કરવાથી ગમે તેવી ભયંકરમાં ભયંકર આપત્તિઓ ગાથાઓના પાઠ કરવા માત્રથી જાય છે. વળી મહારીના ખેલ સફલ ન થવા દેવા માટે પણ ભક્તામરની અમુક ગાથાઓ બલ આપે છે કારણ કે તીર્થંકરોની જે ભક્તિ–તીર્થંકર પરમાત્માની જે શક્તિ છે તેવી દુનિયામાં કોઈપણ વ્યક્તિની નથી.

**બુદ્ધસ્ત્વમેવ વિબુધાર્ચિતબુદ્ધિબોધાત્,**
**ત્વં શંકરોઽસિ ભુવનત્રયશંકરત્વા ત્;**
**ધાતાસિ ધીર શિવમાર્ગવિધેર્વિધાનાત્;**
**વ્યક્તં ત્વમેવ ભગવન્પુરુષોત્તમોઽસિ- ॥૨૫॥**

અર્થ—હે વિબુધાર્ચિત! આપ બુદ્ધિનો બોધ કરો તો તેથી આપજ બુદ્ધ છો, અને ત્રણ ભુવનના કલ્યાણના કરવાવાળા હોવાથી આપજ શંકર છો, હે ધીર! આપ મોક્ષ માર્ગની વિધિનું વિધાન કરનારા છો, તેથી આપજ ધાતા-વિધાતા છો, અને હે ભગવન્! આપજ સાક્ષાત્ પુરુષોત્તમ છો!

**ऋद्धि : ओँ ह्रीँ अर्हं नमो उग्गतवाणं ॥**

**मंत्र : ओँ नमो भगवते जये विजये अपराजिते सर्व सौभाग्यं सर्व सौख्यं कुरु कुरु स्वाहा**

આ પચ્ચીસમા કાવ્ય-મંત્રને યોગી પુરૂષો જ સાધી શકે, (યોગી હોય તે ભોગી ન હોય) ભોગી પુરુષો કદાચ સાધે તો સફળતા મળવી તે તેના ભાગ્યની બલીહારી, આ મંત્રને ૧૦૮ વાર જપીને (હાથમાં કંઈક લગાડીને) ઉકળતા તેલની કઢાઈમાં હાથ નાંખો તો બળે નહિ, ગરમ ગોળો પકડેલો દાઝે નહિ.

## શ્લોક ૨૪-૨૫ નો પ્રભાવ બતાવનારી કથા.

વસંતઋતુ પુર બહારમાં ખીલી રહી હતી. લીલા

આંબા ઉપર બેસી કોયલ મીઠા ટહુકા કરતી હતી, ચારે તરફથી સુવાસિત મીઠો પવન પ્રસરી રહ્યો હતો. તેવા સુંદર ઉપવનમાં આજે **સૂર્યપુરનો** રાજા અજિતસિંહ પોતાની પટ્ટરાણીઓ સહિત વસંતનો ઉત્સવ ઉજવવા આવ્યો હતો. રાણીઓ તો આવા મીઠા આનંદને અનુભવવા તલસી રહી હતી. એટલે ઉપવનમાં ચારે તરફ ભમતી, મનગમતા ફૂલોને ચુંટતી, અને અંદર અંદર મીઠી મશ્કરી કરી આનંદ લુંટી રહી હતી, તેવામાં તેઓના જોવામાં એક પત્થર આવ્યો. તેના ઉપર સિંદુર અને તેલ ચઢાવેલું હતું, તેલની ચીકાશથી આખો પત્થર ગંદો દેખાતો હતો. એટલે એક રાણીને સૂગ ચઢી અને તેના ઉપર થુંકી. થોડીવારે બીજી રાણી પણ થુંકી અને તેમને જોઇને મઝા ખાતર બધી રાણીઓએ વારાફરતી તે પત્થર ઉપર થુંક ઉડાડયું.

પરંતુ એકાએક આ શું ? બધી રાણીઓ ગોળ ગોળ ફરવા જ લાગી. હસતી જાય-ચાળા કરતી જાય અને ગાતી જાય પણ ફરતી બંધજ ન રહે. ખૂબ ફર્યા પછી જ્યાં ત્યાં ગાંડાની માફક દોડવા લાગી. રાજા-પ્રધાન વિગેરેએ આ જેયું. પ્રથમ તો તેઓ આનંદ કરતા હશે એમ માન્યું; પણ જ્યારે મર્યાદા પણ ન સચવાવા લાગી ત્યારે તેઓને લાગ્યું કે નક્કી કાંઇક વળગાડ વળગ્યો લાગે છે. ખરેખર હતું પણ તેમજ. કારણ કે જે પત્થર ઉપર તેઓ બધી થુંકી હતી તે પત્થરમાં એક વ્યંતરનો વાસ હતો. અને પોતાના ઉપર થુંકવાથી તે બધી રાણીઓને વળગ્યો હતો.

ચારે તરફ આનંદ આનંદ વર્તતો હતો. તેમાં ભંગાણ પડ્યું અને રાજા, પ્રધાન વિગેરે વિચારમાં પડયા. તરત જ મંત્ર-તંત્ર જાણનારાઓને બોલાવ્યા. ચારે તરફ માણસો દોડાવ્યા, ખૂબ ધૂપધુમાડા કર્યાં અનેક પ્રકારના મંત્રો ભણાયા, માથું પછાડી પછાડી ભૂવાઓ ધુણવા લાગ્યા; પણ કોપથી વ્યંતર જરા પણ ખસ્યો નહિ. આથી રાજા તો ખૂબ મુંઝાવા લાગ્યો અને તેના ઉપાય માટે વિચાર કરવા લાગ્યો.

ગામે ગામ વિહાર કરી પવિત્ર ચારિત્રને પાળતા **શાંતકીર્તિ** મુનિરાજ અચાનકજ પોતાના શિષ્ય મંડળ સહિત આગલા ગામથી વિહાર કરી **સૂર્યપુર** તરફ જતા હતા. તેઓ આ ઉપવન પાસેથી પસાર થતા થાક લાગવાથી એક વૃક્ષની છાયામાં જરા આરામ લેવા બેઠા. ત્યાંજ રાજાના દોડધામ કરતા માણસોએ આ શાંતકીર્તિ મુનિરાજને જોયા. અને કદાચ આ મહાત્મા પણ કાંઈક ઉપચાર જાણતા હશે એમ ધારીને તેઓ રાજા પાસે ગયા અને નિવેદન કર્યું કે "કોઈ પવિત્ર મુનિરાજ આ ઉપવનની નજીકમાંજ એક ઝાડ નીચે વિસામો લેવા બેઠાં છે. જો આપની રજા હોય તો બોલાવીએ, કદાચ તેઓ કંઇક ઉપચાર પણ જાણતા હશે."

રાજા તો આ સ્થિતિથી કંટાળ્યો હતો, એટલે તુરતજ રજા આપવાને બદલે પોતે જ તે માણસોની સાથે જ્યાં શાંત કીર્તિ મુનિ વિસામો લેવા બેઠા હતા ત્યાં પહોંચ્યો. અને નમસ્કાર કરી નીચે બેઠો. પછી પોતાને આવેલી મુશ્કેલી કહી સંભળાવી. મુનિરાજ તો આ અચાનક આવી પડેલા

પ્રસંગનો વિચાર કરી પરિણામે લાભ જાણી ત્યાંજ શાન્ત ચિત્ત ભક્તામર સ્તોત્રના ૨૪-૨૫ એ બે શ્લોકોનું સ્મરણ કરી અને એક લોટો પાણી બે શ્લોકોના મંત્ર વડે મંત્રી આપ્યો. આ કાર્ય ગીતાર્થ મુનિને જ શોભે,

રાજાએ તે મંત્રેલું પાણી રાણીઓને છાંટયું તો વળગેલો પિશાચ ચીસ પાડી નાસી ગયો.

રાજા આ ચમત્કારથી એટલો બધો નવાઈ પામ્યો કે ત્યારથી તેણે **જૈનધર્મ** અંગીકાર કર્યો; અને **શાંતકીર્તિ** **મુનિ પાસેથી ભક્તામર સ્તોત્રનો વિધિપૂર્વક અભ્યાસ કર્યો.**

જે પ્રભુના સ્મરણથી મોહ જેવો ભયંકર વ્યંતર પણ નાસી જાય છે, તો પછી આ વળગાડ દૂર થાય તેમાં આશ્ચર્ય જ નથી.

તમે એવું પ્રભુ સ્મરણ કયારે કરશો?

---

તુભ્યં નમસ્ત્રિભુવનાર્તિહરાય નાથ,
તુભ્યં નમઃ ક્ષિતિતલામલભૂષણાય;
તુભ્યં નમસ્ત્રિજગતઃ પરમેશ્વરાય,
તુભ્યં નમો જિન ભવોદધિશોષણાય. ॥ ૨૬ ॥

**અર્થ**:—હે નાથ! ત્રિભુવનના દુઃખોને નષ્ટ કરનાર આપને મારા નમસ્કાર છે. પૃથ્વીના તળને વિષે નિર્મળ અલંકારરૂપ આપને મારા નમસ્કાર છે. હે ત્રણ જગતૂના

પરમેશ્વર ! આપને મારા નમસ્કાર છે. હે જિનેન્દ્ર ! ભવ સમુદ્રનું શોષણ કરનારા ! આપને નમસ્કાર હો.

ऋद्धि : ॐ ह्रीँ अर्हं नमो दित्ततवाणं ॥

मंत्र : ॐ नमो भगवति ॐ ह्रीँ श्रीं क्लीं हूँ ह्रः परजन
शांति व्यवहारे जयं कुरु कुरु स्वाहा—अथवा
ॐ नमो भगवति ॐ ह्रीं श्रीं क्लीं हूँ ह्रः पुरुष स्त्रीजन-
जन्म जीवआर्त्ति पीडानिवारणं कुरु कुरु स्वाहा ॥

આ છવીસમા કાવ્ય મંત્રને ૨૧ વાર ગણી તેલ અથવા પાણી મંત્રીને સ્ત્રીને પાવાથી છૂટા છેડા થાય છે—અથવા સ્વ. પતિના અંગૂઠાનું જલ ઉપરોક્ત મંત્ર—ગાથાથી. મંત્રિત કરી પીવડાવવાથી પણ ગર્ભવતી સ્ત્રીના છૂટા છેડા થાય છે.

---

## શ્લોક ૨૬ નો પ્રભાવ બતાવનારી કથા

**પાટલીપુર** નગરમાં **ધનમિત્ર** નામે એક શેઠ રહેતા હતા. નામ તો ધનમિત્ર હતું. છતાં ધનની સાથે તેમને મિત્રતા ન હતી. ઉલટી દુશ્મનાવટ હતી. એટલે જન્મથીજ તેઓ બહુ ગરીબ હતા. તો પણ માતાપિતાના સંસ્કાર એવા સારા કે ધનમિત્ર શેઠ નિરંતર ધર્મકાર્યમાં તત્પર રહેતાં.

તે નગરમાં વિજયદેવ નામે કોઈ પવિત્ર મુનિરાજ ફરતા ફરતા આવી ચઢયા. તેમનો સુંદર ઉપદેશ ને પવિત્ર

ચારિત્ર જોઈને ધનમિત્ર શેઠ નિરંતર તેમનું વ્યાખ્યાન સાંભળવા જવા લાગ્યા.

**એક** વખત વિજયદેવસૂરિએ 'બ્રહ્મચર્ય' એ વિષય ઉપર સુંદર વ્યાખ્યાન આપ્યું, અને ધનમિત્ર શેઠે ત્યાંજ બે નિયમો લીધા.

૧. પરસ્ત્રીને માતા સમાન માનવી.

૨. ભક્તામર સ્તોત્રનું દરરોજ સ્મરણ કર્યા પછીજ ભોજન કરવું.

આ નિયમોને બરાબર પાળતા કેટલોક સમય વીતી ગયો. તેવામાં એકવાર ધનમિત્ર શેઠે ધન મેળવવા માટે પરદેશ જવા વિચાર કર્યો અને બનતી થોડી ઘણી તૈયારી કરી પ્રયાણ કર્યું. કેટલાક દિવસે તેઓ વસંતપુરમાં આવી પહોંચ્યા.

પોતે અજાણ્યા હોવાથી ક્યાં જવું ? શું કરવું, વિગેરે વિચારો કરતાં એક મકાનના ઓટલા ઉપર બેઠા. ત્યાંજ નજીકમાંથી પસાર થતી એક રૂપ યૌવન સંપન્નશાળી સ્ત્રીએ તેમને બોલાવ્યા અને કહ્યુ, 'હે શેઠ! તમે આમ કેમ બેઠા છો ? ચાલો મારે ત્યાં" શેઠ તો પ્રથમ આવી અજાણી સ્ત્રીના આવા વચનોથી નવાઈ પામ્યો. પરંતુ પોતે અજાણ્યો હોવાથી કાંઈક રાહત મળશે, એમ ધારીને તે સ્ત્રીની સાથે ચાલ્યો.

પોતાનું મકાન આવ્યા પછી પેલી સ્ત્રીએ શેઠના એ પહેરેલા કપડાં ઉતરાવીને બીજા નવા કપડા આપ્યા અને

ન્હવરાવી–ધોવરાવી શેઠનો થાક ઉતાર્યો. પછી પોતે શેઠને કહેવા લાગી 'હે શેઠ ! આ મકાન આપનુંજ છે, આપ અહીં રહો અને મારી સાથે રહીને આનંદ કરો."

ધનમિત્ર શેઠ તો આ વચનો સાંભળી પોતે કેવી રીતે ફસાયો હતો તે સમજી ગયો. તેને પોતાનો નિયમ યાદ આવ્યો અને તુરત ઉભો થઇ ચાલવા લાગ્યો. તેટલામાં પેલી સ્ત્રીના માણસોએ તેને રોક્યો અને ઘણો ઘણો સમજાવ્યો પરંતુ શેઠ તો પોતાના નિયમમાં મક્કમ રહ્યા. અને આ ધર્મ સંકટમાંથી બચવા ત્યાંજ આંખો બંધ કરી એક ચિત્તે ભક્તામર સ્તોત્રના–૨૬ મા શ્લોકનું સ્મરણ કરવા લાગ્યા.

થોડીવારમાં તો એ મકાન ન મળે અને કોઈ સ્ત્રી પણ ન મળે. પરંતુ એ ધનમિત્ર શેઠની સામે તેજ તેજના અંબાર સરખો દેવ પ્રત્યક્ષ થયો અને બોલ્યો કે, "હે શેઠ ! તમારો નિયમ તોડાવવા માટેજ મેં આ પ્રમાણેની માયા જાળ ઉભી કરી હતી, પરંતુ તમારી મક્કમતાથી હું બહુ ખુશી થયો છું અને તમારૂં દારિદ્ર દૂર કરવા આ પાંચ રત્નો આપું છું, એમ કહીને દેવ પાંચ કિંમતી રત્નો આપીને પોતાને સ્થાને ચાલ્યો ગયો. ત્યારે શેઠ તો આ બધું એકદમ શી રીતે બન્યું તેનો વિચાર કરતો કરતો પાંચ રત્નો લઇને પાટલીપુર નગર તરફ આવવા માટે નીકળ્યો; પ્રથમ કરતાં પણ વિશેષ શ્રદ્ધા પૂર્વક એ ભક્તામર સ્તોત્રનું આરાધન કરવા લાગ્યો. અનુભવ થયા પછી ભક્તિમાં વધુ આનંદ તેમ ભક્તિ વધે છે.

ત્યારથી તે શેઠ હંમેશાં દુઃખના સમયમાં તો દરેકને ભક્તામર સ્તોત્રનું જ આરાધન કરવાની સલાહ આપતો,કારણ કે આ પવિત્ર સ્તોત્રના આરાધનથી જો કર્મ રૂપી વિકાર શાંત થાય છે તો આ કૃત્રિમ વિકાર શાંત થાય તેમાં શી નવાઈ છે ?

---

કો વિસ્મયોઽત્ર યદિ નામ ગુણૈરશેષૈ-
સ્ત્વં સંશ્રિતો નિરવકાશતયા મુનીશ !
દોષૈરુપાત્તવિવિધાશ્રયજાતગર્વૈઃ,
સ્વપ્નાંતરેઽપિ ન કદાચિદપીક્ષિતોઽસિ ॥૨૭॥

અર્થઃ—હે મુનીશ્વર ? આપ સમસ્ત ગુણોના પરિપૂર્ણ આશ્રયરૂપ સ્થાન હો તો તેમાં આશ્ચર્ય શું છે ! વિવિધ આશ્રયોથી ઉત્પન્ન થયેલા અહંકારરૂપ દોષોએ કરી તમને લોકોએ સ્વપ્નામાં પણ કદી દીઠેલા નથી.

**ऋद्धि : ओँ ह्रीँ अर्हं नमो तत्ततवाणं ॥**

**मंत्र : ओँ नमो चक्रेश्वरीदेवी चक्रधारिणी चक्रेगानु कुलं-
साधय साधय शत्रुन् उन्मूलय उन्मूलय स्वाहा ॥**

આ સત્તાવીસમા કાવ્ય–મંત્રનો કાળી માળાથી જાપ કરીને સિદ્ધ કરવો. ત્યારબાદ જાપ કરતાં કાળી ધોતી પહેરવી, કાળો કપડો ઓઢવો, મરી પ્રમુખનો હોમ કરવો. અલુણું જમવું. જેથી શત્રુ તરીકેનું જેનું ઉચ્ચારણ હશે તે

પરેશાન થશે. તાંત્રિકો પણ શત્રુના ઉચ્ચાટન માટે કાળાં કપડાં તથા અમુક દિવસની ગધેડાના પગની રજનો ઉપયોગ કરી શત્રુની પીઠ ઉપર નાંખે છે.

---

## શ્લોક ૨૭નો પ્રભાવ બતાવનારી કથા.

ગુજરાતના રમ્ય પ્રદેશમાં ગોદાવરી નદી વહી રહી છે. તેના કિનારા ઉપર વસેલું પૈઠણપુર નગર પણ અનેક ઉંચા-નીચા સુંદર મકાનોથી શોભી રહ્યું છે, વળી ત્યાંનો હરિસિંહ રાજા પણ ન્યાયી અને પ્રજાને ઘણો પ્રિય છે.

રાજા સર્વ વાતે સુખી છે, પરંતુ તેને એકે પુત્ર નહિ હોવાથી તે બહુજ કલ્પાંત કર્યા કરે છે. અનેક દેવ દેવીઓના હોમ કર્યા, અનેક પ્રકારની બાધાઓ લીધી અને અનેક પ્રકારના જોષી વિદ્વાનોને દ્રવ્ય આપ્યા, પરંતુ તેને કોઈ સંતાન ન થવાથી તે બહુજ ચિંતાતુર રહે છે. તેથી રાજ્યનું કામકાજ પણ બરાબર થઈ શકતું નથી.

તેનો પ્રધાન બહુજ ચતુર અને વિદ્વાન હતો, તેણે વિચાર કર્યો કે જો રાજા આમને આમ ચિંતા કર્યા કરશે તો તેમના શરીરની અને રાજ્યની-બન્નેની ખરાબી થશે. માટે તેનો તાત્કાલિક ઉપાય કરવો જોઈએ. એમ વિચાર કરીને તેણે નગરની બહાર ચારે તરફ પોતાના માણસોને બેસાડયા અને હુકમ કર્યો કે કોઈ પણ સાધુ-સંત-સન્યાસી આવે તો તુરતજ મને ખબર આપવા એ પ્રમાણે ઘણા દિવસો

સુધી તે પ્રધાન એ સંત-સન્યાસીઓને રાજાની ચિંતાનો ઉપાય પુછવા લાગ્યા, પણ કાંઈ નિકાલ આવ્યો નહિ. એવામાં એક વખત સુઘોષાચાર્ય નામના મહા પ્રભાવિક મુનિરાજ વિહાર કરતા કરતા એ પૈઠણપુર નગરમાં આવી પહોંચ્યા, ત્યારે માણુસોએ પ્રધાનને ખબર આપી કે તરત જ પ્રધાન ત્યાં ગયો, અને મહારાજના ચરણોમાં નમસ્કાર કરી તેમને બધી હકીકતથી વાકેફ કર્યા.

મુનિરાજ તો શાંત ચિત્તે સાંભળી જ રહ્યા અને કહ્યું, "ભાઇ! પુત્ર થવો ન થવો એ તો કર્માધિન છે, પરંતુ કાલે તમો રાજાને તેડીને અહીં આવજો."

પ્રધાનને તો કાંઈક આશા બંધાણી અને બીજે દિવસે રાજા તથા મિત્ર મંડળ સહિત તે સુઘોષાચાર્ય પાસે ગયા.

વિશાળ કપાળ, તેજસ્વી કાન્તિ અને ચારિત્રનો પ્રભાવ જોઇને રાજાના હૃદયમાં તો મુનિરાજ પ્રત્યે ખૂબ શ્રદ્ધા બેઠી. સુઘોષાચાર્યે પણ રાજાને મનની શાંતિ રાખવા માટે સુંદર બોધ આપ્યો કે "હે રાજન્! કોઈપણ વસ્તુ મલવી યા ન મળવી એ પોતાના કર્માનુસાર છે. તો તમારે પણ કર્મ ભોગવવાં પડે તે સ્વાભાવિક છે. પણ ધર્મ અને પ્રભુ સ્મરણ જો એક ચિત્તથી થાય તો અશુભ કર્મનો નાશ થઈ કદાચ તમારી મનોકામના પણ પૂર્ણ થાય."

ત્યારે રાજાએ કહ્યું કે "હે મુનિરાજ! પત્થર એટલા દેવ માન્યા, પણ મને ક્યાંયથી સંતોષ થયો નથી."

ત્યારે મહાત્માએ લાભનું કારણ જાણી ભક્તામર સ્તોત્રનો ઉપદેશ કર્યો અને "કોવિસ્મયોડત્ર" એ શ્લોકનો વિધિપૂર્વક જાપ બતાવ્યો. વર્તમાનના મુનિઓએ સંતાન પ્રાપ્તિ માટે મેલા કે સાત્વિક કોઈ પ્રયોગ ન જ કરવા જોઈએ પણ કર્મ સત્તા ઉપર ધ્યાન દેરવું જોઈએ,

રાજાને મુનિરજ પ્રત્યે તો શ્રદ્ધા ઉત્પન્ન થઈ હતી. તેમાં આ જાપથી તેનું મન આનંદ પામ્યું. અને આચાર્યશ્રીના કહેલા પ્રમાણે નિરંતર એક ચિત્તથી જાપ કરવા લાગ્યો.

બરાબર છ માસની આ સાધના પૂર્ણ થયે, શાસન. દેવી પ્રસન્ન થઈ રાજાને ફૂલની એક સુંદર માળા આપી. કહ્યું કે "હે રાજન્! તારી રાણીના ગળામાં આ માળા પહેરાવજે, તેથી તારી ઇચ્છા પૂર્ણ થશે."

દેવીના કહ્યા પ્રમાણે રાજાએ કર્યું અને યથા સમયે રાણીએ એક તેજસ્વી પુત્રને જન્મ આપ્યો.

રાજાએ આખા નગરમાં આનંદ મહોત્સવ ઉજવ્યો, અને બ્રાહ્મણ અતિથિઓને દાન આપ્યું, અને દરેક જિન. ચૈત્યમાં પૂજા મહોત્સવ કરાવ્યો, ત્યારથી રાજાને જૈનધર્મ ઉપર એટલી બધી શ્રદ્ધા બેઠી કે પોતે બારવ્રત અંગીકાર કરી શુદ્ધ શ્રાવક થયો.

**પ્રભુ સ્મરણથી અશુભ કર્મો તુટીને ઇચ્છિત વસ્તુ અવશ્ય પ્રાપ્ત થાય છે જ.**

ઉચ્ચૈરશોકતરુસંશ્રિતમુન્મયૂખ-
માભાતિ રુપમમલં ભવતો નિતાંતમ્;
સ્પષ્ટોલ્લસત્કિરણમસ્તતમોવિતાનમ્,
બિમ્બં રવેરિવપયોધર પાર્શ્વવર્તિ. ॥૨૮॥

અર્થ:—જેવી રીતે પ્રકાશમાન કિરણોવાળું અને અંધકારના સમુહને નષ્ટ કરવાવાળું સૂર્યનું બિંબ વાદળાંની સમીપે શોભે છે, તેવી રીતે ઉંચા અશોક વૃક્ષની નીચે ઉંચા કિરણોવાળું આપનું સ્વરૂપ પણ અત્યંત નિર્મળ છે. ભગવંતની કાયા—કરતાં અશોક વૃક્ષ—ઘણો ઉંચો હોય છે.

ऋद्धि : ओँ ह्रीँ अर्ह नमो महातवाणं ॥

मंत्र : ओँ नमो भगवते जये विजये जंभय जंभय जंभय मोहय मोहय सर्व रिद्ध सिद्धि संपत्ति सौख्यं कुरु कुरु स्वाहाः ॥

આ અઠ્ઠાવીસમા કાવ્ય-મંત્રને જપવાથી રાજાને માન્ય થવાય, વ્યાપારમાં લાભ, રણમાં જય-વિજય થાય. આ સદ્ધ કરવા માટે તપ-જપની મુખ્ય પ્રધાનતા હોય છે.

કોઢ મટી જવા માટે,

સિંહાસને મણિમયૂખશિખાવિચિત્રે,
વિભ્રાજતે તવ વપુઃ કનકાવદાતમ્;
બિંબં વિયદ્વિલસદંશુલતાવિતાનં,
તુંગોદયાદ્રિશિરસીવ સહસ્રરશ્મેઃ ॥૨૯॥

**અર્થ** :—જેવી રીતે ઉંચા ઉદયાચળ પર્વતના શિખર ઉપર આકાશમાં ઉદ્યોતમાન કિરણોની શાખાઓના સમુહ વડે સૂર્યનું બિંબ શોભે છે, તેવી રીતે મણિઓના કિરણોની કાંતિથી વિચિત્ર શિખરવાળા સિંહાસન પર સુવર્ણ જેવું આપનું શરીર વિશેષે કરી શોભે છે.

**ऋद्धि : ओँ ह्रीँ अर्हं नमो घोरतवाणं ॥**

**मंत्र : ओँ नमो नमिउण पास विसहर फुलिंग मंतो सव्व-सिद्धे समीहेउ जो समरंताणं मणे जागइ कप्पदुम्म सर्व सिद्धिं ओँ नमः स्वाहा ॥**

આ ઓગણત્રીસમા કાવ્ય-મંત્રથી ૧૦૮ વાર પાણી મંત્રીને પીવાથી આકડો, ધંતુરો, સર્પ વિગેરે તમામ સ્થાવર વિષ દૂર થાય.

તા. ક. શ્રી પાર્શ્વનાથ ભગવંતના મૂળ-સ્તોત્ર-મંત્રનું વિધિવત આરાધન થાય તો ક્ષય-ટાઈફોયડ હાર્ડ, કેન્સર, નજર, ભૂત-કોઈની નજર વિ. દૂર થાય છે. તેમાં ગુરૂગમ ભાવ સમજવાની આવશ્યકતા હોય છે. આ આરાધના માટે વિશાખા નક્ષત્ર તથા શ્રી પાર્શ્વનાથ ભગવંતનું કલ્યાણક શ્રેષ્ઠ હોય છે

## શ્લોક ૨૮-૨૯ નો પ્રભાવ બતાવનારી કથા

ધારાનગરીનો રાજા વિજયપાલ બહુજ ન્યાયી અને ઉદાર હતો. તેને રૂપકુમારી નામે એક સ્વરૂપવાન કુંવરી

હતી. એકની એક પુત્રી હોવાથી રાજા-રાણીએ તેને બહુ જ લાડમાં ઉછરેલી હતી. તેથી કુંવરીમાં અભિમાન રૂપી મોટો દુર્ગુણ ઉત્પન્ન થયો હતો. પોતાના કરતાં તે બધાને હલકા ગણુતી અને તિરસ્કારતી હતી.

એક વખત પોતાની સખીઓ સાથે તે નગરના બહારના ઉદ્યાનમાં ફરવા ગઈ, ત્યાં ધ્યાનમાં રહેલા કોઈ મુનિને જોઈને તે મશ્કરી કરી બોલવા લાગી કે "હે સખી! જો તો ખરી? આ ભિક્ષુક કેવો ગંદો છે? કદી ન્હાતો-ધોતો લાગતો નથી. તેના શરીર ઉપર કેટલો બધો મેલ ચઢી ગયેલો છે? વળી અંગ ઉપર ઢાંકવા પુરાં વસ્ત્ર પણ રાખતો નથી. ખરેખર મનુષ્યના રૂપમાં પશુ જેવો જ મને તો લાગે છે. તેથી સૂગ ચઢે છે. ચાલો અહીંથી જતા રહીએ." એમ કહીને જતાં જતાં ખૂબ પત્થર-કાંકરા ને ધુળ વડે મુનિના શરીરને ઢાંકી દીધું.

ઘેર પહોંચતાની સાથે જ રૂપકુમારીનું શરીર બેડોળ થઇ ગયું. આંખો ઉંડી પેસી ગઈ-હોઠ મરડાઈ ગયા-નાક બેસી ગયું અને એ રીતે આખા શરીરનું સ્વરૂપ બદલાઈ જવાથી રૂપકુમારી કુરૂપકુમારી જેવી થઈ ગઇ. રાજા-રાણી તો આ જોઈને આશ્ચર્ય પામ્યા અને પુત્રીને વારંવાર પૂછવા લાગ્યા કે "હે બ્હેન! તેં કોઈ દેવ-દેવીના સ્થાનકની અથવા કોઈ મહા પુરૂષની અવગણુના કરી છે?" નહિતર એકદમ તારૂં આ સુંદર રૂપ કેમ બદલાઈ જાય? કુંવરી તો ભયને લીધે કાંઈ બોલી શકી નહિ. પરંતુ દાસીએ કહ્યું કે 'હે

મહારાજા ! આજે ઉદ્યાનમાં અમે ફરવા ગયા હતા ત્યાં ધ્યાનસ્થ રહેલા એક મુનિનું અમે અપમાન કર્યું હતું. એ સિવાય કોઈ દેવ–દેવીના સ્થાનકે ગયા નથી.

રાજા પણ આ સાંભળી બોલી ઉઠયો કે ખરેખર એ પવિત્ર મુનિને સતાવ્યાનું જ આ ફળ હોવું જોઇએ. માટે ચાલો એકદમ રથ તૈયાર કરો અને રૂપકુમારીને તેમાં બેસાડી, તે પવિત્ર મુનિરાજ પાસે લઈ જઈ માફી માગીએ.

થોડીવારે રથમાં બેસી રાજા, રાણી, રૂપકુમારી, તથા બીજા ઘણા માણસો સાથે તેઓ ઉદ્યાનમાં આવી પહોંચયા, ત્યાં મુનિને ધ્યાનમાં રહેલા દીઠા, આસપાસ પત્થર અને ધૂળના ઢગલા જોઇને રાજાની આંખમાં ઝળહળીયાં આવી ગયાં અને તે મુનિરાજના ચરણમાં નાના બાળકની માફક ઢળી પડયો.

મુનિરાજે ધ્યાન પૂર્ણ કર્યું એટલે રાજાએ બહુ બહુ ક્ષમા યાચી. કુંવરીએ પણ આવા મહાત્માને સતાવવા માટે કરેલી ભૂલનો પશ્ચાત્તાપ કરી મુનિરાજની ક્ષમા માગી. મુનિએ તો જાણે કાંઈ બન્યું જ ન હોય તેમ શાંત ચિત્તે કહ્યું કે 'હે રાજન ! કરેલા કર્મ સૌને ભોગવવા પડે છે, પરંતુ પ્રચંડ પાપના ફળતો તરત જ ભોગવવા પડે છે; માટે ધર્મનું શરણ એજ એક તેનો ઉત્તમ ઉપાય છે તો તમે ભક્તામર સ્તોત્રના આ ૨૮–૨૯ એ બે શ્લોકોનું શુદ્ધ ભાવે સ્મરણ કરી ત્રણ દિવસ પાણી છાંટશો તો આ વ્યાધિ શાંત થશે. એમ કહી એ બે શ્લોકોનું વિધિ પૂર્વકનું આરાધન બતાવી

મુનિ તો ફરી ધ્યાનમાં લીન થયા. અને રાજાએ એ પ્રમાણે ત્રણ દિવસના આરાધન વડે રૂપકુમારીનો રોગ મટાડ્યો. આથી ઘણા માણસો આ ભક્તામર સ્તોત્રનું આરાધન કરવા લાગ્યા, અને રાજા, રાણી તથા રૂપકુમારી પણ ચુસ્ત જૈનધર્મી થયા.

તમે પણ એવા પવિત્ર સ્તોત્રને નિરંતર સંભારજો.

**કુંદાવદાતચલચામર ચારૂશોભં,**
**વિભ્રાજતે તવ વપુઃ કલધૌતકાન્તમ્ ;**
**ઉદ્યચ્છશાંઙ્કશુચિનિર્ઝરવારિધાર-**
**મુચ્ચૈસ્તટં સુરગિરેરિવ શાતકૌંભમ્ ॥૩૦॥**

**અર્થ** :—જેવી રીતે ઉદય પામેલા ચન્દ્રમાના જેવા નિર્મળ ઝરણાંનાં પાણીની ધારાઓથી, સુવર્ણમય મેરૂપર્વતનું ઉંચું શિખર શોભે છે, તેવી રીતે મોગરાના પુષ્પ જેવું અને ધોળા વીંઝાતા ચામરો વડે મનોહર શોભાવાળું સુવર્ણ કાન્તિમય આપનું શરીર અત્યંત શોભામય બની રહ્યું છે.

**ऋद्धि : ॐ ह्रीँ अर्हं नमो घोरगुणाणं ॥**

**मंत्र : ॐ नमो श्री पार्श्वनाथाय ह्रीँ धरणेन्द्र पद्मावती सहिताय अट्टे-मट्टे [क्षुद्र-विघट्टे] क्षुद्रान् स्तंभय-स्तंभय रक्षां कुरु कुरु स्वाहा.**

આ ત્રીસમા કાવ્ય-મંત્રથી ૧૦૮ વાર જપીને કપડાંના છેડે ગાંઠ દેવી-ચોર આવે નહિં, માર્ગમાં સિંહ વિગેરે ઉપદ્રવ કરે નહિં—ઉપદ્રવોથી રક્ષણ થાય.

તા. ક. અઠ્ઠમ તપ આરાધી એક જ પલાંઠીયે દરરોજ મૂલ મંત્રનો ૧૨ાા હજાર જાપ થાય તો જીવનમાં અલૌ-કિકતા જોવા મળ્યા વિના રહે નહિં.

છત્રત્રયં તવ વિભાતિ શશાંકકાંત-
મુચ્ચૈઃ સ્થિતં સ્થગિતભાનુકરપ્રતાપમ્;
મુક્તાફલપ્રકરજાલવિવૃદ્ધશોભં,
પ્રખ્યાપયત્ત્રિજગતઃપરમેશ્વરત્વમ્. ॥ ૩૧ ॥

**અર્થ** :—ચન્દ્રમા સમાન મનોહર, સૂર્યનાં કિરણોના પ્રભાવને હરનારૂં અને મોતીની માળાઓના સમુહથી વધારે બનેલી શોભાવાળું આપનું છત્રત્રય શોભે છે. તથા ત્રણ જગતના પરમેશ્વરપણાને પ્રખ્યાત કરે છે.

**ऋद्धि : ॐ ह्रीँ अर्हं नमो घोरगुण परक्कमाणं ॥**

**मंत्र : ॐ उवसग्गहरं पासं पासं वंदामि, कम्मघणमुक्कं-विसहर विसनिन्नासं मंगल कल्लाण आवासं ? ॐ ह्रीँ नमः स्वाहा-**

આ એકત્રીસમા કાવ્ય-મંત્રને ગણવાથી રાજા-માન આપે, સંકટ દૂર થાય, બંદીખાનાથી છૂટાય, રાજા રૂઠયો હોય તો માની જાય, સંતાનાદિ સુખ ઉપજે, શાંતિ વર્તે.

## શ્લોક ૩૦-૩૧ નો પ્રભાવ બતાવનારી કથા.

જંગલની મઝા માણતો વીરો ગોવાળ પોતાના ઢોરો સાથે રાત-દિવસ વનમાંજ રહેતો હતો. ન હતી તેને જંગલી

પ્રાણીઓની બીક કે ન હતી તેને પોતાની માલ-મિલ્કત લુંટાઇ જવાની બીક. વનના મીઠા ફળો ખાય,ઝરણાના નિર્મળ પાણી પીએ અને પત્થરની શિલાઓ ઉપર પથારી કરે,એવું તેનું સુખી જીવન હતું.

એક વખત કોઈ જૈન મુનિ રસ્તો ભૂલવાથી વનમાં ચારે તરફ રખડે પરંતુ ખરો રસ્તો હાથ લાગે નહિ. તેવામાં ફરતા ફરતા આ ભરવાડની ઝુંપડી પાસે આવી પહોંચ્યા; પણ ઘણા દિવસથી પુરતા આહાર પાણી નહિ મળવાથી અને રખડવાથી લાગેલા થાકને લીધે ચક્કર આવવાથી મુનિ તો ધબ દઇને નીચે પડયા. ભરવાડે આ જોયું. અને એકદમ દોડીને મુનિને ઉંચકી પોતાની ઝુંપડીમાં લાવ્યો તથા તેમની બહુજ સારવાર કરી. સ્વસ્થ થયા પછી ભરવાડે મુનિને ભક્તિ પૂર્વક વંદન કરી તેમને ખરો રસ્તો દેખાડયો.

એક ભરવાડ જેવાની આટલી બધી સેવા-ભક્તિ જોઇને મુનિ મહારાજે તેને ભક્તામરનો ૩૦-૩૧ એ બે શ્લોકોનું આરાધન વિધિ વિધાન પૂર્વક કરવાનું બતાવ્યું.

સાચી શ્રદ્ધા અને ભક્તિ વડે મુનિ મહારાજે બતાવ્યા પ્રમાણે આ બે શ્લોકનું ચિંતવન કરતાં વીરા ભરવાડનાં છ માસ ચાલ્યા ગયા. કોરી પાટી ઉપર જેવું ચીતરવું હોય તેવું ચીતરાય, ।

એક વખત સાયંકાળની આછી સંધ્યા ખીલી રહી છે, અને વીરો ભરવાડ એક ધ્યાને પ્રભુ સ્મરણ કરી રહ્યો છે;

તેવામાં ઘોડા ઉપર સવાર થયેલા બે ત્રણ માણસો અચાનકજ વીરા ભરવાડ પાસે આવી પહોંચ્યા, અને તેને સખ્ત બંધનોથી બાંધી ઉપાડી ચાલવા લાગ્યા. ચાલતાં ચાલતાં રાતોરાત તેઓ છુપા રસ્તે સિંહપુર નગરમાં આવી પહોંચ્યા, અને વીરા ભરવાડને એક સુંદર રાજમહેલમાં લઈ ગયા. વીરા ભરવાડને તો આ બધું શું થયું તે કાંઇ સમજાયું નહિ. પરંતુ વાત એમ બની હતી કે, સિંહપુર નગરનો રાજા અચાનક મરણ પામ્યો વળી રાજ્ય ઉપર દુશ્મનો ચડી આવ્યા હતા. એટલે જો તેઓ કોઇને પણ રાજા તરીકે ન સ્થાપે તો રાજ્ય દુશ્મનના હાથમાં જાય અને પ્રજા હેરાન થાય. તેથી આ વીરા ભરવાડને તેઓ ઉપાડી લાવ્યા અને રાતમાંજ તેને રાજા તરીકે સ્થાપી આખા નગરમાં વીરસેન રાજા તરીકે તેની આણ વરતાવી દીધી.

પ્રભાતે પેલા ચઢી આવેલા દુશ્મનો સાથે લડાઈ કરવા સેના તૈયાર થઈ ત્યારે વીરસેન રાજાએ ભકતામર સ્તોત્રના ૩૦-૩૧ એ બે શ્લોકોનું આરાધન કર્યું કે તરતજ શાસન દેવી હાજર થઇ અને કહ્યું કે "હે વીરા! તારી ભકિતથી હું પ્રસન્ન થઈ હતી માટે જ મેં આ રાજ્ય વિગેરે તને અપાવેલ છે, અને આ લડાઇમાંપણ તારોજ વિજયવિગેરે થસે."

આખરે બન્યું પણ તેમજ દુશ્મનો વીરસેનના પ્રતાપથી હારીને નાસી ગયા અને વીરસેનેપ્રજાને બહુજ સુખીકરી-

જુઓ, કયાં ભરવાડ ને ક્યાં રાજા!

એ બધો પ્રતાપ આ ભક્તામર સ્તોત્રનોજ છે. માટે તમે પણ આ સ્તોત્રને એકવાર ભણવાનું તો ભુલશોજ નહિં.

o o o

ઉન્નિદ્રહેમનવપંકજપુંજકાંતી,
પર્યુલ્લસન્નખમયુખશિખાભિરામૌ;
પાદૌ પદાનિ તવ યત્ર જિનેન્દ્ર ધત્તઃ ;
પદ્માનિ તત્ર વિબુધાઃ પરિકલ્પયન્તિ. ॥ ૩૨ ॥

**અર્થ** :—હે જિનેન્દ્ર ! વિકાસ પામેલા સુવર્ણના નવ કમળના સમુહની કાંતિ સમાન ઝળહળતા નખના કિરણોના પ્રકાશથી મનોહર તમારાં ચરણો જ્યાં જ્યાં પૃથ્વીપર પગલાં ભરે છે ત્યાં ત્યાં દેવતાઓ કમળની રચના કરે છે.

ऋद्धि : ओँ ह्रीँ अर्हं नमो विप्पोसहि पत्ताणं ॥
मंत्र: ओँ ह्रीं श्रीं कलिकुंड दंड स्वामिन् आगच्छ आगच्छ
आत्ममंत्रान् आकर्षय आकर्षय आत्ममंत्रान् रक्ष रक्ष
परमन्त्रान् छिन्द छिन्द मम समीहितं कुरु कुरु स्वाहा॥

આ બત્રીસમા કાવ્ય-તથા મંત્રને અઠ્ઠમતપથી [ગુરૂ-ગમ સહવાસથી ગુપ્ત ભેદ જાણીને] આરાધી સિદ્ધ કરવો ખૂબ જ આવશ્યક છે. ૧૨॥ હજારનો જાપ કરતાં સફેદ જાયના ફૂલ-ચમેલીના ફૂલ તથા ચિંતામણી કલ્પ પ્રમાણે આહુતિ બાદ આ મંત્રાક્ષર-કાવ્યના પ્રભાવે લક્ષ્મી-સંપદા ખૂબ વૃદ્ધિને પામે છે.

ઇત્થં યથા તવ વિભુતિરભુજ્જિનેન્દ્ર'
ધર્મોપદેશનવિધૌ ન તથા પરસ્ય!
યાદક્પ્રભા દિનકૃતઃ પ્રહતાંધકારા,
તાદક્કુતો ગ્રહગણસ્ય વિકાશિનોઽપિ ॥ ૩૩ ॥

**અર્થ** :—હે જિનેન્દ્ર ! ઉપર્યુક્ત પ્રકારની વિભુતિઓ ધર્મોપદેશ કરતી વખતે આપને જે પ્રકારે થઈ તેવી બીજા દેવોની થઈ નથી. અંધકારનો નાશ કરનાર સૂર્યની જેવી પ્રભા હોય છે. તેવી પ્રભા પ્રકાશિત થયેલા ગ્રહોના સમુદાયની પણ કયાંથી હોય ?

**ऋद्धि : ॐ ह्रीँ अर्हं नमो ब्वोसहिपत्त णं ॥**

**मंत्र : ॐ नमो भगवती अप्रतिचक्रे ह्रीँ ठः ठः ठः स्वाहा**

આ તેત્રીસમા કાવ્ય–મંત્રથી ૨૧ અથવા ૧૦૮ વાર પાણી મંત્રીને આપણા મુખે છાંટવું, જેથી શત્રુનો ભય દૂર થાય. શત્રુ વશ થાય–વિઘ્ન નડે નહિ.

### શ્લોક ૩૨–૩૩ નો પ્રભાવ બતાવનારી કથા.

માળવા દેશનો રાજા જયસેન બહુજ પરાક્રમી અને ધર્મિષ્ઠ હતો. પત્ની મદનસુંદરી બહુજ કુરૂપી અને બેડોળ હતી, છતાં રાજાને તેના ઉપર બહુજ પ્રેમ હતો. તેથી રાજા રાણીના રોગને મટાડવા બહુ બહુ ઉપચાર કરતો હતો. અનેક તંત્ર–મંત્ર–જાણનારાઓને તથા વૈદ્યોને પણ પુષ્કળ દ્રવ્ય આપતો હતો; છતાં રાણીના શરીરમાં કાંઇ ફેર પડતો નહી.

એક વખત રાજાને ખબર મળ્યા કે કોઈ ધર્મસેન નામના મહાન જૈન આચાર્ય તેમની નગરીમાં આવ્યા છે. તેઓ બહુજ પ્રભાવિક પુરુષ છે. રાજા પણ આ સાંભળીને રાણી સહિત તેમને ઉપાશ્રાયે વંદન કરવા ગયો, અને તેમનો ધર્મોપદેશ તેને એટલો બધો ગમ્યો કે નિરંતર તે વ્યાખ્યાનમાં જવા લાગ્યો.

એક દિવસ લાગ જોઈને રાજાએ ધર્મસેન આચાર્યને રાણીના રોગનો ઉપાય પૂછ્યો, ત્યારે આચાર્યે 'પૂર્વકર્મનું એ ફળ હોય છે.' એમ કહીને વિશેષ જવાબ ન આપ્યો. પરંતુ જ્યારે રાજાએ ખૂબ ખૂબ વિનંતી કરી કહ્યું કે 'હે પૂજ્ય ! જો રાણીને આરામ થશે તો આપ કહેશો તે કરીશ, ત્યારે આચાર્યે લાભનું કારણ જાણીને એક ચાંદીના પતરા ઉપર ભક્તામાર સ્તોત્રના ૩૨ ને ૩૩ શ્લોકોને મંત્રાક્ષરપૂર્વક લખાવી નિંરતર તેનું આરાધન કરવા કહ્યું. વળી નિર્મળ પાણીથી પતરાને ધોઈને તે પાણી અડધું રાણીને શરીરે ચોપડવા અને અડધું રાણીને પીવરાવવા કહ્યું.

આવી રીતે રાજાએ વિધિસર ૧૦૮ દિવસ કર્યું, તો રાણીનું શરીર સુંદર સ્વરૂપવાન બની ગયું. આથી રાજા બહુજ ખુશ થયો,અને પોતે જૈન ધર્મ અંગીકાર કર્યોએટલુંજ નહી પણ આખા નગરમાં જૈનોનો વેરો સદાને માટે માફ કર્યો.

ધન્ય છે એવા મહામુનિને.

ઋચ્યોતન્મદાવિલવિલોલ કપોલમૂલ,
મત્ત ભ્રમદ્ભ્રમરનાદ વિવૃદ્ધકોપમ્;
ઐરાવતાભમિભમુદ્ધતમાપતન્તં,
દૃષ્ટ્વા ભયં ભવતિનો ભવદાશ્રિતાનામ્. ॥૩૪॥

**અર્થ:**—ઝરતા મદથી વિલિપ્ત, ચંચળ ગંડસ્થળથી મદોન્મત્ત. તથા અહીં તહીં ભમતા ભમરઓના શબ્દોએ કરીને વધ્યો છે જેને ક્રોધ તેવા ઐરાવત જેવા સામે આવતા હાથીને દેખીને તમારા આશ્રિત જનો ભય પામતા નથી.

**ऋद्धि : ॐ ह्रीँ अर्हं नमो मयबलीणं ॥**
**मंत्र : ॐ नमो भगवते अष्टमहानाग कुलोच्चाटिनी, काल-दष्ट्रमृतकोत्थापिनी परमंत्र प्रणाशिनी देवी शासन देवते ह्रीं नमो नमः स्वाहा ॥**

આ ચોત્રીસમા કાવ્ય-મંત્ર તથા ઋદ્ધિ મંત્રને સિદ્ધ કર્યા બાદ. જો દરરોજ ૧૦૮ વાર ગણવામાં આવે તો ક્યારે પણ કોઈની વિદ્યા આપણી ઉપર અસર ન કરે તેમ હાથી. સિંહ, વાઘ, ચિત્તા જેવા પ્રાણી સ્થંભિત કરી શકાય છે.

ભિન્નેભકુંભગલદુજ્જવલશોણિતાક્ત-
મુક્તાફલપ્રકર ભૂષિત ભૂમિભાગઃ;
બદ્ધ ક્રમઃ ક્રમગતં હરિણાધિપોઽપિ,
નાક્રામતિ ક્રમયુગાચલ સંશ્રિતં તે. ॥૩૫॥

અર્થ:—હાથીઓના ભેદેલા કુંભસ્થળથી પડતાં શ્વેત અને લોહીથી લિપ્ત થયેલાં મોતીના સમૂહથી વિભૂષિત કરી છે પૃથ્વી જેણે, તેવા અને જેણે મરવાનો સંકલ્પ કર્યો છે, તેવા સિંહની ફાળમાં આવી પડેલા જનો આપના ચરણ કમલરૂપ પર્વતના આશ્રયથી મરતા નથી.

**ऋद्धि : ॐ ह्रीँ अर्हं नमो वयणबलीणं**

**मंत्र : ॐ नमो एषु वृत्तेषु वर्द्धमान तव भयहर वृत्ति वर्णायेषु मंत्राः पुनः पुनः स्मर्त्तव्याः अतो ना परमंत्र निवेदनाय नमः स्वाहा ॥**

આ કાવ્ય મંત્ર જપવાથી હેડકી દૂર થાય. વધુ રહસ્ય ગુરૂ ગમથી જાણી શકાય તેમ છે.

---

## શ્લોક ૩૪-૩૫ નો પ્રભાવ બતાવનારી કથા

નન્દન વન જેવી સૌંદર્યતાને ધારણ કરતો ગંગા નદીના કિનારાનો રમ્ય પ્રદેશ શોભી રહ્યો છે. ત્યાં પાંતલ પુરનું નાનું રાજ્ય આવેલું છે. ત્યાંનો ભીમસેન રાજા બહુજ દયાળુ અને પ્રજાને સુખ આપનાર હતો. પ્રજા પણ રાજા તરફ બહુ પ્રેમ-રાખતી હતી. કુદરતની આટલી બધી બક્ષીસ હોવાથી રાજાને વૈભવ ઘણો હતો, છતાં તેના શરીરમાં એક પ્રકારનો દાહજવર [બાગતરીયો તાવ] ઉત્પન્ન થવાથી તે બહુજ પીડા પામતો હતો. તેથી રાજ્યનો વૈભવ પણ તેને કંટાળારૂપ થઈ પડયો હતો.

ઘણા ઘણા વૈદ્ય–હકીમોએ તેના ઉપાયો કર્યા પણ કોઈ રાજાનો તાવ મટાડી શક્યું નહિ. ત્યારે રાજા પણ ખૂબ અકળાયો અને મરવા તૈયાર થયો.

ઘણા ઘણા સારા માણસોએ તેને સમજાવ્યો પણ રાજાએ તો પોતાની હઠ છોડી નહી. ત્યારે ગામને પાદર એક મોટી ચિતા તૈયાર કરાવી, ત્યાં રાજા પણ આવી પહોંચ્યો.

ભડભડ અગ્નિ સળગે છે, તેમાં રાજા જ્યાં અંદર કુદી પડવાની તૈયારી કરે છે, તેવામાં ઘણે દુરથી વિહાર કરી આવતા કોઈ જૈન મુનિરાજ ત્યાં આવી પહોંચ્યા. અને કહેવા લાગ્યા, "હે રાજન્ ! એવી રીતે આપઘાત કરી મરવાથી બીજા અનેક ભવો પણ દુઃખમાંજ ભોગવવા પડે છે માટે આવું અકાર્ય કરવું તે યોગ્ય નથી." જેમ મંત્રની અસર ઝેર ઉપર થાય તેમ મુનિના પવિત્ર વચનોની અસર રાજા ઉપર થઈ અને રાજા થંભી ગયો.

બીજા માણસો પણ આ મુનિરાજની પ્રભા જોઈ અંજાઈ ગયા અને રાજા તો બાલકની માફક મુનિના ચરણમાં પડી અત્યંત વેદનાથી રોવા લાગ્યો. મુનિએ પણ લાભનું કારણ જાણી રાજાને આ ભક્તામર સ્તોત્રના૩૪–૩૫એબે શ્લોકો વડે મંત્રેલું જળ છાંટયું તેથી રાજાને કંઈક શાંતિ થઇ. પછી આનંદ પૂર્વક રાજા–મુનિરાજ તથા બધા માણસો ગામમાં પાછા આવ્યા. અને મુનિના ઉપાશ્રયે ગયા. મુનિએ ફરીથી વળી રાજાને એ મંત્રેલું જળ છાંટયું તો તેનાથી હતું તે કરતાં પણ વિશેષ શાંતિ થઈ. મુનિએ રાજાને દિવસમાં ત્રણ વખત

ઉપાશ્રયે આવવાનું કહી, તેના મહેલે પાછો મોકલ્યો.રાજા પણ નિરંતર દિવસમાં ત્રણ વખત ઉપાશ્રયે આવવા લાગ્યો. અને ત્રણ દિવસમાં બરાબર મંત્રેલું પાણી છાંટવાથી રાજાનો તાવ નાશ પામ્યો. આથી રાજાએ બાર વ્રત અંગીકાર કરી ખરો જૈન થયો અને અનેક માણસોને જૈન ધર્મી બનાવ્યા.

એક દિવસ રાજા પોતાની અગાશીમાં શાંત ચિત્તે બેઠો છે. સામે સુવર્ણ સંધ્યા પુર બહારમાં ખીલી રહી છે. પણ થોડીવારમાં તો એ ખીલેલી સંધ્યાનો અંત આવ્યો. અને ચારે તરફ અંધકાર ફેલાઈ ગયો. આથી રાજાને વૈરાગ્ય થયો કે ખરેખર, આ જીવન પણ આ નાશવંત સંધ્યાના રંગ સરખું છે, તો પછી શા માટે તેનો ખરો ઉપયોગ ન કરી લેવો ? એમ વિચારી રાજ્ય પોતાના પુત્રને સોંપી પોતે ચારિત્ર અંગીકાર કર્યું. ( દીક્ષા લીધી. ) ધન્ય છે એ ભીમસેન રાજાને કે જેણે પોતાનું જીવન પવિત્ર કર્યું.

અગ્નિ શાંત થાય છે.

કલ્પાંત કાલપવનોદ્ધતવહ્નિકલ્પં,
દાવાનલં જ્વલિતમુજ્જ્વલમુત્સ્ફુલિંગમ્,
વિશ્વં જિઘત્સુમિવ સંમુખમાપતંતં,
ત્વન્નામકીર્તનજલં શમયત્યશેષમ્ . ॥૩૬॥

**અર્થ:**—પ્રલય કાળના પવનના જોરથી ઉંચા તણખા ઉડી રહ્યા છે તેવો, અને જગતનું ભક્ષણ કરવાની ઇચ્છાવાળો

દાવાનળ સન્મુખ આવતાં તમારા નામ-કીર્તનરૂપ જળ તેને સંપૂર્ણ રીતે શમાવે છે.

**ऋद्धि : ओँ ह्रीँ नमो कायबलीणं**
**मंत्र : ओँ ह्रीँ श्रीँ क्लीँ ह्राँ ह्रीँ अग्नि उपशमनं कुरु कुरु स्वाहा ॥**

આ છત્રીસમા કાવ્ય-મંત્રને આરાધીને પાણીને ૧૦૮ વાર અભિમંત્રિત કરીને બળતાં ઘરમાં છાંટો તો અગ્નિ શાંત થાય અને કાળીચૌદશના દિને ઘરની ચારે તરફ કાળી દોરીને અભિમંત્રિત કરી લગાવી દો તો અગ્નિ ( આગ ) ક્યારે લાગે નહિં.

## શ્લોક ૩૬ નો પ્રભાવ બતાવનારી કથા.

વસંતપુર નામના નગરમાં જિનદાસ નામે કોઈ એક વ્યાપારી રહેતો હતો. પહેલાં તો તે બહુજ પૈસાદાર અને પ્રતિષ્ઠિત માણસ ગણાતો હતો. પરંતુ કોઈ પૂર્વે કર્મના યોગે ધીમે ધીમે તેનો પૈસો ઓછો થવાથી તે ગરીબ અવસ્થામાં આવી ગયો. 'વસુ વિના નર પશુ' એ ન્યાયે સગા સંબંધીઓ પણ ધીમે ધીમે તેનો સંબંધ છોડવા લાગ્યા.

આવી સ્થિતિમાં દેશમાં રહેવું તેના કરતાં પરદેશમાં જઈને કાંઈક ઉદ્યમ કરી ધન મેળવવું એવો વિચાર કરી પોતાની પાસે જે કાંઈ થોડું ઘણું સાધન હતું, તે લઈને જિનદાસ પરદેશ જવા નીકળ્યો.

અનેક ગામોમાં ફરતો ફરતો તે આબુ પર્વત પાસે આવી પહોંચ્યો. ત્યાં પર્વતોના શાંત વાતાવરણમાં કોઈ નાની ગુફામાં એક મુનિને તપ કરતા જોયા. જિનદાસનું મન આકર્ષાયું. તે મુનિની પાસે ગયો અને તેમની સેવા-ભક્તિ કરવા લાગ્યો. ઘણા દિવસો એ પ્રમાણે વીતાવતા એક દિવસ કોઈ મોટો ગૃહસ્થ એ મુનિને વંદન કરવા આવ્યો. તેના અંગ ઉપર અનેક પ્રકારના દાગીના શોભી રહ્યા હતા તથા તેના કિંમતી વસ્ત્રો જોઈને જિનદાસને પોતાની પૂર્વ સ્થિતિ સાંભળી આવી. તેની આંખમાંથી, અજાણ્યે આંસુ ટપક્યાં. મુનિએ આ જોયું અને પેલા ગૃહસ્થના ગયા પછી જિનદાસને આંસુ આવવાનું કારણ પૂછયું;ત્યારે તેણે બધી હકીકત કહી દેખાડી. આથી મુનિએ કહ્યું, "ભાઈ! સુખ-દુઃખ એ કર્માધીન છે, તો તેનો હર્ષ-શોક કરવો એ નિરર્થક છે, માટે જે સ્થિતિ આવી પડે તેમાંજ સંતોષ માનવો. છતાં ભક્તામર સ્તોત્રના ૩૭ મા શ્લોકનું હું બતાવું તે પ્રમાણે આરાધન કર તો સુખી થઇશ."

જિનદાસ પણ પૂજ્ય મુનિવરના બતાવ્યા પ્રમાણે નિરંતર આરાધન કરે છે એમ કરતાં કેટલાક મહિનાઓ વીતી ગયા. એક વખત કોઈ વણઝારો પોઠીયા ઉપર માલ ભરીને ત્યાંથી નીકળ્યો. તે વસંતપુર તરફ જતો હોવાથી જિનદાસ પણ મુનિરાજની રજા લઇ તેની સાથે જવા નીકળ્યો. રસ્તામાં એક જંગલમાં થઇને કાફલો પસાર થતો હતો, તેવામાં અંદર અંદર ઝાડોના ઘર્ષણ થવાથી એકાએક દાવાનલ લાગ્યો અને

ચારે તરફ અગ્નિની જ્વાળાઓ પ્રસારવા લાગી, આખા કાફલાની એવી સ્થિતિ આવી પડી કે ન પાછા જવાય કે ન આગળ જવાય. વણઝારો પણ ખૂબ અકળાવા લાગ્યો. તેણે ધાર્યું કે નક્કી આખો કાફલો અગ્નિના ઝપાટામાં આવી જશે. આવી સ્થિતિમાં જિનદાસે વિચાર કર્યો કે આ અગ્નિથી બચી શકાય તેમ તો નથી જ, ત્યારે શા માટે શુભ ભાવમાં ન મરવું? એમ વિચારી તે ભક્તામર–સ્તોત્રના આ 'કલ્પાન્તકાલ' એ શ્લોકનું મુનિ મહારાજે બતાવ્યા પ્રમાણે આરાધન કરવા લાગ્યો.

ખરા દુઃખના સમયમાં ધર્મનું આલંબન એજ એક ઉગરવાનો ઉત્તમ ઉપાય છે. તેમ સાચી શ્રદ્ધાના પ્રભાવથી તુરતજ શાસનદેવ હાજર થયા અને જિનદાસને એક પાણીથી ભરેલો ઘડો આપીને પોતાના સ્થાનકે ચાલ્યા ગયા. જિનદાસ પણ ધ્યાન પૂર્ણ કરી ઘડાના પાણીને છાંટતા તેઓનો આખો કાફલો સહિસલામત જંગલની બહાર નીકળી આવ્યો. જ્યાં જ્યાં ઘડાના પાણીનું એક ટીપું પણ પડે ત્યાં ત્યાં મોટી અગ્નિની જ્વાળાઓ પણ શાંત થઇ જાય.

આ ચમત્કારથી વણઝારો બહુ જ ખુશ થઈ ગયો અને જિનદાસનો ઉપકાર માન્યો; એટલું જ નહિ પણ પોતાના નફાનો અડધો અડધ ભાગ આપવો કરી સદાને માટે તેને પોતાનો ભાગીદાર બનાવ્યો. થોડા વખતમાં તો તે સારો પૈસાદાર થયો અને ધર્મમાં વિશેષ શ્રદ્ધાળુ બન્યો.

જે ભગવંતના વચનોથી સંસારરૂપી દાવાનલ શાંત થાય છે તો પછી આ અગ્નિ શાંત થાય તેમાં શું નવાઈ છે?

તમે જરૂર એવા પ્રભાવિક સ્તોત્રનું આરાધન કરજો.

---

## નાગદમન

રક્તેક્ષણં સમદકોકિલ કંઠનીલં,
ક્રોધોદ્ધતં ફણિનમુત્ફણમાપતંતમ્;
આક્રામતિ ક્રમયુગેન નિરસ્તશંક-,
સ્ત્વનામનાગદમની હૃદિ યસ્ય પુંસઃ ॥૩૭॥

**અર્થ** :—જે પુરૂષના હૃદયમાં તમારા નામરૂપી નાગદમની ઔષધિ ભરેલી છે, તે પુરૂષ શંકા (ભય) રહિત થઈને, લાલ નેત્રવાળા, મદોન્મત્ત કોકિલ પક્ષીના કંઠ જેવા કાળા, ક્રોધે કરીને ઉદ્ધત થયેલા, ઉંચી ફણાવાળા અને ઉતાવળે સામે આવતા સર્પને પોતાના ચરણ યુગલે કરીને ઉલ્લંઘે છે. તેવા સર્પથી ડરતા નથી.

**ऋद्धि** : ओँ ह्रीँ अर्हं नमो क्षीरासवीणं ॥

**मंत्र** : ओँ नमो श्रां श्रीं श्रूं श्रः जलदेव्यापद्महद् निवासिनी पद्मोपरिसंस्थिते सिद्धिं देहिमनोवांछितं कुरु कुरु स्वाहा ॥

આ કાવ્ય-મંત્રથી લક્ષ્મીદેવીની ઉપાસના થાય છે. સ્વયં સિદ્ધ કરીને તે મહાલક્ષ્મીની કૃપા મેળવી શકાય છે.

## શ્લોક ૩૭ નો પ્રભાવ બતાવનારી કથા.

દેવપુર નામનું એક સુંદર શહેર હતું. તેમાં સીરચંદ નામે એક શેઠ રહેતો હતો. તેને સુવ્રતા નામે એક પુત્રી હતી. એક વખત કોઈ વિદ્યાચંદ્ર નામે એક પ્રસિદ્ધ વ્યાપારી તે નગરીમાં આવ્યો. તે બહુ હોંશિયાર અને ચાલાક હતો. તેણે વ્યાપાર કરી સારૂં ધન મેળવ્યું; એટલું જ નહિ પણ ઘણા સારા માણસો સાથે તેને બહુ સારો પરિચય થયો. વ્યાપારના કામને અંગે સીરચંદ શેઠ તો તેની ચાલાકી જોઈ એટલા બધા અંજાઈ ગયા કે તેણે પોતાની પુત્રી પણ એ વિદ્યાચંદ્રને પરણાવી.

વિદ્યાચંદ્ર જ્ઞાતે બ્રાહ્મણ હતો એટલે શૈવ ધર્મ પાળતો હતો. તેના કુટુંબીઓ પણ શૈવ ધર્મ પાળતા હતા, એટલે જ્યારે સુવ્રતા સાસરે ગઈ ત્યારે તેને બહુ જ મુશ્કેલી પડવા લાગી. માતા પિતાના સુંદર સંસ્કારમાં ઉછરેલી સુવ્રતા પોતાના ધર્મમાં એટલી બધી દૃઢ હતી કે સાસુ સસરાની અનેક પજવણી છતાં તે પોતાનો ધર્મ છોડતી નહિ.

એક વખત તેના સાસુ સસરાએ સુવ્રતા ઉપર જૈન ધર્મ પ્રત્યેની દાઝ વાળવા પોતાના પુત્રને એક બીજી વસુમતી નામે બ્રાહ્મણ કન્યા પરણાવી. આથી વિદ્યાચંદ્રનો પ્રેમ પણ સુવ્રતા ઉપરથી ઓછો થયો. તો પણ આ સ્થિતિને સહન કરતી સુવતા ધર્મમાં દૃઢ રહીને પોતાની ધર્મ સાધના કરતી દિવસો વીતાવતી હતી. આથી વસુમતીને બહુ જ અદેખાઇ આવતી અને તેણે વિદ્યાચંદ્રને એકવાર એવો

સમજાવ્યો કે તે સુવ્રતાને મારવા તૈયાર થયો. એક દિવસ તેણે કોઈ ગારૂડીને સાધીને એક ઝેરી સર્પ ઘડામાં ભરાવ્યો. તે ઘડો તેણે સુવ્રતાના ઓરડામાં છાની રીતે મૂકાવ્યો અને પોતે સાંજના સમયે સુવ્રતાને ત્યાં ગયો. ત્યારે સુવ્રતાએ પણ ઘણા દિવસે આવેલા પોતાના પતિને નમ્ર વચનોથી આવકાર આપ્યો અને હર્ષ ઘેલી થઈ ગઈ. થોડીવારે વસુમતી પણ ત્યાં આવી અને સુવ્રતાને હાવભાવપૂર્વક બોલાવવા લાગી. ભોળી સુવ્રતા તો આવા અચાનક આવકારના રહસ્યને સમજી શકી નહિ, પરંતુ કપટી વિદ્યાચંદ્રે સુવ્રતાને હસાવી બોલાવી કહ્યું કે "હે સુવ્રતા! આજે હું તારા માટે એક સુંદર ફૂલહાર લાવ્યો છું, તે આ ઘડામાં છે. માટે તું તેને પહેરીને આનંદ કર."

ભોળી સુવ્રતાએ આવા હર્ષના સમયમાં પણ ભક્તામર સ્તોત્રના આ ૩૭ મા શ્લોકનું ચિંતવન કરી ઘડામાં હાથ નાખ્યો તો ભયંકર ઝેરી સર્પને બદલે સુંદર ફૂલહાર થઈ ગયો. વિદ્યાચંદ્ર તો એવો ચમત્કાર જોઇને આશ્ચર્ય પામ્યો. પરંતુ કપટ ભાવે બોલ્યો કે "તને આ હાર કેટલો બધો સુંદર લાગે છે?" ભોળી સુવ્રતાએ 'આવો હાર તમારા ગળામાં શોભે' એમ કહી જ્યાં પતિના ગળામાં પહેરાવવા જાય છે ત્યાંજ શાસનદેવી પ્રગટ થયા અને એકદમ સુવ્રતાનો હાથ ઝાલી બોલ્યા કે 'હે વિદ્યાચંદ્ર! આ હાર તારા ગળામાં પડતાની સાથે જ તેં આણેલ ઝેરી સર્પના રૂપમાં ફેરવાઈ જાત અને તેના દંશથી તારૂં મરણ નીપજત. પરંતુ તેથી સુવ્રતાને વૈધવ્યનું મોટું સંકટ આવી પડે તે ખાતરજ મેં તેનો

હાથ પકડેલ છે. નહિતર ખરી રીતે તો આવી પવિત્ર સુવ્રતા ઉપર જુલ્મ ગુજારનાર તારા જેવાને તો તેવી જ શિક્ષા થવી જોઇએ. પરંતુ સુવ્રતાના પુન્ય પ્રતાપે જ તને છોડી દઉં છું. ધિક્કાર છે તને કે આવી પવિત્ર સ્ત્રી મળ્યા છતાં તું તેનો તિરસ્કાર કરે છે. ' આટલું બોલી જ્યાં દેવી જવાની તૈયારી કરે છે ત્યાંજ વિદ્યાચંદ્ર અને વસુમતીએ ઉભા થઈ દેવીના ચરણમાં નમસ્કાર કર્યા અને સુવ્રતાની પણ ક્ષમા યાચી જૈન ધર્મ અંગીકાર કર્યો.

સાચી પ્રભુ ભક્તિથી ક્રોધ-માન-માયા અને લોભ જેવા ભયંકર શત્રુઓ જો વશ થાય છે તો પછી આ ભયંકર સર્પ—પુષ્પની માળા બની જાય તેમાં શું આશ્ચર્ય છે ?

તમે જરૂર આ સ્તોત્રનું આરાધન કરવું ચુકશો નહિ.

વલ્ગત્તુરંગ ગજગર્જિતભીમનાદ,
માજૌ બલં બલવતામપિ ભુપતીનામ્ ;
ઉદ્યદ્દિવાકરમયુખ શિખાપવિદ્ધં,
ત્વત્કીર્ત્તનાત્તમ ઇવાશુ ભિદામુપૈતિ ॥૩૮॥

**અર્થ** :—જેમાં યુદ્ધ કરતા ઘોડા અને હાથીઓની ગર્જનાએ કરી ભયંકર શબ્દો થઇ રહ્યા છે, તેવા રણ-સંગ્રામમાં અતિ બળવાન્ રાજાઓની સેના પણ, ઉદય પામેલા સૂર્યનાં કિરણોની શિખાઓએ કરી અંધકારની જેમ તમારા નામ કીર્તનથી નાશ પામે છે.

ऋद्धि : ओं ह्रीँ अर्हं नमो सव्वोपमवाणं ॥
मंत्र : ओँ नमो नमिउण विसहर विस प्रणाशन. रोग-शोक दोषग्रह कप्पदुमच्च जायइ सुहनाम गहण सकल सुहदे ओँ नमः स्वाहा ॥

આ આડત્રીસમા કાવ્ય-મંત્રને અઠ્ઠમ તપથી સિદ્ધ કરીને સંગ્રામમાં જાઓ અને સાત કાંકરી, મૂલમંત્રથી ૧૦૮ વાર મંત્રિત કરીને ચારે દિશામાં નાંખો – (ત્રણ કાંકરી પાસે રાખો) તો સંગ્રામમાં જય જય જય પ્રાપ્ત થશે.

કુંતાગ્રભિન્નગજશોણિતવારિવાહ,
વેગાવતારતરણાતુરયોધભીમે;
યુદ્ધે જયં વિજિતદુર્જયજેય પક્ષા,
સ્ત્વત્પાદપંકજવનાશ્રયિણો લભન્તે ॥૩૯॥

**અર્થ** :—જેઓ આપના ચરણ-કમલરૂપી વનના આશ્રયે રહેલા છે તેઓ, ભાલાની અણીથી ભેદેલા હાથીઓના રૂધિરરૂપ જેવા પ્રવાહમાં પાર ઉતરવાને આતુર થઈ ગયેલા યોદ્ધાઓ વડે ભયાનક થયેલા સંગ્રામમાં પણ નહિ જીતી શકાય તેવા શત્રુના સમુહને જીતનારા થઇને જય પ્રાપ્ત કરે છે.

ऋद्धि : ओँ ह्रीँ अर्हं नमो महुआसवीणं
मंत्र : ओँ नमो चक्रेश्वरीदेवी चक्रधारिणी जिनशासन, सेवाकारिणी, जिनशासन क्षुद्रो पद्रवविनाशिनी धर्म-शांति कुरु कुरु स्वाहा ॥

આ કાવ્ય મંત્ર અને ૩૮ મી ગાથાથી પણ સંગ્રામમાં જય થાય તેમ શાંતિ પ્રાપ્ત થાય છે.

## શ્લોક ૩૮-૩૯ નો પ્રભાવ બતાવનારી કથા.

મિથિલા નગરીનો રાજા રણકેતુ બહુજ વિલાસી અને રાજ્યના કામ પ્રત્યે બેદરકાર હતો. તેને ગૃહવર્મા નામે એક ભાઈ હતો તે બહુજ લાયક દયાળુ અને ધર્મિષ્ઠ હતો. એટલે ઘણું ખરૂં રાજ્યનું કામકાજ તે કરતો હતો. તેથી પ્રજા કંઈક સુખી હતી.

ગૃહવર્માને એક વૃદ્ધ જૈન યતિ ઉપર બહુજ પ્રેમભાવ હતો. નિરંતર દિવસમાં એક વખત તો તેમને ઉપાશ્રયે વંદન કરવા જતો અને તેમની સલાહ પ્રમાણે રાજ્યનું કામકાજ કરતો હતો. આવી રીતે ગૃહવર્મા પોતાની ઇચ્છા પ્રમાણે હુકમ કરી રાજ્ય ચલાવે તે રણકેતુની રાણીને ગમ્યું નહિ. તેથી તેણે કોઈ રીતે ગૃહવર્માને દૂર કરવા પ્રયત્નો કરવા માંડયા.

એક વખત લાગ જોઇને રાજાને રાણીએ સમજાવ્યું કે "તમારા ભાઈ તમને મારીને પોતે રાજા થવા ઇચ્છે છે, અને તે માટે બધી તૈયારી કરી રહ્યા છે, માટે જો ચેતશો નહિ તો પાછળથી પસ્તાવું પડશે." અવિચારી રાજાએ રાણીના વચનોને સાચા માની ગૃહવર્માને એકદમ પોતાના રાજ્યમાંથી કાઢી મૂકયો. સુખ અને દુઃખને સમાન ગણનાર ગૃહવર્મા પણ પોતાના આત્માના કલ્યાણ અર્થે સમય મળ્યો સમજીને નજીકમાં આવેલા એક પર્વતની ગુફામાં રહી ધર્મ ધ્યાન કરવા લાગ્યો.

એક વખત રણકેતુ રાજા કોઇ પડોશના રાજ્ય સાથે તકરાર થવાથી મોટું લશ્કર લઈ તે રાજાને હરાવવા નીકળ્યો. પરંતુ રસ્તામાંજ સાંજ પડવાથી પર્વત પાસેના એક ભાગમાં લશ્કર સહિત પડાવ નાખ્યો. ત્યારે ગુફામાં ધ્યાન ધરતા ગૃહવર્માને લશ્કરના કોઈ માણસે જોયા અને રાજાને જણાવ્યું.

રાજાએ તો જાણે પોતાનો મોટો દુશ્મન ન હોય તેમ તેને મારવા માણસો મોકલ્યા. કોઈ દિવસ નહિ અને આજે ટોળામાં આવતા ઘણા માણસોને જોઇને ગૃહવર્મા ગુફામાંથી બહાર નીકળ્યો ત્યાં તો ચારે તરફથી લશ્કરે તેને ઘેરી લીધો. ત્યારે તરતજ ગૃહવર્મા બધી સ્થિતિ સમજી ગયો અને પોતાને મારવાજ આ યુક્તિ રચાય છે, તે જાણી પોતે ભક્તામર સ્તોત્રના વૃદ્ધ યતિએ બતાવ્યા પ્રમાણે ૩૮-૩૯ આ બે શ્લોકનું સ્મરણ કરવા લાગ્યો.

સાચા પ્રભુના સ્મરણ આગળ શું અશક્ય છે? તરતજ રણકેતુનું આખુ સૈન્ય આંધળુ થઈ ગયું અને ખરી દિશા નહિ સુઝવાથી ચારે તરફ ભટકાવા લાગ્યું. રાજા રણકેતુ તો આ ચમત્કારથી નવાઈ પામ્યો અને તેને ખરી બુદ્ધિ સુઝી કે મારો ભાઈ એ કોઈ સામાન્ય મનુષ્ય નથી પણ મહાન ચમત્કારી પુરુષ છે, તો પછી આવા ગુણવાન માણસને મેં શિક્ષા કરી એ વ્યાજબી કર્યું નથી. એમ વિચારી ગૃહવર્માની પાસે જઈ તેની ક્ષમા યાચી. એટલું જ નહિ પણ સાચો પશ્ચાતાપ થવાથી તેણે પોતાનો મુગટ ગૃહવર્માને માથે મૂકી રાજ્ય તેને સોંપ્યું. અને પોતે વૈરાગ્ય થવાથી ચારિત્ર અંગીકાર કર્યું. ગૃહવર્માએ પણ બીજા રાજાઓને જીતી પોતાનું રાજ્ય નીતિથી ચલાવ્યું.

જે પ્રભુના સ્મરણથી આ સંસારનો પણ પાર પામી મોક્ષ મેળવાય છે. તો પછી આવા ભયંકર સંગ્રામનો પાર પામી રાજ્ય પ્રાપ્ત કરાય તેમાં શી નવાઈ છે ?
એવો નિયમ લઈ અનુભવ તો કરી જોજો. તેનાથી તમે કાંઈક નવીન પ્રેરણા મેળવી શકશો.

---

અંભોનિધૌ ક્ષુભિતભીષણ નક્રચક્ર,
પાઠીનપીઠભયદોલ્બણવાડવાગ્નૌ;
રંગત્તરંગશિખર સ્થિતયાન પાત્રા,
સ્ત્રાસં વિહાય ભવતઃ સ્મરણાદ્ વ્રજન્તિ ॥૪૦॥

**અર્થ**:—જેના વિષે ભયંકર નક્ર–ચક્રાદિ મગરમચ્છ ઉછળી રહ્યા છે અને પાઠીન અને પીઠ નામના મત્સ્યથી ભયને ઉત્પન્ન કરનારો પ્રબળ વાડવાગ્નિ પ્રજ્વલિત થઈ રહ્યો છે. તેવા સમુદ્રમાં ઉછળતા મોજાંના શિખર પર રહેલા વહાણુવાળા પુરૂષો પણ તમારૂં સ્મરણ કરીને ભયનો ત્યાગ કરી સમુદ્રપાર જાય છે.

**ऋद्धि : ॐ ह्रीँ अर्हं नमो अमीआसवीणं ॥**

**मंत्र : ॐ नमो रावणाय बिभीषणाय कुंभकरणाय लंकाधिपतये महाबल पराक्रमाय मनश्चिंतितं कार्यं कुरु कुरु स्वाहा ॥**

આ ચાલીસમાં કાવ્ય–મંત્રને અઠ્ઠમ તપથી આરાધીને દરરોજ ૧૦૮ વાર ગણે તો ક્યારે પણ જલ ડુબાડી ન શકે !

## શ્લોક ૪૦ નો પ્રભાવ બતાવનારી કથા.

તીરપુર બંદરનો પ્રખ્યાત વ્યાપારી વિજયશેઠ ધર્મમાં એટલો બધો ચુસ્ત હતો કે નિરંતર પ્રભાતે વહેલો ઉઠી ન્હાઇ-ધોઈ પવિત્ર થઇ શુદ્ધ રીતે ભક્તામર સ્તોત્રનું ૨૧ વાર એક ચિત્તે સ્મરણ કરતો. ન હતું તેને મંત્રનું જ્ઞાન કે ન હતું વિધિ-વિધાનનું જ્ઞાન. પણ તેનામાં હતી શુદ્ધ શ્રદ્ધા ને સાચી ભક્તિ.

હજારો ને લાખો રૂપિયાની મિલ્કતના તેના વહાણો હંમેશાં દરિયામાં ફરતાજ રહેતા. દૂર-દૂરના દેશ દેશમાં તેની પેઢીઓ ચાલતી હતી. અજાણ્યા પ્રદેશમાં પણ તેની હુંડી સ્વીકારવામાં આવતી. એટલી તો તેની શાખ હતી.

એકવાર પુષ્કળ કિંમતી માલ પોતાના વહાણોમાં ભરી વિજયશેઠ સિંહલદ્વીપમાંથી આવતા હતા. વહાણો સડસડાટ પાણી કાપતા આગળ વધતા હતા. પવન પણ અનુકૂળ હતો, ત્યાં એકાએક બધા વહાણો થંભી ગયા.

ખારવાઓએ શેઠને કહ્યું કે “ અહીં દેવીનું સ્થાનક છે, તેથી વહાણ થંભી ગયા છે. જો દેવીને ભોગ આપો તોજ વહાણ આગળ ચાલે તેમ છે'! શેઠ ચુસ્ત જૈન હતા એટલે નિર્દોષ પ્રાણીનો વધ કરી દેવી આગળ ચડાવે એ તો કેમજ બને ? ખારવાઓ ભોગ આપવા તૈયાર થયા પણ શેઠે ના પાડી અને પોતે ત્રણ દિવસ સુધી ત્યંજ વહાણો રાખી અઠ્ઠમની તપશ્ચર્યા કરી ત્યારે પેલી હિંસક દેવીની શક્તિ ઢીલી પડી અને પોતે પ્રગટ થઇ કહેવા લાગી કે ‘ હે શેઠ ! હું તમારી ઉપરપ્રસન્ન થઇ છું માટે જે જોઈએ તે માંગો ! ’ શેઠ તો એકાએક આવા ચમત્કારથી નવાઈ પામ્યા અને

બોલ્યા કે "હે દેવી! જો આપ ખરેખર જ પ્રસન્ન થઇ અને આપવાજ ઇચ્છતા હો તો મારે ધન દોલત જોઈતાં નથી પણ હું એટલું જ માગું છું કે આપ આ નિર્દોષ પ્રાણીઓની હિંસા છોડી દો અને અહિંસા ધર્મનું પાલન કરો. દેવી આ સાંભળી બહુ ખુશ થઈ અને ત્યારથી સદાને માટે હિંસા છોડી દેવાની કબુલાત આપી, એટલું જ નહિ પણ જયારે જયારે જરૂર પડે ત્યારે **'અંભો નિંધો'** એ ગાથાના સ્મરણ કરવાથી પોતે હાજર થશે એમ જણાવી પોતાને સ્થાને ચાલી ગઈ.

વહાણો પણ પ્રથમની માફકજ આગળ ચાલવા લાગ્યાં. અને વિજયશેઠ શાન્તિ પૂર્વક પોતાના નગરમાં પહોંચી ગયા. પણ જયારે રસ્તામાં બનેલી વાત લોકોએ સાંભળી ત્યારે તો જૈન ધર્મનો મહિમા ઘણો જ વધ્યો.

જે પ્રભુના સ્મરણથી અનેક મિથ્યાત્વી દેવો પણ સમકિતી બને છે, તો પછી આ દેવી જૈનધર્મ પ્રત્યે અનુરાગવાળી થાય તેમાં શું આશ્ચર્ય છે?

તમે પણ સ્મરણ કરવાનું શરૂ કરશો કે તરત જ તમારામાં અજબ ફેરફાર તમને માલમ પડશે એવો મહાન ચમત્કાર આ સ્તોત્રમાં છે.

જલોદરાદિક વિનાશક.

**ઉદ્ભૂત ભીષણ જલોદર ભારભુગ્નાઃ ;**
**શોચ્યાં દશામુપગતાશ્ચ્યુતજીવિતાશાઃ ;**
**ત્વત્પાદ પંકજ રજોઽમૃતદિગ્ધદેહા,**
**મર્ત્યા ભવન્તિ મકરધ્વજતુલ્યરૂપાઃ ॥૪૧॥**

**અર્થ** :—જેઓ ઉત્પન્ન થયેલા ભયંકર જલોદરના રોગના ભારે કરીને વળી ગયેલા છે અને શોચનીય દશાને પ્રાપ્ત થવાથી જીવવાની આશા છોડી બેઠા છે. એવા મનુષ્ય આપના ચરણુ કમળના રજ રૂપી અમૃતથી પોતાનું શરીર લિપ્ત કરવાથી કામદેવ સરખા રૂપવાન થયા છે.

**ऋद्धि : ॐ ह्रीँ अर्हं नमो अक्षीण महाणसीणं ॥**

**मंत्र : ॐ नमो भगवति क्षुद्रोपद्रवशांतिकारिणी रोगकष्ट ज्वरोपशमनं शांतिं कुरु कुरु स्वाहा ॥**

આ એકતાલીસમા કાવ્ય-મંત્રને દરરોજ વિધિપૂર્વક આરાધનાર આરાધકને વાત્ત-પિત્ત કફ, જલોદર. આદિ રોગ પરેશાન કરી શકતા નથી, અર્થાત્ પ્રવેશી શકતા નથી

## શ્લોક ૪૧ નો પ્રભાવ બતાવનારી કથા.

કૌશાંબી નગરીના રાજા જયશેખરને વિમળા નામે એક રાણી હતી. તે બહુ ગુણવાન અને સતી હતી. તેને વિજયસિંહ નામે એક પુત્ર હતો. તે બહુજ બુદ્ધિમાન અને હોંશીયાર હતો. પરંતુ તે યોગ્ય ઉંમરનો થાય ત્યાર પહેલાં તો તેની માતા સ્વર્ગવાસી થઈ અને રાજા કમળા નામે બીજી સ્ત્રી પરણ્યો. સમય જતાં કમળાને પણ એક પુત્ર થયો. અને જેમ જેમ મોટો થવા લાગ્યો તેમ તેમ કમળાને ચિંતા થવા લાગી કે જ્યાં સુધી વિજયસિંહ પાટવી કુંવર તરીકે હયાત હોય ત્યાં સુધી મારા પુત્રને રાજ્ય મળશે નહિ; કારણકે મારા પુત્ર કરતાં વિજયસિંહ હોશિયાર અને બુદ્ધિમાન છે. વળી રાજાને પણ તેના ઉપર સારો પ્રેમ છે એટલે રાજા

થવાનો મારા પુત્રને તો કોઈ દિવસ સમય આવવાનો જ નથી, પણ હું જો યુક્તિ કરી વિજયસિંહને પુરો કરૂં તો મારા પુત્રનું ભાગ્ય ખીલે અને રાજ્યમાં મારૂં પણ માન વધે. પરંતુ જો એમને એમ મારી નાખવામાં આવે તો કદાચ વાત ઉઘાડી પડી જાય અને તેથી બધી બાજી બગડી જાય. એટલે કોઈ એવો ઉપાય કરવો જોઈએ કે તે તેનાજ રોગે મરણ પામે.

એક વખત જયશેખર રાજા દેશો જીતવાને બહાર ગયેલ છે તે વખતે રાણીએ ધીમે ધીમે વિજયસિંહ તરફ પ્રેમભાવ દર્શાવી ખોરાકમાં એવી ઔષધિ ખવડાવી કે વિજય-સિંહને અનેક રોગો ઉત્પન્ન થયા. તેમાં ખાસ કરીને જલો-દરનો મહાવ્યાધિ ઉત્પન્ન થયો. અને તે બહુજ દુઃખી થવા લાગ્યો. તેને માલમ પડયું કે આ બધા કામ સાવકી માતા-નાજ છે. તેથી જો હું અહી રહીશ તો હજુ પણ મને બીજા અનેક દુઃખો આપવામાં બાકી રાખશે નહિ. માટે મારે આ કરતાં પરદેશમાં ચાલ્યા જવું જોઈએ.

દુઃખ અને રોગથી કંટાળેલો રાજકુમાર વિજયસિંહ ફરતો ફરતો હસ્તિનાપુર આવી પહોંચ્યો અને ત્યાંજ ગામ બહાર આવેલી એક ધર્મશાળામાં રહેવા લાગ્યો. દુઃખનો પણ અંત હોય છે તેમ ઘણા દિવસે કોઈ જૈન મુનિ ફરતા ફરતા એજ ધર્મશાળામાં આવી પહોંચ્યા. ત્યારે રાજકુમાર વિજયસિંહ તેમની પાસે ગયો અને પોતાના જલોદરના રોગથી અત્યંત પીડા પામતો તે કહેવા લાગ્યો કે "હે પરમ ઉપકારી મહાપુરૂષ ! હું આ દુઃખથી બહુજ કંટાળી

ગયો છું. એટલે આ કરતાં તો મરવું વધારે સારૂં છે. માટે મને કંઈ ધર્મ સંભળાવો તો આવતો ભવ પણ કંઈક સુધરે. આ ભવમાં તો મેં કાંઇ પુણ્યકાર્ય કર્યું નથી.” આટલું બોલતાં બોલતાં તો તે બહુજ દુઃખ પામવા લાગ્યો. ત્યારે મુનિરાજે તેને દિલાસો આપ્યો અને કહ્યું કે ‘કરેલા કર્મ તો રાજા કે રંકને પણ ભોગવવા જ પડે છે. માટે શાંતિ રાખવી અને ફરીથી એવા પાપકર્મો ન થાય તે માટે કાળજી રાખવી. તારે મરવાની કે અકળાવાની કાંઇ જરૂર નથી પણ દુઃખના સમયમાં ઇશ્વર સ્મરણ કરવું. જેથી અંતે સુખ પ્રાપ્ત થાય છે. “ હું તને આ એક શ્લોક આપું છું તેનું તું સ્મરણ કર્યા કરીશ તો સુખી થઇશ”એટલું કહીને મુનિ મહારાજે તેને ભક્તામર સ્તોત્રનો ‘ઉદ્ભૂતભીષણ’ એ શ્લોક શુદ્ધિપૂર્વક શીખવ્યો અને પોતે ત્યાંથી વિહાર કરી ગયા.

રાજકુમાર પણ નિરંતર એ શ્લોકનું શ્રદ્ધાપૂર્વક સ્મરણ કરવા લાગ્યો અને ધીરેધીરે તેનું મન પણ કાંઇક શાંત થવા લાગ્યું. આ પ્રમાણે દિવસો ઉપર દિવસો વીતવા લાગ્યાં

જે વખતે વિજયસિંહ હસ્તિનાપુરમાં રહેતો હતો તે વખતે હસ્તિનાપુરનો રાજા દેવીસિંહ હતો. તેને એક પુત્ર અને ત્રણ પુત્રીઓ હતી. તેમાં સૌથી નાનીનું નામ શીલવતી હતું. એક વખત રાજાએ પોતાની પુત્રીઓને હસતાં હસતાં પૂછયું કે ‘તમારૂં સુખ કોના હાથમાં છે?’ ત્યારે મોટી બહેનોએ કહ્યું કે ‘હે પિતાજી ! અમારૂં ખરૂં સુખ આપનાજ હાથમાં છે. ત્યારે નાની શીલવંતીએ કહ્યું ‘નહિ પિતાજી, ખરૂં સુખ અમારા કર્મને આધિન છે’ ત્યારે રાજાને એટલી રીસ

ચઢી કે તેણે આ શીલવતીને પરણાવવા માટે કોઇ રોગીમાં રોગી માણસને શોધવા માટે માણસો મોકલ્યા. આખા નગરમાં ફરતા ફરતા કેટલાક માણસો ગામને પાદર આવેલી ધર્મ-શાળામાં ગયા અને અત્યંત વેદનાથી પીડા પામતા, જલોદર-વાળા રાજકુમાર વિજયસિંહને તેઓ પકડી લાવ્યા. અને રાજા પાસે હાજર કર્યા. રાજાએ પણ ક્રોધના આવેશમાં શીલવતીને તેની સાથે પરણાવી દીધી. ડાહી શીલવતીએ જરાપણ આનાકાની કર્યા સિવાય રાજકુમારને પતિ તરીકે અંગીકાર કરી તેની સારવાર કરવા લાગી. એકવાર ફરતા ફરતા એ જ મુનિરાજ ત્યાં આવી ચઢયા અને રાજકુમાર વિજયસિંહ તથા શીલવતીએ તેમને વંદન કર્યું, ત્યારે શીલવતી બોલી "હે પવિત્ર મુનિરાજ! આપના દર્શનથી અમે કૃતાર્થ થયા છીએ, પરંતુ જો કૃપા કરી આ રાજકુમારના વ્યાધિને શાંત કરો તો આપનો મહાન્ ઉપકાર માનીશું. આપ જેવા પવિત્ર પુરૂષના વચનથી જો અમે શાંતિ નહિ પામીએ તો પછી કોના શરણે જઇશું?" આવા અત્યંત નમ્ર વચનો સાંભળી મુનિરાજનું હૃદય દયાર્દ્ર બન્યું. અને ભક્તામાર સ્તોત્રના ૪૧ મા શ્લોકનું વિધિપૂર્વકનું વિધાન તેમને બતાવી પોતે બીજે સ્થળે ચાલ્યા ગયા.

બીજે દિવસે ન્હાઈ-ધોઈ પવિત્ર થઈ મુનિરાજે બતાવ્યા પ્રમાણે શીલવતીએ ભક્તામર સ્તોત્રના ૪૧ મા શ્લોકનું આરાધન કર્યું અને તેનાથી મંત્રેલું જળ રાજકુમારને પીવરાવ્યું તો ફક્ત ૧૧ દિવસમાં જલોદરનો મહાન વ્યાધિ નાશ પામ્યો; એટલું જ નહિ પણ પ્રથમના જેવું સુંદર તેજસ્વી સ્વરૂપ રાજકુમારનું બની ગયું.

હસ્તિનાપુરનો રાજા પણ આ કર્માધીન સિદ્ધાંતને સત્ય માની બહુજ માનપૂર્વક રાજકુમારને તથા શીલવતીને પોતાના મહેલે તેડી લાવ્યો, અને તેમને રહેવા માટે દરેક પ્રકારની સગવડ કરી આપી.

આ તરફ ઘણા દિવસે જયશેખર રાજા વિજય પ્રાપ્ત કરી કૌશાંબી નગરીમાં પાછો આવ્યો ત્યારે રાજકુમારના રોગની તથા તેના ચાલ્યા જવાની ખબરથી તે બહુ દુઃખ પામ્યો અને તેણે તપાસ કરવા ચારે તરફ માણસો દોડાવ્યા. ફરતા ફરતા માણસો હસ્તિનાપુર પહોંચ્યા અને રાજકુમારના કુશળ સમાચાર સાંભળી તેને જયશેખર રાજાનો સંદેશો કહીસંભળાવ્યો રાજકુમાર પણ પિતાશ્રીની આતુરતા જાણી શીલવતી સહીત કૌશાંબી ગયો અને હર્ષઘેલા પિતા. પુત્ર ભેટયા આ રીતે અત્યંત દુઃખી અવસ્થામાં આવી પડયા છતાં ફક્ત આ પવિત્ર સ્તોત્રના પ્રતાપે રાજ્ય અને ઋદ્ધિસિદ્ધિ પામ્યા, આવો મહાન્ પ્રભાવ આ સ્તોત્રમાં છે. તેની ખાત્રી કરવી હોય તો એકવાર નિરંતર સ્મરણ કરવા નિયમ લો એટલે તેનો ચમત્કાર તમે તરતજ જોઈ શકશો.

**આપાદકંઠમુરૂશૃંખલવેષ્ટિતાંગા,**
**ગાઢં બૃહન્નિગડકોટિનિઘૃષ્ટજંઘાઃ ,**
**ત્વન્નામમન્ત્રમનિશં મનુજાઃ સ્મરન્તઃ ,**
**સદ્યઃ સ્વયં વિગતબંધભયા ભવન્તિ. ॥૪૨॥**

અર્થઃ-પગથી કંઠ સુધી મોટી મોટી બેડીઓએ કરી શરીર બાંધેલા હોય, તથા અત્યંત મોટી બેડીઓના અગ્ર

ભાગથી જેમની જંઘા ઘસાઇ ગઈ હોય. તેવા મનુષ્યો તમારા નામરૂપી મંત્રનું સ્મરણ કરતાં તત્કાળ પોતાની મેળે બંધનના ભયથી રહિત બની જાય છે.

**ऋद्धि : ऒँ ह्रीँ अर्हं नमो सिद्धादयादमाणं ॥**

**मंत्र : ऒँ नमो ह्रीँ श्रीँ ह्रूँ ह्रूं ह्रैाँः ठः ठः ठः जः जः क्षां क्षीं क्षूं क्षौं क्षः स्वाहा ॥**

આ બેંતાલીસમા કાવ્ય–મંત્રને અઠ્ઠમતપ યા ત્રણ આયંબીલ પૂર્વક આરાધીને આરાધના કરનાર બંદીખાનામાંથી છૂટે–તેમ બીજાને પણ છોડાવી શકે.

## શ્લોક ૪૨ નો પ્રભાવ બતાવનારી કથા.

ઘણા વખતથી દિલ્હીનો બાદશાહ અજમેર જીતવા પ્રયત્ન કરતો હતો. પરંતુ એ શહેરનો કિલ્લો બહુજ મજબુત હોવાથી અને ત્યાંનો રાજા નરપાળ પણ બહુ સાવધ હોવાથી તેમાં તે ફાવી શકતો ન હતો. અજમેરથી થોડે દૂર આવેલા પલાશપુરમાં પણ નરપાળનો પુત્ર **રણધીર** રાજ્ય ચલાવતો. હતો. તે પણ લાગ સાધીને વારંવાર અજમેર ચડી આવતો બાદશાહના લશ્કરને હેરાન કરવા ચૂકતો નહિ. એટલે બાદશાહે ખીજાઈને એકવાર પલાશપુર ઉપર ચઢાઈ કરી અને ત્યાંનો કિલ્લો તોડી રણધીરને કેદ પકડી દિલ્હી લઈ ગયો.

કેદખાનામાં લોઢાની બેડીઓ પહેરાવી રણધીરને બાદશાહ બહુજ દુઃખ આપતો. પરંતુ રણધીર બહુજ ધર્મ સંસ્કારી અને જૈન ધર્મમાં અનુરાગવાળો હોવાથી પોતાના ગુરૂએ

શીખવેલા ભક્તામરસ્તોત્રનું નિરંતર આરાધન કરતો દુઃખના સમયમાં ધર્મ એજ એક આલંબન હોવાથી રણધીર પણ શ્રદ્ધાપૂર્વક ગુરૂએ બતાવ્યા પ્રમાણે સ્તોત્ર પાઠ કરવા લાગ્યો. તેમાં ખાસ કરીને ૪૨ મા શ્લોકનું આરાધન કરવાથી કાચા સુતરના તાંતણાની જેમ બેડીના બધા બંધન તુટી ગયા અને કોઇ પહેરગીરે સહાય કરી હશે એમ સમજીને ફરી તેને સખત બેડીઓના બંધનમાં નાંખ્યો અને દેખરેખ માટે વિશ્વાસુ પહેરગીરોને મૂકયા, આમ થવા પછી પણ ફરીવાર રણધીરે અનન્ય શ્રદ્ધાથી પ્રભુ ભક્તિ કરવા માંડી અને 'આપાદકંઠ મુરૂ' શ્લોકના આરાધનની સાથેજ બેડીના સખત બંધનો તુટી ગયા અને તે બાદશાહ સામે ખડો થયો.

બાદશાહ પણ આ કોઈ ચમત્કારી પુરૂષ છે અને તેને છેડવો એ વ્યાજબી નથી. એમ ધારી તેને સન્માન સહિત છૂટો કર્યો, અને ઉત્તમ વસ્ત્ર આભૂષણ વિગેરે આપી પલાશપુર પાછો મોકલ્યો. પલાશપુરના લોકોએ પણ માન સહિત આવતા રાજાને જોઇ શહેરમાં આનંદોત્સવ ઉજવ્યો અને જયારે તેના પિતાએ આ વાત સાંભળી ત્યારે તો તે બહુજ ખુશ થયો. બાદશાહ પણ ત્યારથી અજમેર ઉપર ચઢાઈ કરવાનું ભૂલી ગયો.

જે પ્રાણીના શુદ્ધ સ્મરણથી અનાદિ કાળના કર્મરૂપી બંધનો તુટી જાય છે, તો પછી આ માત્ર લોઢાની બેડીઓ તુટે તેમાં શું આશ્ચર્ય છે?

આ મહાન્ ચમત્કારિક સ્તોત્રનું સ્મરણ કરવામાં જો તમે આળસ કરશો, તો તમે એક અમૂલ્ય તક ગુમાવી રહ્યા છો, એ ચોક્કસ સમજજો.

મત્તદ્વિપેન્દ્રમૃગરાજદવાનલાહિ,
સંગ્રામ વારિધિ મહોદર બંધનોત્થં;
તસ્યાશુ નાશ મુપયાતિ ભયં ભિયેવ;
યસ્તાવકં સ્તવમિમં મતિમાનધીતે ॥૪૩॥

**અર્થ** :—જે બુદ્ધિમાન માણસ આ ભક્તામર સ્તોત્રને ભણે છે, તેનો મદોન્મત્ત હાથીથી, સિંહથી, અગ્નિથી, સર્પથી, સંગ્રામથી, અને સમુદ્રથી ઉત્પન્ન થયેલો ભય તેમજ કેદથી ઉત્પન્ન થયેલો ભય પણ ઝટ નાશ પામે છે.

ऋद्धि : ॐ ह्रीँ अर्हं नमो वड्ढमाणाणं ॥
मंत्र : ॐ नमो ह्राँ ह्रीँ ह्रूँ ह्रौँ ह्रः यः क्षः श्रीँ ह्रीँ फट् स्वाहा ॥

આ તેંતાલીસમા કાવ્ય-મંત્રને ગુરૂગમના સહવાસથી સિદ્ધ કરીએ તો. સર્વકામની સિદ્ધિ થાય, આશાઓ સફલ નિવડે, પરદેશ જાય તો કુબેર ભંડારીની જેમ પાછો વળે, વૈરીને વશ કરે, કોઈનો તલવાર કે કટારીનો ઘા પણ સ્પર્શી ન શકે. મંત્ર સિદ્ધ કર્યા બાદ દરરોજ સાધનમાં કહ્યા પ્રમાણે વિધિપૂર્વક ૧૦૦૮ વાર મંત્ર આરધવો જરૂરી કહેવાય.

સ્તોત્રસ્રજં તવ જિનેન્દ્ર ગુણૈર્નિબદ્ધાં;
ભક્ત્યા મયા રુચિરવર્ણ વિચિત્ર પુષ્પામ્ ;
ધત્તે જનોય ઇહ કંઠ ગતામજસ્ત્રં ;
તં માનતું ગમવશાસમુપૈતિ લક્ષ્મીઃ ॥૪૪॥

**અર્થ** :— હે જીનેન્દ્ર ! તમારા ગુણરૂપી સૂત્રે કરી ગુંથેલી અને ભક્તિએ કરી યુક્ત તથા મનોહર અક્ષરરૂપ વિચિત્ર પુષ્પોવાળી આ સ્તોત્ર રૂપી માળા જે માણસ હંમેશાં કંઠે ધારણ કરે છે. તે માળાથી ઉન્નત પુરુષને (અથવા આ સ્તોત્રના કર્તા માનતુંગને) અસ્વતંત્ર, લક્ષ્મી રૂપ મોક્ષ નજીક આવે છે.

**ऋद्धि : ॐ ह्रीँ अर्हं नमो भयवं महावीर वड्ढमाणं ह्राँ ह्रीँ ह्रूँः ह्रौँ ह्रः असियाउसा झौँ झौँ स्वाहा,**

**मंत्र : ओँ नमो बंभचेर धारिणस्स अढार सहस्स शीलांगरथ धारीणेभ्यो नमः स्वाहा ॥**

આ ચુમ્માલીસમા કાવ્ય–મંત્રને સિદ્ધ કરીને દરરોજ આરાધવાથી રિદ્ધિ–સિદ્ધિની પ્રાપ્તિ થાય છે, મનની ધારણા પૂર્ણ થાય છે. જે કાર્યની ચાહના કરીને જાપ કરે તે ચાહના પૂર્ણ થાય; લક્ષ્મીની પ્રાપ્તિ થાય, સર્વત્ર જય પામે છે.

તા. ક. શ્રી જસુભાઈ લાલભાઈ તરફથી મંત્રો પ્રાપ્ત થયા છે. તો તેમની સજ્જનતા (ભાવના) પ્રમાણે સૌ કોઈ જીવો ભક્તામર સ્તોત્રની અપૂર્વ ભક્તિ કરી સર્વથા સૌ સુખી બનો ત્રણ દિવસમાં ત્રણ આયંબીલ કરી મૌન અવસ્થા પૂર્વક—**અસિયા ઉસા દજ્ઞાચાતેભ્યો નમઃ** એ મંત્રાક્ષર સવા લાખ જપવામાં આવે ત્યારબાદ આ ભક્તામર સ્તોત્રની ભક્તિ જીવનમાં ધર્મની ક્રાંતિ અનેરી **પ્રાપ્ત થશે.**

---

# શ્રી ભક્તામર મહાપૂજન

૧. બાર નવકાર ગણી મંત્રાક્ષર ગણવા

२. ॐ ह्रीँ श्रीँ नमो अरिहंताणं, सिद्धाणं, सूरीणं, उवज्झायाणं साहूणं मम ऋद्धिं वृद्धिं समीहितं कुरु कुरु स्वाहा ।

३. ॐ ह्रीँ श्रीँ आदिनाथाय नमः मम सर्व सिद्धिं कुरु कुरु स्वाहा—

४. असिया उसा दंज्ञा चातेभ्यो नमः

[ અઠ્ઠમતપ આરાધીને–પૂ. ગુરૂભગવંતની કૃપા મેળવી. આમ્નાય પ્રાપ્ત કરી સિદ્ધ કરી અનેકનું હિત કરવું–ક્યારે પણ કોઇનું અહિત ન થાય તે ધ્યાન રાખવું. ]

### પ્રથમ સ્નાત્ર પૂજા ભણાવ્યા બાદ

### પ્રાર્થના

અર્હન્તો ભગવન્ત ઇન્દ્રમહિતા સિદ્ધાશ્ચ સિદ્ધિસ્થિતાઃ
આચાર્યા જિનશાસનોન્નતિકરાઃ પૂજ્યા ઉપાધ્યાયકાઃ
શ્રી સિદ્ધાન્તસુપાઠકા મુનિવરાઃ રત્નત્રયારાધકાઃ
પંચૈતે પરમેષ્ઠિનઃ પ્રતિદિનં કુર્વન્તુ વો મંગલમ્ ॥૧॥

ત્યાર પછી પાર્શ્વનાથ સ્તોત્ર બોલવું તે આ પ્રમાણે:

### શ્રી ચિન્તામણિ પાર્શ્વનાથ સ્તોત્ર

કિં કર્પૂરમયં સુધારસમયં કિં ચન્દ્રરોચિર્મયં,
કિં લાવણ્યમયં મહામણિમયં કારૂણ્યકેલિમયં;
વિશ્વાનંદમયં મહોદયમયં શોભામયં ચિન્મયં,
શુકલધ્યાનમયં વપુ જિંનપતે ર્ભૂયાદ્ ભવાલંબનમ્. ૧

પાતાલં કલયન્ ધરાં ધવલયન્નાકાશમા પૂરયન,
દિક્ચક્રં ક્રમયન્ સુરાસુરનરશ્રેણીં ચ વિસ્માપયન્;
બ્રહ્માંડં સુખયન્ જલાનિ જલધેઃ ફેનચ્છલાલોલયન,
શ્રી ચિન્તામણિ પાર્શ્વસંભવયશો હંસશ્ચિરં રાજતે. ૨
પુણ્યાનાં વિપણિ સ્તમોદિનમણિઃ કામેભકુંભશ્રૃણિ–,
મોક્ષે નિસ્સરણિઃ સુરેન્દ્રકરિણી જ્યોતિઃ પ્રકાશારણિઃ;
દાન દેવમણિ ર્નતોત્તમ જનશ્રેણિઃ કૃપાસારિણિ–,
વિંશ્વાનંદ સુધા ધૃણિ ર્ભવભિદે શ્રીપાર્શ્વ ચિન્તામણિઃ ૩
શ્રી ચિન્તામણિ પાર્શ્વ વિશ્વજનતા સંજીવનસ્તવં મયા,
દૃષ્ટસ્તાત તતઃ શ્રિયઃ સમભવન્નાશક્રમાચક્રિણમ્;
મુક્તિઃ ક્રીડતિ હસ્તયોર્બહુવિધં સિદ્ધં મનોવાંચ્છિતમ,
દુર્દૈવં દુરિતં ચ દુર્દિનભયં કષ્ટં પ્રણષ્ટં મમ. ૪
યસ્ય પ્રૌઢતમપ્રતાપતપનઃ પ્રોદ્દામધામાઽજગ,–
જ્જંઘાલ કલિકાલ કેલિદલનો મોહાંધવિધ્વંસકઃ,
નિત્યોદ્યોતપદં સમસ્તકમલા કેલિગૃહં રાજતે,
સ શ્રી પાર્શ્વજિનોજને હિતકૃતે ચિંતામણિઃ પાતુ મામ્. ૫
વિશ્વવ્યાપિતમો હિનસ્તિ તરણિ ર્બાલોઽપિ કલ્પાંકુરો,
દારિદ્રાણિ ગજાવલિં હરિશિશુઃ કાષ્ઠાનિ વહ્નેઃ કણઃ,
પિયૂષસ્ય લવોઽપિ રોગનિવહં યદ્વત્ તથા તે વિભો !
મૂર્તિઃ સ્ફુર્તિમતી સતી ત્રિજગતિ કષ્ટાનિ હર્તું ક્ષમા. ૬
શ્રી ચિન્તામણિ મન્ત્રમોંકૃતિયુતં હ્રીંકારસારાશ્રિતં,
શ્રીઅર્હં નમિઊણ પાશકલિતં ત્રૈલોક્યવશ્યાવહ;
દ્વેધાભૂત વિષાપહં વિષહરં શ્રેયઃ પ્રભાવાશ્રયં,
સોલ્લાસં વસહાંક્તિ જિન ફુલિંગાનંદનં દેહિનામ્. ૭

હ્રીં શ્રીંકારવરં નમોઽક્ષરપરં ધ્યાયન્તિ યે યોગિનો,
હૃત્પદ્મે:વિનિવેશ્ય પાર્શ્વમધિપં ચિન્તામણિ સંજ્ઞકમ્;
ભાલે વામભુજે ચ નાભિકરયો ભૂયો ભુજે દક્ષિણે,
પશ્ચાદષ્ટદલેષુ તે શિવપદં દ્વિત્રૈ ભંવૈર્યાન્ત્યહો. ૮

નો રોગા નૈવ શોકા ન કલહકલના નારિમારિપ્રચારો,
નૈવાધિર્ના સમાધિર્ન ચ દરદુરિતે દુષ્ટદારિદ્રતા નો;
નો શાકિન્યો ગ્રહા નો ન હરિકરિગણ–વ્યાલવૈતાલજાલા,
જાયંતે પાર્શ્વચિંતામણિ નતિવશતઃ પ્રાણિનાં ભક્તિભાજામ્. ૯

ગીર્વાણદ્રુમધેનુ કુમ્ભમણયઃ સ્તસ્યાંગણે રંગિણો,
દેવા દાનવમાનવાઃ સવિનયં તસ્મૈ હિતધ્યાયિનઃ;
લક્ષ્મીસ્તસ્ય વશાવશૈવ ગુણિનાં બ્રહ્માંડસંસ્થાયિની,
શ્રી ચિન્તામણિપાર્શ્વનાથમનિશં સંસ્તૌતિ યો ધ્યાયતે. ૧૦

ઇતિજિનપતિપાર્શ્વઃ પાર્શ્વ પાર્શ્વાખ્યયક્ષઃ,
સુદલિત દુરિતૌઘઃ પ્રીણિત પ્રાણિસાર્થઃ;
ત્રિભુવનજનવાંચ્છા દાનચિન્તામણિકઃ,
શિવપદતરૂબીજં બોધિબીજં દદાતુ. ૧૧

નીચેનાં પાંચ પદ ત્રણ વખત બોલવાં અને નમસ્કાર કરવો.
૧ ૐ હ્રીં નમો અરિહંતાણં ૨ ૐ હ્રીં નમો સિદ્ધાણં
૩ ૐ હ્રીં નમો આયરિયાણં ૪ ૐ હ્રીં નમો ઉવજ્ઝાયાણં
૫ ૐ હ્રીં નમો લોએ સવ્વસાહૂણં.

૧ ભૂમિ શુદ્ધિમંત્ર બોલવો તે મંત્રઃ
ૐ હ્રીં વાતકુમારાય વિઘ્નવિનાશકાય મહીં પુતાં કુરુ કુરુ સ્વાહા
આ મંત્ર બોલીને દાભ–દર્ભના ઘાસથી ભૂમિનું પ્રમાર્જન કરવું.

૨ જલ છંટકાવ મંત્ર :

ૐ હ્રીં મેઘકુમારાય ધરાં પ્રક્ષાલય પ્રક્ષાલય હૂં ફુટ્ સ્વાહા

આ મંત્ર બોલી દર્ભ પાણીમાં બોળી ભૂમિ ઉપર છાંટવું.

૩ ચંદન છંટકાવ મંત્ર :

ૐ ભૂરસિ ભૂતધાત્રિ સર્વભૂતહિત ભૂમિશુદ્ધિં કુરુ કુરુ સ્વાહા

આ મંત્ર બોલી ભૂમિ ઉપર ચંદનનાં છાંટણાં કરવાં–ભૂમિ શુદ્ધિ

૪ ચેષ્ટા પૂર્વક સ્નાન મંત્ર :

ૐ નમો વિમલ નિર્મલાગ્ર સર્વતીર્થજલાય પાં વાં જ્વીં ક્ષ્વીં
અશુચિ: શુચિ ર્ભવામિ સ્વાહા

આ મંત્ર બોલી ચેષ્ટા પૂર્વક સ્નાન કરવું.

૫ ભૂજા સ્પર્શ મંત્ર :

ૐ વિદ્યુત્ સ્ફુલિંગે મહાવિદ્યે સર્વ કલ્મષં દહ દહ સ્વાહા

આ મંત્ર બોલી બન્ને ભૂજાઓને સ્પર્શ કરવો.

૬ અક્ષર બોલવા પૂર્વક અંગ રક્ષા મંત્ર :

ક્ષિ પ ૐ સ્વાહા હા સ્વા ૐ પ ક્ષિ ॥ એ મંત્રાક્ષરો

અનુક્રમે ચડુત્તર આરોહિ–અવરોહ ક્રમે નીચેના અવયવો ૧ ઢીંચણ ૨ નાભિ ૩ હૃદય ૪ મુખ ૫ લલાટ–મસ્તક એમ પાંચે સ્થળે સ્થાપી આત્મરક્ષા કરવી. પછી.

## શ્રી વજ્રપંજર સ્તોત્ર બોલવું

ૐ પરમેષ્ઠિનમસ્કારં, સારં નવપદાત્મકં,
આત્મરક્ષાકરં વજ્ર–પંજરાભં સ્મરામ્યહં ॥૧॥
ૐ નમો અરિહંતાણું, શિરસ્કં શિરસિ સ્થિતમ્
ૐ નમો સવ્વસિદ્ધાણું, મુખે મુખપટં વરમ્ ॥૨॥

ૐ નમો આયરિયાણં, અંગરક્ષાતિશાયિની;
ૐ નમો ઉવજ્ઝાયાણં, આયુધં હસ્તયોર્દૃઢં ॥૩॥

ૐ નમો લોએ સવ્વસાહૂણં, મોચકે પાદયો; શુભે,
એસો પંચ નમુક્કારો, શિલાવજ્રમયી તલે ॥૪॥

સવ્વપાવપ્પણાસણો, વપ્રો વજ્રમયો વહિઃ,
મંગલાણં ચ સવ્વેસિં, ખાદિરાંગારખાતિકા ॥૫॥

સ્વાહાંતં ચ પદં જ્ઞેયં, પઢમં હવઈ મંગલં;
વપ્રોપરિ વજ્રમયં; પિધાનં દેહરક્ષણે ॥૬॥

મહાપ્રભાવા રક્ષેયં, ક્ષુદ્રોપદ્રવનાશિની;
પરમેષ્ઠિપદોદ્ભૂતા, કથિતાઃ પૂર્વસૂરિભિઃ ॥૭॥

યશ્ચૈવં કુરુતે રક્ષાં. પરમેષ્ઠિપદૈઃ સદા,
તસ્ય ન સ્યાદ્ભયં વ્યાધિ, રાધિશ્ચાઽપિ કદાચન ॥૮॥

## ક્ષેત્રપાલપૂજન

ૐ અત્રસ્થ ક્ષેત્રપાલાય સ્વાહા

આ મંત્ર બોલી ક્ષેત્રપાલની અનુજ્ઞા કરવી અને મંડળમાં ક્ષેત્રપાલને સ્થાનકે એક નાળીયેર સ્થાપન કરવું અને તેના ઉપર ચમેલીનાં તેલનાં છાંટણાં કરવાં. ફુલ જાસુદનું મુકવું પ્રભુ સ્થાપન મંત્ર વિધિવાળાએ કરી લેવો.

ૐ હૂઁ ક્ષૂઁ કુદ્દ્ર કિરિટિ કિરિટિ ઘાતય ઘાતય પરકૃત–વિઘ્નાન્ સ્ફોટ્ય સ્ફોટય સહસ્રખંડાન્ કુરુ કુરુ પરમુદ્રાં છિન્દ છિન્દ પરમંત્રાન્ ભિન્દ ભિન્દ હૂઁ ક્ષઃ કુદ્દ્ર સ્વાહા । રક્ષા મંત્ર

આ મંત્ર સાત વાર બોલી સરસવ રક્ષા મંત્રવી. મંત્રપૂર્વક રક્ષા પોટલી હાથે બાંધવી.

ॐ નમોઽર્હતે રક્ષ રક્ષ હૂં ફુટ્ સ્વાહા

પરમેશ્વર પરમેષ્ઠિન્, પરમગુરો પરમનાથ પરમાર્હન્ ।
પરમાનન્ત ચતુષ્ટય, પરમાત્મસ્તુભ્યમસ્તુ નમઃ ॥
અહીં કુસુમાંજલીથી પૂજા કરી, નમુત્થુણ બોલવું.

**અધિષ્ઠાયક દેવોના પૂજનનું આહ્‌વાહન કરવું.**

ॐ હ્રીં શ્રીં અર્હં ગૌમુખ ચક્રેશ્વરી મુખદેવાદિ સહિત આદિનાથ પ્રભુ અત્ર અવતર અવતર સંવૌષટ્ । અત્ર તિષ્ઠ તિષ્ઠ ઠઃ ઠઃ । મમ સન્નિહિતો ભવત ભવત વષટ્ । પૂજાં યાવદત્રૈવ સ્થાતવ્યં નમઃ । પરેષામદૃશ્યા ભવત ભવત ફટ્ ઇમાં પૂજા પ્રતિચ્છત પ્રતિચ્છત નમઃ આદિનાથાય સ્વાહા ।

ॐ ह्रीँ गोमुखाय स्वाहा ॥
ॐ ह्रीँ चक्रेश्वर्यै स्वाहा ॥
ॐ ह्रीँ क्षेत्रपालाय स्वाहा ॥
ॐ ह्रीँ अनंतान्त गुरुपादुकाभ्य स्वाहा ॥

તા. કે–અધિષ્ઠાયકદેવનું આહ્‌વાહન કરવું, ૩૨ મી ગાથાએ પ્રભુ પાદુકા, પૂજન લેવું, ૪૪ દીપક અવશ્ય લેવા, અધિષ્ઠાયક પૂજનમાં માંડલામાં સાકર કોળું મૂકવું, ૪૪ અભિષેક અષ્ટપ્રકારી પૂજાથી કરવાના છે–

ઋદ્ધિ--મંત્રની નવકારવાળી ગણવી, મોટી શાંતિ બોલીને શાંતિકળશ, દેવવંદન, આરતિ, મંગલ દીવો કરવો. આદિનાથ પ્રભુના રાયણના પગલા મુજબનું માંડલું બનાવવું.

**સમાપ્ત**

શ્રી પાર્શ્વનાથ ભગવંતનો
અત્યંત ચમત્કારી મંત્રાક્ષરનો કલ્પ–

## શ્રી ચિંતામણી પાર્શ્વનાથ ભગવાનની આરાધનાની વિધિ–

**ओँ ह्रीँ श्रीँ अर्हँ नमिउण पास विसहर वसह जिण–फुलिंग ह्रीँ श्रीँ नमः –**

શુકલ પક્ષમાં શુભ ઘડી, શુભ દીન, શુભ લગ્ન, શ્રેષ્ઠચન્દ્ર પહોંચતો હોય ત્યારે આ વિધાન કરવું–૨૧ દિન આયંબીલનો તપ, બ્રહ્મચર્યપાલન, ભૂમિશયન, મિતભાષણ, શુદ્ધભાવના, ૨૧ દિનમાં [ માલા–આસન વિ. ગુપ્ત ભાવ પૂ૦ ગુરુભગવંત પાસે સમજવો ] સવાલાખ જાપ ઉપરના મંત્રાક્ષરનો કરવો, ઈશાન ખૂણામાં કુંભ સ્થાપી કુંભમાં સોપારી, ચોખા નાંખવા કુંભ ચાંદી અથવા તાંબાનો જોઈએ, ઉપર શ્રીફળ મૂકી, રેશમી લીલો કપડો લપેટી–નાડાછડીથી કુંભનું મોઢું બાંધવું, દશાંગધૂપ ચાલુ [જાપ વેલાએ અવશ્ય] રાખવો, ૨૧ દિન સુધી અખંડ ગાયના ઘીનો દીવો રાખી શ્રી ચિંતામણી પાર્શ્વનાથ ભગવંતની પ્રતિમા યા ચિત્ર સ્થાપન કરી તેની સન્મુખ જાપ કરવા, જાપ કરતાં અગાઉ

અને ૨૧ દિનને અંતે પંચપરમેષ્ઠિ મુદ્રા; સૌભાગ્ય મુદ્રા, ગરુડ મુદ્રા બતાવવી. [મંત્રના અધિષ્ઠાતા શાસનદેવ–દેવીનું આહ્વાન વિસર્જન ભૂલાય નહિં] જાપ પૂર્ણ થયા બાદ ૨૧મા દિનની મધ્યરાત્રિએ △ ત્રીકોણ આકારે નવ ઇંચ ઉંડી, નવ ઇંચ પહોળી વેદિકા બનાવીને આહૂતિ ૧૨૫૦ વખત મંત્રના અંતે **સ્વાહા** શબ્દ ઉમેરીને આપવી– આહૂતિ બાદ મંત્રાક્ષર સિદ્ધ થવાથી દુન્યવી રીદ્ધિ, સિદ્ધિ, ઋદ્ધિનો અપાર ભંડારની સાથે મનની સર્વ શુભ ઇચ્છાઓ પૂર્ણ થાય છે. આહુતિ માટે પૂ૦ ગીતાર્થોની સલાહ લેવી.

## આહુતિની સામગ્રી

(૧) દશાંશધૂપતો–૫
(૨) અગરતો–૫
(૩) તગરતો–૫
(૪) કેશરતો–૧
(૫) સુખડતો–૧૦
(૬) કસ્તુરીતો–૦।
(૭) બદામતો–૫
(૮) પીસ્તાતો–૫
(૯) ચારોળીતો–૫
(૧૦) ખારેકતો–૫
(૧૧) સાકરતો–૧૦
(૧૨) ગોઘૃત શેર–૧।

ચંપેલીના ફૂલો—આ સામગ્રી ભેગી કરીને આહવાન વિગેરે કરી આહૂતિ આપવાથી **મૂળમંત્ર સિદ્ધ થશે** અને જ્યાં જ્યાં ફરશો. વિચરશો ત્યાં **જય જય કાર** થશે.

[ ગુપ્તભેદ પૂ. ગુરૂ ભગવંત પાસેથી જાણી લેવો ].

ॐ ह्रीँ अर्हं नमः એ સિદ્ધચક્ર ભગવંતનો મૂલ મંત્રાક્ષર છે. દીવાળીના દિવસોમાં અથવા શુભચન્દ્ર દિન—નક્ષત્ર બલ જોઈ અટ્ઠમ તપ સહિત સવાર-બપોર સાંજે દરેક વખતે ત્રણે દિવસ ૨૭--૨૭ માલા ગણવી, અખંડ દીવો-ધૂપ, પૂર્વ યા ઉત્તર દિશા સન્મુખ બેસી મંત્રજાપ આરાધવો, બની શકે તો ત્રણ દિવસમાં **૧૨૫૦** માલા ગણવી. વિશેષ સફેદ પાટલા ઉપર મંત્રાક્ષરને પવિત્ર દ્રવ્યોથી આલેખીને સન્મુખ રાખવો તે મંત્રાક્ષરથી મનોકામના સંપૂર્ણ પૂરી થશે. માળા કપડાં સફેદ જ જોઈએ. પાટલાની વિધિ ગુરૂગમથી જાણવી.

શ્રી ભક્તામર સ્તોત્રના રચયિતા

તથા


જગતમાં જિનભક્તિનો મહિમા બતલાવનાર

**પરમપૂજ્ય આચાર્ય દેવ શ્રી માનતુંગ સૂરીશ્વરજી મ. ના ચરણોમાં**

**તથા**

**પરમ ઉપકારી પરમ ગુરૂદેવ પરમપૂજ્ય આચાર્યદેવ શ્રી વિજય યશોભદ્ર સૂરીશ્વરજી મ, ના ચરણોમાં**

**કોટિ કોટિ વંદના**



## માનવતાના વિકાસ માટે કંઈક કરો

૧ પાપ મિત્રોનો સંગ તજો, ધર્મ મિત્રનો સંગ કરો.

૨ પ્રાણીમાત્ર પ્રત્યે પ્રેમ ભાવ મિત્રતા રાખો.

૩ દુશ્મનને પણ મિત્ર બનાવતા શીખો.

૪ થોડામાંથી થોડું બીજાને આપો.

૫ દુઃખીઓના દુઃખ દૂર કરી આશીર્વાદ મેળવો.

૬ ધર્મી બનવા માટે નિર્દયતાને છોડજો.

૭ દુઃખના સમયે ધૈર્ય રાખજો.

૮ માથે મૃત્યુ છે માટે મરણને હસતા મુખે વધાવજો.

૯ પારકી (ભૌતિક) સારામાં સારી ચીજ જોઈને મેળવવાની ઝંખના કરશો નહિં.

૧૦ પરિણામનો વિચા… ાર્ય કરજો.

૧૧ સંસ્કૃતિ આચા… ાટક–વેશભુષાથી દૂર રહેજો

---

**સરલ ગુ… ત તૈયાર છે**

પ્રાપ્તિસ્થાન : જયંતિલાલ કેશવલાલ શેઠ

૨૬૭૫, વસ્તાગેલજીની પોળ, શાહપુર, અમદાવાદ.

---

કવોલીટી પ્રિન્ટરી, શાહપુર બહાઈ સેન્ટર, અમદાવાદ. ટે. નં. ૨૦૦૯૪ (ટાઈટલ)